MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૦૪-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 મહિલા ટી-૨૦ વર્લ્ડકપઃ પ્રથમ સેમિફાઇનલમાં ભારત-ઇંગ્લેન્ડની ટક્કર

4 અમેરિકામાં કોરોના વાયરસનો આતંકઃ છ લોકોના મોતથી ફફડાટ

7 કોલેજની સ્પર્ધા : રમતના મેદાનમાં સંજયે હારીને પણ હિનાનું દિલ જીતી લીધુ

9 નર્મદા જિલ્લાનાં ૭૦ થી વધુ ગામોમાં બોર્ડની પરીક્ષા સુધી લગ્ન નહી રખાયઃ ગ્રામજનોએ સર્વાનુમતે ઠરાવ કરતા હાલ લગ્નો બંધ

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)



સુરતના હોળીના તહેવાર એસટી બસ નિગમ દ્વારા વધારે બસો દોડાવવાની જાહેરાત કરવામાં આવી હતી. દાહોદ, ઝાલોદ, પંચમહાલ, અમદાવાદના પ્રવસીઓ માટે ૪૮૦ એક્સ્ટ્રા જેટલી બસો દોડાવવામાં આવશે. ૫ માર્ચથી લઈ ૮ માર્ચ સુધી મુસાફરો લાભ લઈ શકશે તેમજ ઓનલાઈન ટિકિટ બુક કરી સેવાનો લાભ શરુ કરવામાં આવશે.

હોળી-ધુળેટીના તહેવારો નિમિત્તે

સુરતથી દાહોદ, ઝાલોદ, પંચમહલ જિલ્લા તરફ વધારાની બસો દોડશે

એસટી વિભાગ ૪૮૦ બસોની વ્યવસ્થા કરાઈ

સુરત

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ સૂરત વિભાગ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ હોળીના તહેવારો દરમિયાન સુરત શહેરમાં વસતાં દાહોદ, ઝાલોદ, પંચમહાલ અને અમદાવાદના પ્રવાસીઓ માટે વધારાની એક્સ્ટ્રા બસો ઉપાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષે ૪૦૧ બસો મૂકાઇ હતી, જેને સારો પ્રતિસાદ મળવાથી આ વર્ષે પણ ૪૮૦ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. તા. ૦૫મી માર્ચથી તા.૦૮ માર્ચ દરમિયાન બપોરે ૦૪.૦૦ થી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી સેન્ટ્રલ બસ સ્ટેશન સ્ટેશન સામેના મેદાન પરથી એક્સ્ટ્રા બસો ઉપડશે.

એક્સ્ટ્રા ઉપડનાર બસોનું બુકિંગ તા. ૦૫ થી તા.૦૮ માર્ચ દરમિયાન સેન્ટ્રલ, એસ.ટી બસ સ્ટેશન, અડાજણ બસ સ્ટેશન, કામરેજ બસ સ્ટેન્ડ, સુરત લિનીયર સ્ટેન્ડ તેમજ તમામ બસ સ્ટેશનો ઉપરાંત એસ.ટી. દ્વારા નીમવામાં આવેલા બુકિંગ એજન્ટો, GSRTC ની ઓફિશ્યલ ટિકિટ બુકિંગ મોબાઈલ એપ., અને એસ.ટી. નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી ઓનલાઈન ટિકિટ પણ મળી શકશે. જેમાં સુરતથી અમદાવાદ (બાયપાસ વડોદરા ડાયરેક્ટ અમદાવાદ)નું બસ ભાડું રૂ.૨૨૦, સુરતથી દાહોદના રૂ.૨૩૫, ઝાલોદના રૂ.૨૪૫, ગોધરાના રૂ.૧૯૫, છોટાઉદેપુરના રૂ.૧૯૫ ટિકિટ છે. પોતાના તહેવારો દરમિયાન વતન જવા ઇચ્છતાં અને સુરતમાં રહેતા દાહોદ, ઝાલોદ, પંચમહાલ અને અમદાવાદના વતનીઓએ બસ સુવિધાઓનો બહોળો લાભ લેવા વિભાગીય એસ.ટી. નિયામક, સુરતની યાદીમાં જણાવાયું છે.

સગીર વિદ્યાર્થિની પર સામુહિક દુષ્કર્મ મામલે જયેશ ખોખરીયા સહિત છની ધરપકડ



સુરત

કતારગામ વિસ્તારમાં રહેતી અને ધો-૧૦માં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થીની સ્કુલેથી છુટ્ટીને ઘરે આવતા રસ્તામાં જયેશ ખોખરીયા સહિત ૩ નરાધમોએ કારમાં અપહરણ કરી ખેતરમાં બનાવેલા રૂમમાં ગેંગરેપ કર્યો હતો. સામુહિક દુષ્કર્મમાં મુખ્ય આરોપી જયેશ ઉર્ફે લાલો જાધવ ખોખરીયા સહિત છની પોલીસે ધરપકડ કરી હતી. બાદમાં પોલીસે આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. જયેશ કતારગામ આંબાતલાડીમાં હરીધામ સોસાયટીમાં રહે છે અને એમ્બોઈડરીના કારખાનામાં નોકરી કરે છે. જયેશ ખોખરીયાની સાથે અન્ય બે મિત્રો સામેલ હતા. સાથે જ મદદગારી કરનારા પણ અન્ય ત્રણ હતાં. એમ પોલીસે તમામ છ આરોપીઓને ઝડપી લઈને કોર્ટમાં રિમાન્ડ મેળવીને તપાસ કરી રહી છે. જેમાં તેના બે મિત્રોના નામ, ઉપરાંત કાર કોની હતી તેમજ વિદ્યાર્થિની કોના ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ કર્યો આ તમામ પાસાઓને પોલીસ રિમાન્ડ દરમિયાન તપાસ કરશે. વધુમાં ૨૧ વર્ષીય જયેશ ખોખરીયાના ૧૫ દિવસ પહેલા લગ્ન થયા હતા. ગેંગરેપના ગુનામાં જયેશ ખોખરીયાને પોલીસ પકડી લાવતા વિદ્યાર્થિની પરિવારજનો તેમજ સમાજના લોકો મોડી સાંજે પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા. આરોપી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પોલીસે પરિવાર અને સમાજના લોકોને કાર્યવાહી કરવાની હૈયાધરપત આપતા ત્યાંથી ગયા હતા.

કન્ટેનરમાં ગેયકાયદે તમાકુની હેરાફેરી કરતા ૨ આરોપીની એલસીબીએ ધરપકડ કરી

ભરૂચ

નેશનલ હાઈવે નં-૪૮ ઉપર નબીપુર પાસે કન્ટેનરમાં ગેયકાયદે તમાકુની હેરાફેરી કરતા ૨ આરોપીની એલસીબીએ ધરપકડ કરી છે અને તમાકુ સહિતનો ૨૫ લાખનો મુદ્દામલ કબ્જે કર્યો છે.

ભરૂચ એલસીબીને બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે નં-૪૮ ઉપર નબીપુર પાસે કન્ટેનરમાં ગેરકાયદે તમાકુની હેરાફેરી કરવામાં આવે છે. જેને આધારે પોલીસે નબીપુર પાસે વોચ ગોઠવી હતી અને કન્ટેનરને રસ્તામાં જ રોકી દીધુ હતું અને કન્ટેનરના ડ્રાઈવર અને ક્લિનરની પૂછપરછ કરી હતી. જોકે પૂછપરછ દરમિયાન કોઈ આધારા પૂરાવા ન મળતા પોલીસે તમાકુનો તમામ જથ્થો જપ્ત કરી લીધો હતો. અને બંને વ્યક્તિની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોલી બ્રીજ પર પુરપાટ દોડતી કારમાં આગ લાગી

સુરત

ડભોલી બ્રીજ ઉપર દોડતી સ્કોડા કારમાં અચાનક આગ લાગતા અન્ય વાહન ચાલકોની મદદ લઈ કાર ચાલક નીચે ઉતરી ફાયર વિભાગને જાણ કરી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે પોણા દસ વાગ્યાના સુમારે કલ્પેશ ધર્મેન્દ્ર ગોટી પોતાની સ્કોડા કાર નં.જીજે-૫-સીજી-૬૬૬૨ લઈને ડભોલી બ્રીજ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન અચાનક કારના બોનમાંથી ધુમાડો નીકળતા જોઈ કલ્પેશ ગોટીએ સમય સૂચકતા વાપરી કાર થોભાવી દીધી હતી. કારમાંથી ઉતરીને અન્ય વાહન ચાલકોની મદદથી ફાયર બ્રિગેડને જાણ કરી હતી. શોર્ટ સર્કિટથી લાગેલી આગમાં કારનું બોનેટ અને વાયરિંગને નુકસાન થયું છે. ફાયર સ્ટાફે સમયસર પહોંચી આગને કાબુમાં લઈ કારનો અન્ય ભાગ આગથી બચાવી લેવામાં સફળતા મેળવી હતી.

વસીમ બિલ્લા હત્યા કેસ

બદરી લેસવાલાની આગોતરા જામીન અરજી અંગે સુનાવણી

બન્ને પક્ષોના વકીલોની કોર્ટમાં દલીલ

સુરત

શહેરના ઝાંપાબજાર ખાતે રહેતા વસીમ બિલ્લા હત્યા કેસમાં બદરી લેસવાળાએ પોતાની ધરપકડ થશે તેવી દહેશત સાથે નવસારી કોર્ટમાં એક આગોતરા જામીન રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો પૂરી થતા કોર્ટ આગામી દિવસોમાં બદરીની આગોતરા જામીન પર ઓર્ડર કરશે એવું પીએસઆઈ કીર્તિ પાસે જણાવ્યું હતું. જોકે, બદરીને આગોતરા જામીન ન મળે તે માટે પોલીસે કોર્ટમાં એફીડેવીટ પણ રજૂ કરી છે. આ કેસની વિગતો એવી છે કે, શહેરના ઝાંપાબજાર ખાતે રહેતા વસીમ બિલ્લાની નવસારી વિસ્તારમાં ઘાતકી હત્યા કરવામાં આવી હતી. પોલીસે હત્યા તથા આર્મ્સ એક્ટનો ગુનો દાખલ કરી બદરી લેસવાળાના અંગત વ્યક્તિ મુસ્તાન સહિત અન્ય આરોપીઓની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યા હતા. બદરી લેસવાળા દ્વારા કરવામાં આવેલી આગોતરા જામીન પર સરકાર અને બચાવ પક્ષની દલીલો પૂરી થઈ હતી.

કોસંબા નકલી ચલણીનોટ પ્રકરણ

આરોપી શશીકાંત ભાવસાર પાસેથી વધુ ૮૨ હજારની નકલી નોટો ઝડપાય

ત્રણેય આરોપીઓના તા.૭'મી માર્ચ સુધી પોલીસ રિમાન્ડ

સુરત

કોસંબા ખાતેથી રૂા.૨૫.૪૫ લાખની બોગસ નકલી નોટ પ્રકરણમાં સુરતના બે સહિત ત્રણ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી માંગેલા ૭ દિવસના રિમાન્ડ સામે અદાલતે ૭મી માર્ચ સુધીના રિમાન્ડ પોલીસે મેળવ્યા હોવાનું એસઓજી પીઆઈ એ.પી. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું. જોકે, આ પ્રકરણમાં ભાગતા ફરતા આરોપી શશીકાંત ભાવસાર પાસેથી પોલીસે વધુ ૮૨ હજારની નકલી નોટ કબજે કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કોસંબા પોલીસ મથકમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતા અને કોસંબા હરીજનવાસ ખાતે રહેતા ૫૮ વર્ષીય નારણ ગોમાન સોલંકી નકલી નોટ ના વેપલા સાથે સંકળાયેલો હોવાની માહિતી મળતા રેન્જ આઈજીની સૂચનાથી સબ ઈન્સ્પેક્ટર જી.આર. જાડેજાની આગેવાનીમાં કોસંબામાં છટકુ ગોઠવ્યું હતું. નકલી નોટ સાથે કારમાં આવેલા નારણ અને રાંદેરના બોરભાઠા ખાતે રહેતા ૪૭ વર્ષીય પ્રશાંત ઉર્ફે રાજુ પટેલને ઝડપી પાડી બંને પાસેથી રૂા.૨૦૦૦ તથા ૫૦૦ના દરની ૧૫૭૧ નંગ કબજે કરી હતી. જોકે આ ગુનામાં ફરાર થઈ ગયેલા આરોપી અને રાંદેર જહાંગીરપુરા મધુવન સોસાયટીના શશીકાંત ભાવશંકરને ઝડપી પાડી ૮૨ હજારની નકલી નોટો કબજે કરી ત્રણેયને કોર્ટમાં રજૂ કરી ૭મી માર્ચ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા.

દસ્તાન શાળાના આચાર્યશ્રીની ઈનોવેશન ક્ષેત્રે વિશેષ સિદ્ધિ

સુરત

તા. ૨૬ થી ૨૯ ફેબ્રુ ના રોજ GCERT ગાંધીનગર પ્રેરિત રાજ્યકક્ષાનો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ અમદાવાદના ગોતા સ્થિત DIET ખાતે યોજાયો હતો. જેમાં રાજ્યના જુદા-જુદા જિલ્લાના પસંદ પામેલા શિક્ષકોએ શ્રેષ્ઠ ઈનોવેશન રજૂ કર્યા હતા. જેમાં સુરત જિલ્લામાંથી પલસાણા તાલુકાના દસ્તાન પ્રા.શાળાના આચાર્યશ્રી વિશાલ ખત્રી દ્વારા ?આઈ.સી.ટી. નો શિક્ષણમાં ઉપયોગ અને જુદી જુદી એ.આર. એપ્લીકેશનની મદદથી કોઈ પણ ખર્ચ વગર બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપી શકાય અને ડિજિટલ ભારતના સ્વપ્નને સાકારિત કરતો પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જેનો રાજ્યભરમાંથી ઉપસ્થિત ઈનોવેટર શિક્ષકો લાભ લઈને માર્ગદર્શન મેળવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા વિશાલ ખત્રીને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા.સમાપન કાર્યક્રમમાં શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિહ ચુડાસમા, નિયામક શ્રી ટી.એસ.જોશી સહિતના અધિકારીઓએ આ પ્રોજેક્ટની મુલાકાત લઈ શુભેચ્છા આપી હતી. દસ્તાન ગામ, શાળા પરિવાર અને પલસાણા તાલુકાના શિક્ષણ જગતે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી .

યુવક પર હુમલો કરવાના કેસમાં ટીકટોક સ્ટાર કીર્તી પટેલની ધરપકડ

ઘુવડ સાથે વીડિયો બનાવનાર કીર્તીને વન વિભાગે રૂા.૧૫ હજારનો દંડ કર્યો હતો



સુરત

ટિકટોક સ્ટાર કીર્તિ પટેલને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ટિકટોક સ્ટાર કીર્તિ પટેલની સુરતમાંથી ધરપકડ કરવામાં આવી છે. હાલમાં તેણે ટિકટોક વીડિયો બનાવવા મામલે એક યુવાન ઉપર જીવલેણ હૂમલો કરતા તેની સુરત પોલીસે ધરપકડ કરી છે.

આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, ટિકટોક સ્ટાર કીર્તિ પટેલે કનુ ભરવાડ પર જીવલેણ હુમલો કરવાના કેસમાં તેની ધરપકડ કરાઈ છે. કીર્તિ પટેલે હનુ ભરવાડ નામના શખ્સ સાથે મળી તેણે આ હુમલો કર્યો હોવાની વાત સામે આવી છે. આ મારામારીના કેસમાં સુરતના પુણાગામ પોલીસે કીર્તિની ધરપકડ કરી છે. કીર્તિ પટેલ પર હાલ સુરત પોલીસે કલમ ૩૦૭ના ગુનામાં ધરપકડ કરી છે. કીર્તિ પટેલના એક વિવાદીત વીડિયો અંગે કનુ ભરવાડે રજૂઆત કરી હતી. રજૂઆત સમયે હનુ ભરવાડ સાથે મળી તેણે હુમલો કર્યો હતો. કીર્તિ પટેલને ટિકટોક વીડિયો બનાવવા બાબતે એક યુવક સાથે ઝઘડો થયો હતો. ઝઘડા દરમિયાન કીર્તિએ યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા મામલે પોલીસે તેની ધરપકડ કરી છે.

નોંધનીય છે કે થોડા દિવસ પહેલા જ વન વિભાગે કીર્તિ પટેલને ઘુવડ સાથે વીડિયો બનાવવા બદલ દંડ ફટકાર્યો હતો. ઘુવડ ગુજરાત સરકાર દ્વારા સંરક્ષિત પ્રાણીઓની કેટેગરીમાં આવતું હોવાને વીડિયો વાયરલ થયા બાદ વન વિભાગે ટિકટોક સ્ટારને રૂપિયા ૧૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે વીડિયો ઉતારનાર યુવકને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

અડાજણના ફ્લેટમાં એસીમાં શોર્ટ સર્કીટ બાદ ધડાકો : ત્રણ દાઝી ગયા



દાઝી ગયેલી બાળકી અને દંપતિ હોસ્પિટલમાં દાખલ

સુરત

અડાજણ વિદ્યાકુંજ સ્કૂલ નજીક એપાર્ટમેન્ટના ફ્લેટના એસીમાં શોર્ટ સર્કિટ બાદ ધડાકાભેર આગ ફાટી નીકળી હતી. જેથી એક જ પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતાં. રાત્રે અઢી વાગ્યે બનેલી આ ઘટના બાદ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી જતા આગ કાબૂમાં લેવાઈ હતી. આગમાં દાઝી ગયેલા શાહ પરિવારની માસૂમ દીકરી સહિત માતા-પિતાને તાત્કાલિક ૧૦૮ની મદદથી ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા બચાવી લેવાયા હતા. મોડીરાત્રે લાગેલી આગને લઈ સંકલ્પ એપાર્ટમેન્ટના અન્ય ફલેટ હોલ્ડરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ફાયર ઓફિસર સુથારે જણાવ્યું હતું કે, આગ નો કોલ મળ્યા બાદ તાત્કાલિક ફાયરની ટીમ દોડી ગઇ હતી એપાર્ટમેન્ટના ફલેટના બેડ રૂમ ના એસીમાં લાગેલી આગને કારણે બેડના ગાડલા, લાકડાના બે કબાટ અને પખો પણ બળી ગયો હતો. માત્ર ૧૦ મિનિટમાં આગને કાબુમાં લઈ દાઝી ગયેલા એક જ પરિવારના ત્રણેય ને ૧૦૮ની મદદથી હોસ્પિટલ રવાના કરી દેવાયા હતા. જેમાં જીજ્ઞેશભાઈ વિનોદભાઈ શાહ ઉ.વ. ૩૭, જુલિબેન જીજ્ઞેશભાઈ ૨૭, રિસિકા ઉ.વ. ૬ સમાવેશ થાય.

આ શાહ પરિવાર સંકલ્પ એપાર્ટમેન્ટમાં છ મહિના પહેલાં જ રહેવા આવ્યો હતો. રિસિકા પહેલા ધોરણમાં અભ્યાસ કરે છે. સમગ્ર ઘટનાને નજરે જોનારા નરેશભાઈએ જણાવ્યું હતું કે, ઘટના લગભગ રાતના અઢી વાગ્યાની હતી. મારા રો હાઉસના પાછળના ભાગે આવેલા એક એપાર્ટમેન્ટના ફલેટના એસીમાં બ્લાસ્ટનો જોરદાર અવાજ સાંભળી ઉંઘ ખુલી જતા તેઓ એ આગ લાગી હોવાનું જોયું હતું. જેને લઈ તાત્કાલિક ફાયર, પોલીસ, ૧૦૮ને જાણ કરી દીધી હતી.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Stationary Printing • Pamphlet
• Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૦૪-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

કરોડો અનુયાયીઓ ચિંતાતુર બન્યા હતા ત્યારે 'ખોદ્યો ડૂંગર, નિકળ્યો ઉંદર'

સસ્પેન્સનો અંતઃ 'મોદી' નહિ છોડે 'સોશ્યલ મિડિયા'

૧૬ કલાક બાદ રહસ્ય પરથી પડદો ઉંચકાયો,વડાપ્રધાન આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ મહિલાઓને સમર્પિત કરશે



મોદી જેવા ડિજિટલ પૂજારી જો સોશિયલ મીડિયા છોડશે તો કયાં જશે,હિંસાના મામલે તેમણે સ્વેચ્છાએ પદ છોડી દેવું જોઈએઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સોશ્યલ મિડિયા છોડવાની વિચારણા વાળી વાતના રહસ્ય પરથી આખરે પડદો ઉંચકાયો છે. ૧૬ કલાક પછી ખુદ મોદીએ જ સોશ્યલ મિડિયા છોડવાની વાત અંગે પોતે જ આજે ખુલાસો કર્યો કે તેઓ સોશ્યલ મિડિયા છોડવાના નથી પણ રવિવારે ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે તેમના સોશ્યલ મિડિયા એકાઉન્ટ્સ એ મહિલાઓને સોંપશે કે જેમનું જીવન અને જેમનું નામ આપણને બધાને પ્રેરિત કરે છે...! બીજી તરફ સોશ્યલ મિડિયા છોડવા વિચારણા અંગેની તેમની ટ્વીટને લઈને એક તરફ કરોડો ચાહકોએ તેમને સોશ્યલ મિડિયા નહીં છોડવા સોશ્યલ મિડિયા પર અપીલ ચલાવી તો કોંગ્રેસના લોકસભામાં નેતા અધીર રંજને એવી ટકોર કરી કે મોદી દરેક સમયે ભારતને ડિજિટલની વાત કરે છે. અને હવે તેમના જેવા "ડિજિટલ પૂજારી" જો સોશિયલ મીડિયા છોડશે તો કયાં જશે...? શું મોદી સાધુ-સંત બનશે...? શું તેઓ હવે માનસરોવર જતા રહેશે...? આમ તેમના એક ટ્વીટને લઈને સોશ્યલ મિડિયામાં અફરાતફરી મચી ગઈ હતી તો રાજકિય ક્ષેત્રે પણ કોંગ્રેસ અને અન્ય રાજકિય વિરોધી પરિબળો દ્વારા તેમને નિશાન બનાવવામાં આવ્યાં હતા.

સૂત્રોએ કહ્યું કે મોદીએ ગઈકાલે સોમવારે રાતે ૮.૫૬ વાગે ટ્વિટ કર્યું હતું. જેમાં તેમણે સૌ કોઈને જાણ કરી હતી કે તેઓ રવિવાર સુધી સોશિયલ મીડિયા ગૂગલ, ફેસબુક અને ટ્વીટર છોડવા વિશે વિચારી રહ્યો છું...!

તેમની આ જાહેરાતથી તેમના કરોડો ચાહકો અને ભાજપના કાર્યકરોમાં આઘાતની લાગણી સર્જાઈ હતી કે વડાપ્રધાનને શા માટે આવી જાહેરાત કરવી પડી....? શું દિલ્હીના કોમી રમખાણોથી વ્યથિત થઈને તેઓ સોશ્યલમિડિયા છોડી રહ્યાં છે એવા સવાલો પણ પૂછાયા હતા. કેમ કે આ કોમી રમખાણો ભડકાવવામાં સોશ્યલ મિડિયાએ પણ નકારાત્મક ભૂમિકા ભજવી હોવાનું બહાર આવ્યું હતું. તો કોંગ્રેસ સહિત અન્ય વિરોધી પરિબળોએ તેમની આ અંગે ભારે આલોચના કરી હતી. વડાપ્રધાનના કરોડો અનુયાયીઓએ સોશ્યલ મિડિયામાં "નો સર"ના હેસટેગ સાથે ટ્રેન્ડીંગ કર્યું હતું. જેમાં લાખો લોકો જોડાયા હતા અને "#NoSir" ટોપ ટ્રેન્ડિંગમાં આવી ગયું હતું, લોકોએ મોદીને સોશિયલ મીડિયા ન છોડવાની વારંવાર અપીલ કરી હતી.

સૂત્રોએ કહ્યું કે ગઈકાલે રાત્રે અને આજે સવારે પણ આ મુદ્દો ચર્ચામાં રહ્યાં બાદ મોદીએ ફરીથી સોશ્યલ મિડિયામાં જાહેરાત કરી હતી કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિન ૮ માર્ચે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને તેઓ એવી મહિલાઓને સોંપી દેશે જે બીજા માટે પ્રેરણા છે. તેમણે આ અંગે મંગળવારે ટ્વિટ કરી સ્પષ્ટતા કરી છે. તેમણે લખ્યું હતું કે, આ મહિલા દિવસે હું પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને એ મહિલાઓને સોંપી દઈશ, જેમની જિંદગી અને જેમનું નામ આપણા બધાને પ્રરિત કરે છે. આ મહિલાઓ લાખો લોકોને પ્રોત્સાહિત કરી શકશે. જો તમે પણ આવી મહિલા છો કે બીજા માટે પ્રેરણા બનનારી

અનુસંધાન પાના નં. ૫

ભારતે ચાર દેશોમાંથી આવતા યાત્રીઓના વિઝા સ્થગિત કર્યા

ચીનમાં મહામારીનું રૂપ લઈ ચૂકેલા વાયરસએ ભારતમાં એન્ટ્રી કરી દીધી છે. સાવધાનીના ભાગરૂપે ભારત સરકારે ચીની નાગરિકોને ૫ ફેબ્રુઆરી અથવા તે પહેલાં ઈશ્યૂ કરેલા વિઝા રદ કરી દીધા છે. જાણકારી અનુસાર આગમી સૂચના સુધી ચીની નાગરિકોના વિઝા રદ રહેશે. આ સિવાય ૩ માર્ચથી જાપાન અને સાઉથ કોરિયા,ઈટલી અને ઈરાનના નાગરિકોને વિઝા ઓન અરાઈવલ પર જે વિઝા ઈસ્યુ કરવામાં આવે છે તેને પણ સસ્પેન્ડ કરવામાં આવાનું એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે.

કોરોનાથી કોઈએ ડરવાની જરૂર નથીઃ મોદી

દેશમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો થયા બાદ વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરીને જણાવ્યું કે, કોઈએ ડરવાની જરૂર નથી. આપણે સાથે કામ કરવાની જરૂરત છે. પોતાના બચાવ માટે નાના પરંતુ મહત્વના પગલા ભરો. કોરોના વાયરસને રોકવાને લઈને તૈયારીઓ સંદર્ભે વ્યાપક સમીક્ષા કરી છે. ભારતમાં આવનાર લોકોને સ્ક્રીનિંગથી લઈને તાત્કાલીક સારવાર પૂરી પાડવામાં આવશે.

નોઈડા બાદ આગ્રામાં કોરોનાનો ડરઃ ૬ શંકાસ્પદ કેસ

નોઈડા બાદ હવે આગ્રામાં પણ કોરોના વાયરસના ૬ શંકાસ્પદ કેસો સામે આવ્યા છે. આ એજ લોકો છે, જે ઈટલીથી આવેલા વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા. આ વ્યક્તિ કોરોના વાયરસનો ચેપ હતો. હાલ તમામ ૬ લોકોને આઈસોલેશન વૉર્ડમાં રાખવામાં આવ્યા છે અને તેમના બ્લડ સેમ્પલ પૂણેની મેડિકલ લેબમાં મોકલવામાં આવ્યા છે.

વાઈરસથી સંક્રમિત વ્યક્તિએ આપેલી બર્થ-ડે પાર્ટીમાં બાળકોએ ભાગ લીધો હતો

કોરોના વાઈરસનો ખૌફઃ વિદ્યાર્થીના પિતાનો ટેસ્ટ પોઝિટિવ મળતા ખળભળાટ

સાવચેતીના ભાગરૂપે નોઈડાના આવેલી શ્રીરામ મિલેનિયમ સ્કૂલ સહિત બે શાળા બંધ કરાઈ



નોએડા

નોઈડાના સેક્ટર ૧૩૫માં આવેલી શ્રીરામ મિલેનિયમ સ્કૂલ સહિત કુલ બે શાળાને બંધ કરવામાં આવી છે. આ ઉપરાંત શ્રીરામ મિલેનિયમ સ્કૂલમાં વાર્ષિક પરીક્ષા પણ મુલત્વી રાખવામાં આવી છે. શ્રીરામ મિલેનિયમ સ્કૂલમાં એક વિદ્યાર્થીના પિતામાં કોરોના વાઈરસનો પોઝીટીવ ટેસ્ટ આવતા આ શાળા સાવચેતીના ભાગરૂપે બંધ કરવામાં આવી છે. નામ નહીં આપવાની શરતે શાળાના એક સિનિયર અધિકારીએ આ બાબતની પૃષ્ટિ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે અમારા એક વિદ્યાર્થીના પિતાને કોરોના વાઈરસના પોઝીટીવ ટેસ્ટ આવ્યા છે. અમે સાવચેતીના તમામ પગલા ભર્યા છે અને સ્થિતિ પર ચાંપતી નજર રાખવા આરોગ્ય મંત્રાલય સાથે સતત સંપર્કમાં છીએ, તેમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.અન્ય એક શાળાએ કહ્યું છે કે તેણે ૯ માર્ચ સુધી તાત્કાલિક અસરથી તેના વર્ગો બંધ કરી દીધા છે અને તેના સંકુલને જંતુમુક્ત (સેનિટાઈઝીંગ) કરવામાં આવશે.

ગૌતમ બુદ્ધ નગરના ચીફ મેડિકલ ઓફિસર અનુરાગ ભર્ગવે જણાવ્યું હતું કે શાળા એક દિવસ અથવા બે દિવસ માટે બંધ રાખવામાં આવશે. આ સમય દરમિયાન શાળાને જંતુરહિત કરવામાં આવશે.એક રૂમને જંતુમુક્ત કરવા ઓછામાં ઓછા એક કલાકનો સમય લાગે છે, અમારી મેડિકલ ટીમે આ અંગે શાળાને માહિતી આપી છે. બે બાળકોના સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

અનુસંધાન પાના નં. ૫

ભારતના સાર્વભૌમત્વના મામલે કોઈ વિદેશી પક્ષ કોર્ટમાં અરજી કરી શકે નહીંઃ વિદેશ મંત્રાલય

નાગરિકતા સંશોધન કાયદામાં દખલ માટેયુએનની સુપ્રીમમાં અરજી

ન્યુ દિલ્હી

સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકારના હાઈ કમિશનરની ઓફિસ દ્વારા સુપ્રીમ કોર્ટમાં નાગરિકતા સંશોધન કાયદા (સીએએ)માં દખલ કરવા માટે અરજી દાખલ કરવામાં આવી છે. આ બાબતે જીનીવા સ્થિત ભારતના સ્થાયી મિશનને જાણ કરવામાં આવી હોવાનું વિદેશ મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું.

વિદેશ મંત્રાલયે આ મામલે સ્પષ્ટતા કરી કે સીએએ ભારતની આંતરિક બાબત છે અને દેશમાં કાયદો ઘડવો તે ભારતના સંસદનો મૂળભૂત અધિકાર છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારે જણાવ્યું કે, 'જીનીવા સ્થિત અમારા સ્થાયી મિશનને ગઈકાલે જાણ કરાઈ હતી કે યુએસ હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ (મિશેલ બેચેલેટ)ની ઓફિસ દ્વારા નાગરિકતા સંશોધન કાયદા ૨૦૧૯ના મુદ્દે દખલ કરવા તેમણે દેશની સુપ્રીમ કોર્ટમાં

અનુસંધાન પાના નં. ૫

બેનરો લઈને ગૃહમાં આવેલા સંસદ સભ્યોને જોઈ સ્પીકર ભડક્યા

સ્પીકર આકરા પાણીએઃ ગેરવર્તન કરનાર સાંસદ સમગ્ર સત્ર સુધી સસ્પેન્ડ થશે

કોઈ સાંસદ અન્ય સભ્યની બેઠક પાસે નહીં જાય



ન્યુ દિલ્હી

દિલ્હી હિંસાને લઈને સંસદમાં આજે પણ સંગ્રામ છેડાયો છે. પુરૂષ અને મહિલા સાંસદો વચ્ચે ધક્કામુક્કી બાદ આજે પણ લોકસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ ફરી એકવાર હોબાળો મચી જવા પામ્યો હતો. વિરોધ પક્ષના સાંસદો દિલ્હી હિંસા પર તુરંત ચર્ચાની માંગણી કરી રહ્યાં હતાં, જ્યારે સ્પીકર ઓમ બિરલાએ પ્રશ્નકાળ બાદ આ મામલે ચર્ચાની વાત કરી હતી. દરમિયાન લોકસભા અધ્યક્ષે સાંસદોને આકરી ચેતવણી આપી હતી.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ હોબાળો અને ધક્કા-મુકી મામલે વિરોધ પક્ષના સાંસદોને આકરી ચેતવણી આપતા કહ્યું હતું કે, જો કોઈ સાંસદ બીજાની બેઠક પર ગયા તો તેને આખા સત્ર માટે સસ્પેન્ડ કરી દેવામાં આવશે.

લોકસભા અધ્યક્ષે આજે આકરા સ્વરમાં કહ્યું હતું કે, વિરોધ પક્ષના સાંસદોની દિલ્હી હિંસા પર તુરંત ચર્ચાની માંગણી પર કહ્યું હતું કે, આ મામલે સહમતિ બની હતી કે ગંભીર વિષય આવશે તો પ્રશ્નકાળ બાદ જ તેના પર ચર્ચા હાથ ધરવામાં આવશે. ગઈ કાલની ધક્કામુક્કી પર પણ સર્વપક્ષીય બેઠકમાં બે બાબતે ચર્ચા થઈ હતી. સદનની અંદર સત્તા કે વિરોધ પક્ષનો કોઈ પણ સભ્ય જો એક-બીજાની બેઠક પર નહીં જાય. જો જશે તો તો તેને આખા સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવશે. આવી રીતે જ સદન ચાલશે.

ત્યાર બાદ ફરી એકવાર સંસદમાં હોબાળો શરૂ થઈ ગયો હતો. કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા અધીર રંજને કહ્યું હતું કે, અમે દેશની જનતાના

અનુસંધાન પાના નં. ૫

ચીની ઘૂસણખોરોએ પથ્થરો પર મંદારિન ભાષામાં સંદેશાઓની તસ્વીરો ખેંચી

ચીનની અવળચંડાઈઃ અરૂણાચલ પ્રદેશમાં ૭૫ કિમી સુધી ઘૂસણખોરી કરી

ચીની સેનાની ઘુસણખોરીને નજરઅંદાજ કરવું ભારતીય સેનાને એક દિવસ બહું ભારે પડશેઃ સ્થાનીક લોકો

ઈટાનગર

દેશના સુદૂર પૂર્વી રાજ્ય અરુણાચલ પ્રદેશમાં ફરી એક વખત ચીની સેનાની ઘુસણખોરીના સંકેત મળ્યા છે. રાજ્યના અંજાવ જિલ્લાના સ્થાનીક રહેવાસીઓના જણાવ્યા અનુસાર ચીની સેના ભારતીય સીમામાં ઘણા બધા કિલોમટર સુધી દેશમાં ઘુસી આવ્યા છે. ચાગલાગમ વિસ્તારમાં ચીની સેનાએ પથ્થરો પર મંદારિન ભાષામાં નિશાનો બનાવ્યા છે અને તે વિસ્તાર પર પોતાનો કબ્જો હોવાનું જાહેર કરી દીધું છે.

ચાગલાગમ વિસ્તારમાં અત્યંત દુર્ગમ જગ્યાએ આવેલો છે. આ વિસ્તારમાં પાકા રસ્તા પણ નથી બનાવવામાં આવેલા. જિલ્લા મુખ્યાલય હયુલિંગ સુધી પહોંચવા માટે સ્થાનીક લોકોને બે દિવસ સુધી પગપાળા ચાલીને જવું પડે છે. ભારત અને ચીન વચ્ચેની સીમાને મૈક મોહન લાઈન અલગ પાડે છે. પરંતુ ઘણી વખત મેક મોહન લાઈનને પાર કરીને ચીની સેના ઘુસણખોરી કરી દેતી હોય છે. પરંતુ આ વખતે સ્થાનિક લોકો આ ઘુસણખોરીને વધારે

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી સ્થાનેથી...

પર્યાવરણ આ રીતે બચશે

જળવાયુ પરિવર્તનની સામે માનવીના સંઘર્ષ જારી છે. હાલમાં જે લડાઈ લડવામાં આવી રહી છે તેના કારણે કોઈ વધારો ફાયદો થઈ રહ્યો નથી. જળવાયુ પરિવર્તનની સામે હાલમાં ચાલી રહેલી લડાઈને અનેક ગણી વધારે શક્તિશાળી બનાવી દેવાની જરૂર દેખાઈ રહી છે. જળવાયુ પરિવર્તનની સામે લડવામાં રિફ્યુઝ , રિયુઝ , રિડ્યુઝ અને રિસાઈકલ જેવી બાબત અતિ જરૂરી છે. એટલે કે ચાર આરનો ઉપયોગ કરીને જળવાયુ પરિવર્તનની સામે લડાઈને અસરકારક બનાવી શકીએ ચીએ. મૌસમ વિજ્ઞાનની સાથે જોડાયેલા લોકો કહે છે કે જળવાયુ પરિવર્તનની સામે સંઘર્ષમાં જો અમારી જીત થાય છે તો વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ૨૬ ખર્વ ડોલરનો સીધો ફાયદો થઈ જશે. પર્યાવરણ પ્રદુષણ, જળવાયુ પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગની સામે લડવામાં સૌથી સારા વિકલ્પ તરીકે ચાર આર રહેલા છે. ચાર આરનો ઉપયોગ કરીને લડાઈ સફળ રીતે લડી શકાય છે. ચાર આર એટલે કે રિફ્યુજ પ્લાસ્ટિક અને કાર્બન ઉત્સર્જનને રિયુઝ ચીજોને વધારી દેવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે રિડ્યુસ એટલે કે પોતાની જરૂર મુજબની ચીજોના ઉપયોગના પ્રમાણને મર્યાદિત કરી દેવામાં આવે તો તેના કારણે ફાયદો થાય છે. રિસાયકલિગ પણ આવી જ રીતે ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. રિસાયકલિંગ અથવા તો બેકાર થઈ ગયેલી ચીજોને ફરી ઉપયોગ કરવા લાયક બનાવી શકાય છે. આ દિશામાં વધારે પહેલ કરવાની જરૂર છે. આ તમામ વિકલ્પ મારફતે પર્યાવરણને બચાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે વર્ષ ૨૦૩૦ સુધી કાર્બનડાયોક્સાઈડ ઉત્સર્જનનુ પ્રમાણ ખુબ ઓછુ થઈ જનાર છે. અમારા ભોજનમાંથી મીટ તો લગભગ ગાયબ થઈ જનાર છે. પેયજળ અને હવા શુદ્ધ થઈ જનાર છે. કુદરત પણ ફરી એકવાર તેના સ્વરૂપને હાંસલ કરવાની શરૂઆત કરી દેશે. નિષ્ણાંતો કહે છે કે અમે ચીજ વસ્તુઓની ખરીદી પર નહીં બલ્કે પરિવારના લોકો સાથે હશે ત્યારે જ ખર્ચ કરીશુ. આ તમામ બાબતોમાં ફેરફાર એ ચીજોના લીધે થશે જ્યારે અમે કાર્બન ઉત્સર્જનને રોકવા માટે કરી શકીએ છીએ. જો કે આમાં અમને ભારે ખુશી પણ મળનાર છે. જાણકાર લોકો માની રહ્યા છે કે હાલમાં અમે જળવાયુ પરિવર્તનની સામે ચાલી રહેલી લડાઈમાં ખુબ પાછળ રહી ગયા છીએ. રિસાયકલિંગ પ્રક્રિયા મારફતે પર્યાવરણને બચાવી લેવામાં સફળતા મળી શકે છે. રિસાયકલસિંગ એક એવી પ્રક્રિયા છે જેના હેઠળ બેકાર થઈ ગયેલી ચીજોને ફરી કામમાં લઈ શકાય તેવી ચીજો બનાવી શકાય છે. બેકાર થયેલી ચીજોને નવી ચીજો અને વસ્તુઓમાં ફેરવી શકાય છે. આના કારણે પર્યાવરણને બચાવી લેવામાં મદદ મળશે. રિસાયકલિંગની ચીજોમાં અનેક પ્રકારની ચીજો રહેલી છે. જેમાં જુદા જુદા પ્રકારના ગ્લાસ, પેપર, કાર બોર્ડ, મેટલ, પ્લાસ્ટિક , ટાયર, ટેક્સ ટાઈલ, બેટરીઓ અને ઈલેક્ટ્રોનિક્સનો સમાવેશ થાય છે. અન્ય રિયુઝની ચીજો પણ અસંખ્ય રહેલી છે. જેમાં પુડ આરગાર્ડન વેસ્ટનો સમાવેશ થાય છે. જે ચીજ વસ્તુઓ રિસાયકલિગ કરી શકાય છે તેમા ઘરમાંથી એકત્રિત કરવામાં આવતી બેકાર અને બિન ઉપયોગી ચીજો પણ સામેલ છે.

રિયુઝ, રિડ્યુસ અને રિસાયકલિંગથી પર્યાવરણ બચી શકશે : પગલા જરૂરી

ભારતીય હોકી પાસેથી આશા

ઓલિમ્પિકની વાત થાય અને ભારતીય હોકીની વાત ન થાય તે શક્ય નથી. દુનિયામાં કોઈ એવા દેશ નથી જે દેશે ઓલિમ્પિકમાં છ વખત સતત સુવર્ણ ચન્દ્ર જીતવામાં સફળતા મેળવી હોય. ભારતે હોકીમાં આ કરિશ્મો કરી બતાવવામાં સફળતા હાંસલ કરી છે. વર્ષ ૧૯૨૮થી લઈને વર્ષ ૧૯૬૦ના ઓલિમ્પિક સુધી ભારતે પ્રભુત્વ જમાવ્યુ હતુ. પરંતુ વર્ષ ૧૯૬૦ બાદથી ભારતના હિસ્સામાં માત્ર બે સુવર્ણ ચન્દ્રક જ આવ્યા છે. ભારતે હોકીમાં છેલ્લે ૩૯ વર્ષ પહેલા મોસ્કોમાં સુવર્ણ જીતવામાં સફળતા મેળવી હતી. ભારત પાસેથી આ વખતે પહેલા કરતા વધારે શાનદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આના માટે આધાર એ છે કે સરકાર પાસેથી તમામ મદદ હોકીના સ્તર પર મળી રહી છે. ભારતના દેખાવની વાત કરવામાં આવે તો ભારતે ઈતિહાસમાં સૌથી વધારે ચન્દ્ર હોકીમાં જ મેળવ્યા છે. હોકીમાં ભારતે હજુ સુધી આઠ સુવર્ણ ચન્દ્રક જીત્યા છે. જે પૈકી છ સતત જીત્યા છે. ઓલિમ્પિકમાં ભારતના કુલ ચન્દ્રકની વાત કરવામાં આવે તો હજુ સુધી ૨૮ ચન્દ્રક જીત્યા છે. વર્ષ ૨૦૧૨માં લંડન ઓલિમ્પિકમાં ભારતે હજુ સુધીનો શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. એ વખતે ભારતે બે રજત, ચાર કાસ્ય જીતી લીધા હતા. છેલ્લી ઓલિમ્પિકમાં ભારતે બે ચન્દ્રક જીત્યા હતા. બેડમિન્ટનામાં પણ આશા રહેલી છે. બેડમિન્ટનમાં પુરૂષોના વર્ગમાં કિદામ્બી શ્રીકાંતથી આશા ઓછી છે. કારણ કે તે સતત સારો દેખાવ કરી શકતો નથી. મહિલા વર્ગમાં પીવી સિન્ધુ અને સાઈના નહેવાલ પણ જ ચન્દ્રકની આશા બેડમિન્ટનમાં રાખી શકાય છે.

સિદ્ધી : હોકીમાં સતત છ વખત સુવર્ણનો રેકોર્ડ

ટોકિયો ઓલિમ્પિકને લઈને ભારતમાં જોરદાર તૈયારી જારી છે....

ઓલિમ્પિકમાં વધુ ચન્દ્રકોની આશા



કુસ્તી, બોક્સિંગ, શુટિંગ, બેડમિન્ટન સહિતની રમતોમાં જોરદાર દેખાવ કરવા માટે ભારતની તૈયારી : એથલેટિક્સ, જિમ્નાસ્ટિકમાં પણ આશા

જાપાનના પાટનગર ટોકિયોમાં આયોજિત ઓલિમ્પિક મહાકુંભને લઈને ભારતમાં જોરદાર તૈયારી ચાલી રહી છે. કુલ ૨૦૬ દેશોના અથલીટો આ મહાકુંભમાં જુદી જુદી રમતોમાં શાનદાર દેખાવ કરવા માટે તૈયાર છે. ઈવેન્ટની વાત કરવામાં આવે તો ૩૩૪ કરતા વધારે ઈવેન્ટ રહેનાર છે. ઓલિમ્પિકને લઈને તમામ દેશો ઉત્સુક બનેલા છે અને જોરદાર તૈયારમાં પણ લાગેલા છે. ભારત પણ પાછળ નથી. ઓલિમ્પિક ખેલ આડે હવે વધારે સમય રહ્યો નથી ત્યારે છે ત્યારે ભારત વધારે ચન્દ્રકો મેળવી લેવાના ઈરાદા સાથે તૈયારીમાં વ્યસ્ત છે. રિયો ડી જેનેરિયોમાં છેલ્લી વખત ઓલિમ્પિક રમતોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રિયો ડી જેનેરિયોના ઓલિમ્પિક બાદના વર્ષમાં ભારતીય ખેલાડીઓની તૈયારી અને પ્રદર્શન પર ધ્યાન આપવામાં આવે તો વિશ્વાસ સાથે કહી શકાય છે કે અમે છેલ્લી વખત જે પ્રકારની સ્થિતીમાં હતા તેની તુલનામાં આ વખતે ભારતીય ટીમ વધારે શાનદાર દેખાવ કરનાર છે. આ તમામ બાબત ખેલાડીઓના વ્યક્તિગત દેખાવના આધાર પર રહેશે. ભારતીય ખેલાડીઓ જોરદાર તૈયારીમાં લાગેલા છે. ઓલિમ્પિકમાં ટીમ રમતોમાં ભારતની તક ખુબ ઓછી રહેલી છે. જો કે વ્યક્તિગત દેખાવ મારફતે ભારતીય ખેલાડીઓ ચોક્કસપણે ડંકો વગાડનાર છે. આ બાબતમાં કોઈ શંકા નથી. વ્યક્તિગત વર્ગમાં ભારતીય ખેલાડીઓ પર આ વખતે દુનિયાની નજર રહેનાર છે. છેલ્લી વખતે ભારતને માત્ર બે ચન્દ્રક મળ્યા હતા. આ વખતે કુશ્તીમાં બજરંગ પુનિયા અને બોક્સિંગમાં મેરી કોમ પાસેથી માત્ર ચન્દ્રક જ નહીં બલ્કે ગોલ્ડ મેડલની આશા પણ રહેલી છે. બજરંગે એશિયન ગેમ્સમાં સુવર્ણચન્દ્રક જીતી લેવામાં સફળતા હાંસલ કરી હતી. ત્યારબાદ વિશ્વ કુસ્તી સ્પર્ધામાં પણ પુનિયાએ રજત ચન્દ્રક જીતી લેવામાં સફળતા હાંસલ કરી હતી. સ્પર્ધાના કુલ ૬૫ કિલોગ્રામ વર્ગમાં તે હવે દુનિયાના પ્રથમ નંબરના પહેલવાન તરીકે છે. મેરી કોમ છ વખત વર્લ્ડ બોક્સિંગનો તાજ પોતાના નામ પર કરી ચુકી છે. કુશ્તીમાં ગયા વર્ષે કાંસ્ય ચન્દ્રક જીતનાર સાક્ષી મલિક ત્રણ વર્ષના ગાળામાં પોતાના સ્તરથી ખુબ નીચે પહોંચી છે પરંતુ તેની પાસેથી પણ આશા રહેલી છે. આશાની નવી કિરણ વિનેશ ફોગાટ રહેલી છે. ફોગાટે ગયા વર્ષે એશિયન ગેમ્સમાં તિરંગો લહેરાવી દેવામાં સફળતા મેળવી હતી. બોક્સર અમિત પંગાલ, વિકાસ કૃષ્ણન, શિવા થાપા પણ બોક્સિંગમાં નવી આશા જગાવી રહ્યા છે. કુસ્તી અને બોક્સિંગ ઉપરાંત ભારત માટે સૌથી વધારે આશા શુટિંગમાં રહેલી છે. આ ખેલ ઓલિમ્પિકમાં ભારતીય ડંકો રહ્યાબાદ આ વખતે પણ શુટિંગમાં ભારતીય ખેલાડીઓ પાસેથી શાનદાર દેખાવની અપેક્ષા રહેલી છે. આ એવા ખેલમાં છે. જેમાં ભારતીય ખેલાડીઓ છેલ્લા ત્રણ વર્ષથી દિન રાત એક કરી રહ્યા છે. એક જ વર્લ્ડ કપમાં બે ચન્દ્ર જીતનાર જીતનાર જીતુ રાય ટોકિયોમાં ભારતને ચન્દ્ર અપાવવા માટે તૈયાર છે. મનુ ભાકર પણ ટોકિયોમાં જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. તેમના સહિત સાત શુટરો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈંગ કરી ચુક્યા છે. પ્રથમ વખત અમે એથલિટો પાસેથી પણ ચન્દ્રકની આશા રાખી રહ્યા છીએ. સૌથી મોટી આશા આ વખતે નીરજ ચોપડા છે. નિરજ ૮૮.૦૬ મીટર સુધી ભાલાને ફેકી ચુકી છે. એથલિટ્કસમાં ૧૦૦ મીટરમાં દુતી ચંદ અને ૪૦૦ મીટરમાં હિમા દાસ ક્વાલિફાઈંગ કરી ચુકી છે. આમાં હિમા ૪૦૦ મીટરપ દૌડમાં ૨૦ વર્ષના વર્ગનવિશ્વ ચેમ્પિયન છે. તેનો શ્રેષ્ઠ દેખાવ ૫૧.૪૬ સેકન્ડ રહ્યો છે. જે ઓલિમ્પિકમાં કાંસ્ય ચન્દ્રક જીતનાર કરતા બે સેકન્ડ વધારે છે. આગામી એક વર્ષના ગાળામાં બે સેકન્ડનો સમય સુધારવા માટેની બાબત સરળ નથી પરંતુ તે મુશ્કેલ પણ નથી. વ્યક્તિગત સ્પર્ધામાં વધુ એક ચન્દ્રની આશા દિપા કર્માકર પણ છે. છેલ્લે ઓલિમ્પિકમાં જિમ્નાસ્ટિકમાં વ્યક્તિગત વર્ગથી વોલ્ટ સ્પર્ધામાં તે ચોથા સ્થાન પર રહી હતી. આ સિદ્ધી હાંસલ કરનાર તે પ્રથમ ભારતીય જિમ્નાસ્ટ બની ગઈ હતી. દિપા માટે કમનસીબ બાબત એ રહી હતી કે ત્યારબાદના બે વર્ષ તેના ઈજામાં નિકળી ગયા હતા. જેથી તેને ઓલિમ્પિક માટે એટલી તૈયારીની તક મળી નથી. પરંતુ જેટલી પણ તક મળી છે તેમાં તેની પ્રગતિ અદ્‌ભુત રહી છે. ગયા વર્ષે વિશ્વ જીમનાસ્ટિક સ્પર્ધામાં વોલ્ટ સ્પર્ધામાં તે વિજેતા રહી હતી. પોતાને વિશ્વની બેસ્ટ જીમનાસ્ટ તરીકે સાબિત કરી હતી. થોડીક આશા તો નિશાનેબાજ દિપિકા કુમારી પાસેથી પણ રહેલી છે. ટીમ આ વખતે વધારે તૈયારીમાં છે. જાપાનમાં આ વખતે ટોકિયો ઓલિમ્પિકનુ આયોજન થયુ છે. આર્જેન્ટિનામાં યોજાયેલી બેઠકમાં યજમાન શહેર તરીકે ટોકિયોની પસંદગી સાતમી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે કરવામાં આવી હતી.

માર્ગ અકસ્માતોને રોકવા માટે વિવિધ પગલા છતાં અકસ્માતોનો દોર

માર્ગ અકસ્માતો : રોજ ૪૦૦ના મોત

માર્ગ અકસ્માતોને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી. માર્ગ અકસ્માતોના કારણે દેશમાં દરરોજ ૪૦૦થી પણ વધારે લોકોના મોત થઈ રહ્યા છે. હાલમાં જારી કરવામાં આવેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે માર્ગ અકસ્માતોના કારણે દેશમાં હાલત કફોડી બનેલી છે. આના માટે કોઈ એકને કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકાય નહીં. હાલમાં જારી કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે માર્ગ અકસ્માતોની વાત કરવામાં આવે તો ઉત્તરપ્રદેશ અને તમિળનાડુમાં સૌથી વધારે અકસ્માત થાય છે. માર્ગ અકસ્માતોના કારણે આંકડા ચિંતાજનક રીતે સપાટી પર આવ્યા બાદ વધુ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે માર્ગો પર દરેક પ્રકારના સિગ્નલ, બંપ અને ડિવાઈડર રાખવામાં આવ્યા હોવા છતાં બનાવો બની રહ્યા છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે ભરચક રહેતા વિસ્તારોમાં રસ્તાને પણ વધારે પહોળા કરવામાં આવ્યા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા હાલમાં રજૂ કરવામાં આવેલા આંકડા તમામ લોકોને ચિંતામાં મુકે તેવા રહેલા છે. આંકડા મુજબ માર્ગ દુર્ઘટનામાં વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭માં ક્રમશ ૧.૪૬ લાખ અને ૧.૫ લાખ લોકોના મોત થયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ના ગાળા દરમિયાન માર્ગ અકસ્માતોમાં આંશિક ઘટાડો થયો છે. જો કે જીવલેણ અકસ્માતોનો દોર હજુ જારી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ ઉત્તરપ્રદેશમાં સૌથી વધારે માર્ગ દુર્ઘટનામાં મોત થયા છે. ત્યારબાદ બીજા સ્થાને તમિળનાડુ છે. તમિળનાડુમાં પણ મોટી સંખ્યામાં માર્ગ અકસ્માતો થતા રહે છે. બંને રાજ્યોની વાત કરવામા આવે તો વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭માં દેશભરમાં થયેલા તમામ મોત પૈકી એક ચતુર્થાંશ



લાપરવાહી, વધારે પડતી સ્પીડ અને નિયમોના સતત ભંગના કારણે અકસ્માતો : સજાને કડક કરવામાં આવી શકે : રસ્તાઓને સુધારી શકાય

મામલા આ બંને રાજ્યોમાં નોંધાયા હતા. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ના આંકડાના સંબંધમાં માહિતી પૂર્ણ રીતે મળી શકી નથી. માર્ગ અકસ્માતોમાં થનાર મોતના મામલામાં રાજસ્થાન પણ પાછળ નથી. તે પાંચમાં સ્થાન પર છે. મધ્યપ્રદેશ છઠ્ઠા સ્થાન પર છે.માર્ગ અકસ્માતોના કારણોની વાત કરવામાં આવે તો કેટલાક કારણો રહેલા છે. જે પૈકી જે કારણ મોટા ભાગે સપાટી પર આવી ચુક્યા છે તેમાં ઓવર સ્પીડ અને નશામાં રહીને વાહન ચલાવવાની બાબત સૌથી ઉપર રહી છે. ચાલકનુ ધ્યાન અન્યત્ર જવાની સ્થિતીમાં પણ માર્ગ અકસ્માત થઈ જાય છે. ખોટી લેનમાં ગાડી ચલાવવાના કારણે પણ અકસ્માતો થઈ જાય છે. કાર ચલાવતી વેળા સીટ બેલ્ટ ન પહેરવાની સ્થિતીમાં પણ માર્ગ અકસ્માતમાં ખતરો વધારે રહે છે. આ ઉપરાંત લાલ બત્તીને જંપ કરવાની બાબત પણ અકસ્માતને આમંત્રણ આપે છે. બાઈક અથવા તો મોટરસાઈયકલ ચલાવતી વેળા હેલ્મેટ ન પહેરવાની બાબત પણ અસર કરે છે. હેલ્મેટ યોગ્ય ગુણવત્તા સાથે પહેરવાની બાબત ઉપયોગી રહે છે. જો કેટલાક પગલા લેવામાં આવે તો માર્ગ અકસ્માતોને કેટલાક અંશે રોકી શકાય છે. જે પૈકી સૌથી પહેલા તો નશા અને ઓવરસ્પીડમાં ગાડી ચલાવનારની સામે કાર્યવાહી થાય તે જરૂરી છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે દેશના કેટલાક ભાગોમાં જે માર્ગોની સ્થિતી છે તેમાં પણ સુધારો કરવાની જરૂર છે. ટ્રાફિકને નિયંત્રિત કરી શકે તેવા સાધન પુરતા પ્રમાણમાં તમામ રસ્તા પર સ્થાપિત કરવામાં આવે તે જરૂરી છે. આ તમામ સાધન યોગ્ય રીતે કામ કરે છે કે કેમ તેની ચકાસણી થવી જોઈએ. રોન્ગ સાઈડમાં ક્યારેય ગાડી ચલાવવી જોઈએ નહીં. સેફ્ટી ગિયર અને સીટ બેલ્ટનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો અકસ્માતોને ટાળી શકાય છે. માર્ગ અકસ્માત ભારતમાં મોટા ખતરા તરીકે રહે છે. જો કે આના કારણ પણ મોટા ભાગે લાપરવાહી અને બેદરકારી હોય છે. અકસ્માતોને રોકવા માટે જુદી જુદી સમિતિ દ્વારા અનેક વખત ભલામણ કરવામાં આવી છે. આ ભલામણો તરફ ધ્યાન આપીને પગલા લેવામાં આવ્યા હોવા છતાં માર્ગ અકસ્માતોને રોકવા માટે તંત્રને નોંધનીય સફળતા મળી નથી. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે.માર્ગ અકસ્માતોને રોકવા માટે જુદા જુદા સ્તર પર તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે સૌથી પહેલા તો વ્યક્તિગત લોકોને ડ્રાઈવિંગ કરતી વેળા તમામ કાળજી રાખવાની જરૂર હોય છે. જેમાં વાહનની ગતિ પણ છે.

ચેતવણી : ૨૦ ઈંચ સુધી દરિયાઈ જળ સપાટી વધી શકે છે...

અન્ટાર્કટિકાથી જળ પ્રલય આવી શકે

અન્ટાર્કટિકાથી હવે જળપ્રલય આવવામાં વધારે સમય ગાળો રહ્યો નથી. વિશ્વભરના વૈજ્ઞાનિકો જુદા જુદા ક્ષેત્રમાં અભ્યાસ કરવામાં લાગેલા છે પરંતુ આ જળપ્રલયને રોકવામાં તેમને સફળતા મળે તેમ માનવા માટે કોઈ કારણ નથી. કારણ કે જે ગતિથી સ્થિતી બદલાઈ રહી છે તે ખતરનાક સ્થિતી તરફ સંકેત આપે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અન્ટાર્કટિકાના વિશાળ થ્વેટ્સ ગ્લેશિયર હવે એ વિસ્ફોટક સ્તર પહોંચવાની તૈયારીમાં છે જેના બાદ દરિયાઈ સપાટી ૨૦ ઈંચ સુધી વધી જવાથી કોઈ રોકી શકે તેમ નથી. જો આવુ થશે તો દુનિયાભરના દેશોના દરિયાઈ કાઠા પર આવેલા વિસ્તારના ભુગોળ હમેંશા માટે બદલાઈ જશે. એક ચિંતાજનક અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે હવે આવી સ્થિતી સર્જાવવામાં વધારે સમય રહ્યો નથી. આ સમય માત્ર ૧૫૦ વર્ષ પછી આવી શકે છે. સમગ્ર ગ્લેશિયર એવી અસ્થિરતા તરફ વધે છે જેથી ચિંતા થાય તે સ્વાભાવિક છે. ગ્લોબલ વોર્મિંગના પૂર્વના સ્તરથી હાલમાં દરિયાઈ સપાટી આઠ ઈંચ ઉપર છે. સાથે સાથે દુનિયાભરમાં દરિયા કાઠાના વિસ્તારોમાં પુર આવવા માટે આને જ મોટા ભાગે જવાબદાર ગણવામાં આવે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે કિનારાના વિસ્તારોમાં હિમના વિસ્તારો સંકુચિત થઈ રહ્યા છે. હિમમાં તિરાડો પડી રહી છે. દરિયાની સપાટી પર નવા હિમખંડોનુ નિર્માણ થઈ રહ્યુ છે. અસ્થિરતાની જો શરૂઆત થઈ જશે તો રોકવા માટેની બાબત ખુબ મુશ્કેલરૂપ બની જશે. અભ્યાસમાં ભાગ લેનાર



ડોક્ટર એલેક્સ રોબેલ જે જ્યોર્જિયા ઈન્સ્ટીટ્યુટમાં વિજ્ઞાન પ્રોફેસર છે તેમના કહેવા મુજબ જો તમે આ ગ્લેશિયરની અસ્થિરતા માટે કારણ બનો છો તો પછી આપને આવુ કરવા માટે તાપમાનને વધારે વધારી દેવાની કોઈ જરૂર પડશે નહીં. ત્યારબાદ ગ્લેશિયર તો જાતે જ ઓગળવાની પ્રક્રિયામાં રહેશે. આ જ કારણ ચિંતાનુ પણ છે. દુનિયાના દેશો હાલમાં આ પ્રક્રિયાને રોકવા માટે વિવિધ પગલા લેવા પર કામ કરી રહ્યા છે. જળ પ્રલયની સ્થિતી સર્જાઈ શકે છે તેવી ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ દુનિયાના દરિયા કાઠાના વિસ્તારોમાં રહેતા લોકોની તકલીફમાં વધારો થઈ શકે છે. જો કે આને રોકવા માટે પહેલ અને પ્રયોગો સફળ રહેશે કે કેમ તે અંગે હાલમાં વાત કરવી સરળ નથી. ગ્લોબલ વોર્મિંગના કારણે દુનિયાના દેશો હાલમાં પરેશાન થયેલા છે. આના કારણે કુદરતી હોનારતોનો દોર ચાલી રહ્યો છે.દુનિયાના દેશોમાં કોઈને કોઈ જગ્યાએ પુર અને વધારે વરસાદની સ્થિતી સર્જાઈ રહી છે. કેટલીક જગ્યાએ દુકાળની સ્થિતી સર્જાઈ રહી છે. વાવાઝોડાના કારણે દુનિયાના દેશોમાં ભારે નુકસાન થઈ રહ્યુ છે. અમેરિકા અને યુરોપના દેશો પણ ગ્લોબલ વોર્મિંગથી ગ્રસ્ત થઈ રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગની સામે અમેરિકા અને ભારત સહિતના દુનિયાના દેશો બેઠકો કરી રહ્યા છે. આની અસરને ઘટાડી દેવા માટે શુ કરવામાં આવે તે દિશામાં પહેલાથી જ રૂપરેખા તૈયાર કરવામાં આવી ચુકી છે. દુનિયાના દેશો આ તમામ ધારાધોરણને પાળી પણ રહ્યા છે. જો કે આને લઈને ઉદાસીનતા હજુ પણ રહેલી છે. અન્ટાર્કટિકાથી જળપ્રલયની સ્થિતી સર્જાઈ શકે છે તેવા દાવા અભ્યાસમાં કરવામાં આવ્યા બાદ આ દિશામાં વધારે અભ્યાસની કામગીરીમાં વૈજ્ઞાનિકો લાગી ગયા છે. દરિયા કાઠાના વિસ્તારોની સુરક્ષા કઈ રીતે કરવામાં આવે તેને લઈને પગલા લેવામાં આવી રહ્યા છે. અન્ટાર્કટિકાને લઈને વિતેલા વર્ષોમાં પણ જુદા જુદા અભ્યાસ કરવામા આવી ચુક્યા છે. અહીં પ્રયોગ માટે પણ કેટલાક નિષ્ણાંતો વારંવાર પહોંચતા રહે છે. ગ્લેશિયર ખાતે હાલમાં જે સ્થિતી રહેલી છે તેને લઈને વૈજ્ઞાનિકો અભ્યાસમાં લાગેલા છે. દરિયાઈ સપાટીમાં જો ચિંતાજનક રીતે વધારો થશે તો દરિયા કાઠા પર આવેલા દેશોના અસ્તિત્વની સામે ગંભીર ખતરો ઉભો થઈ જશે.

ફિલ્મી ગપસપ...



બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન વારાણસીની મુલાકાતે છે. જ્યાં તે ગંગા ઘાટ પર સાંજની આરતીમાં હાજર રહી હતી. સારા હવે જલ્દી જ ડાયરેક્ટર આનંદ એલ રાયની ફિલ્મ 'અતરંગી' માં નજરે પડશે. આ ફિલ્મની શૂટિંગ માટે સારા વારાણસી પહોંચી છે. જેની તસવીરો સારાએ પોતે સોશિયલ મીડિયા પર શેર કરી છે.

ફિલ્મ કર્યા વગર પણ શાહરૂખ ખાનની આવકમાં અધધધ...૧૨૨ ટકાનો વધારો..!!

મુંબઈ

શાહરૂખ ખાન છેલ્લે ઝીરો ફિલ્મમાં જોવા મળ્યો હતો. ત્યારબાદ તે કોઈ જ ફિલ્મમાં કે બીજે ક્યાંક રૂપેરી પડદે જોવા મળ્યો નથી. પરંતુ તેની કમાણીમાં તે છતાં વધારો થયો છે. ફોર્બ્સના અનુસાર ૨૦૧૮માં કિંગખાનની કમાણી ૫૬ કરોડ રૂપિયા હતી અને ૨૦૧૯માં ૧૨૪ કરોડ રૂપિયા થઈ ગઈ. આ વાત શાહરૂખના નજીકના લોકો દ્વારા જાણવા મળ્યું છે.

૨૦૧૮માં શાહરૂખનું રેકિંગ ઘટ્યું અને તે ૬૦.૭ મિલિયન ડોલરની બ્રાન્ડ વેલ્યુ સાથે પાંચમા સ્થાને આવ્યો હતો. ૨૦૧૯માં શાહરૂખ ખાનની બ્રાન્ડ વેલ્યૂ ૬૬.૧ મિલિયન ડૉલરની થઈ અને રેકિંગમાં પાંચમા સ્થાને જ રહ્યો. બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાં શાહરુખ ખાન હવે ૮મા નંબર પર છે. ૨૦૧૯માં શાહરુખ



ખાન પાસે ૧૫ જેટલી બ્રાન્ડ છે. એની સામે ૨૦૧૭માં તેની પાસે ૨૧ બ્રાન્ડ હતી. ઉલ્લેખનીય છે કે, દેશમાં સૌથી વધુ બ્રાન્ડ્સનો રેકોર્ડ શાહરુખ ખાનના નામે છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગયા વર્ષમાં તેણે ૨૦ કે ૨૫ જેટલી સિક્વન્સ વાંચી છે. એમાંથી ૫ જેટલી સિક્વન્સમાં તેને કંઈક ઠીક ઠીક લાગ્યું અને ખાલી હા જ પાડી હતી. રાજકુમાર હિરાની, રાજ-ડીકે, અલી અબ્બાસ ઝફર તથા શ્રીરામ રાઘવન એક્ટરના તે સતત સંપર્કમાં છે.

મહિલાએ લગ્ન કરેલા પુરુષોના પ્રેમમાં ક્યારેય ન પડવું જોઈએ : નીના ગુપ્તા

મુંબઈ

નીના ગુપ્તા એક એવી અભિનેત્રી છે કે, જેનો દાયકો એક ઉંમર પછી આવ્યો. બોલિવૂડમાં હાલમાં નીનાની બોલબાલા છે અને ભારે ફેમસ થઈ છે. એવામાં નીનાએ વર્ષો પછી પોતાની વ્યથા ઠાલવી છે અને મહિલાઓને એક સલાહ આપી છે. પોતાને જે અનુભવ થયો અને હાલાકી વેઠવી પડી એ બીજી મહિલાઓને ન વેઠવી પડે એના માટે નીનાએ એક વીડિયો પોસ્ટ કર્યો છે કે, જે ઘણો વાયરલ થઈ રહ્યો છે.

હાલમાં જે વીડિયો નીનાએ અપલોડ કર્યો એ ઉત્તરાખંડમાં વેકેશન માણી રહી છે ત્યાંનો છે. તે કહી રહી છે કે, કોઈપણ મહિલાએ લગ્ન કરેલા પુરુષોના પ્રેમમાં ક્યારેય ન પડવું જોઈએ. વીડિયોમાં નીના કહે છે કે, આ તેનો પર્સનલ અનુભવ છે એટલા માટે હું વિનંતી કરી રહી છું. પરણેલા પુરુષ સાથે જો કોઈ મહિલા સંબંધ રાખે તો તેને કઈ કઈ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે એના વિશે નીનાએ વાત કરી છે અને વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો છે.

વીડિયોમાં તે કહી રહી છે કે, પહેલા તમે સંબંધ રાખશો. પછી હોલિ ડે મનાવવા જશો. પછી એક રાત પસાર કરશો. પછી ઘણી બધી રાતો પસાર કરશો. અને છેલ્લે લગ્ન કરવાનું મન થશે. પરંતુ એ લગ્ન કરવાની ના પાડશે. એ રીતે આખી વ્યથા ઠાલવી છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો નીના ગુપ્તા બધાઈ હો જેવી ફિલ્મોમાં પોતાનું બેસ્ટ પરફોર્મન્સ આપી ચૂકી છે, અને લોકોના દિલમાં સ્થાન બનાવી ચૂકી છે. હાલમાં શુભ મંગલ જ્યાદા સાવધાનમાં તે જોવા મળી હતી અને ફિલ્મ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે.

કોરોના વાઈરસને કારણે દીપિકાએ પેરિસ ફેશન વીકમાં જવાનું ટાળ્યું

મુંબઈ

બોલીવૂડ અભિનેત્રી દીપિકા પદુકોણે કોરોના વાઈરસના જાગતિક ઉપદ્રવને કારણે પેરિસમાં હાલ ચાલી રહેલા પેરિસ ફેશન વીક કાર્યક્રમમાં હાજરી આપવા જવાનું માંડી વાળ્યું છે. પેરિસ ફેશન વીક કાર્યક્રમમાં હાજરી આપવાનું દીપિકાને લક્ઝરી ફેશન ગ્રુપ લૂઈ વિતોં તરફથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૩ માર્ચ સુધી ચાલ્યો. પરંતુ, કોરોના વાઈરસે જે રીતે દુનિયાના ૬૦ જેટલા દેશોમાં ગભરાટ ફેલાવ્યો છે એને કારણે દીપિકાએ તેનો પ્રવાસ રદ કર્યો. દીપિકાનાં સત્તાવાર પ્રવક્તાએ જાણકારી આપી છે કે દીપિકા પદુકોણ લૂઈ વિતોંના એફ૨૦૨૦-૨૦૨૦ શોમાં હાજરી આપવા માટે પેરિસ જવાની જ હતી.



ઋત્વિક રોશન હાલ દુબઈમાં છે. તેમણે સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો શેર કરી છે. તસવીરમાં ઋત્વિક રોશન ટોવેલ પહેરેલો જોવા મળી રહ્યો છે. ફોટોજ સાથે તેમણે કેપ્શનમાં લખ્યું છે કે તેમની આ સ્ટાઈલ રણવીર સિંહથી પ્રેરિત છે.

'મી ટુ' મૂવમેન્ટથી પુરુષ સાત ડગલાં પાછળ હટ્યો : કાજોલ

મુંબઈ

એક્ટ્રેસ કાજોલે કહ્યું હતું કે મીટુ મૂવમેન્ટ બાદ ફિલ્મના સેટ્સ પર મહિલાઓ સાથેના વ્યવહારમાં ઘણો જ ફેરફાર આવ્યો છે. એક્ટ્રેસના મતે, આ આંદોલન બાદ પુરુષે પોતાનો વ્યવહાર તથા સામેની વ્યક્તિની સંમતિને લઈને પહેલાં કરતાં વધુ સાવધ બન્યો છે. વધુમાં એક્ટ્રેસે કહ્યું હતું કે આ મહત્ત્વનું પગલું હતું, જેની અસર સ્પષ્ટ રીતે જોવા મળે છે. કાજોલે આ વાત સોમવારે (૨ માર્ચ) શોર્ટ ફિલ્મ 'દેવી'ના સ્ક્રીનિંગ દરમિયાન કહી હતી. એક ઈવેન્ટમાં જ્યારે એક રિપોર્ટરે કાજોલને પૂછ્યું હતું કે મીટુ મૂવમેન્ટ બાદ ફિલ્મના સેટ પર મહિલાઓ પ્રત્યેના વ્યવહારમાં કોઈ ફેરફાર થયો છે? જેના જવાબમાં કાજોલે કહ્યું હતું, હા, ફેરફાર આવ્યો છે અને હું એમ નહીં કહું કે આ ફેરફાર માત્ર ફિલ્મના સેટ્સ પર જ આવ્યો છે. પ્રામાણિક રીતે કહું તો મને લાગે છે કે આ આંદોલનની થયા બાદ તમે કોઈ પણ પુરુષને પૂછશો તો તમને ખ્યાલ આવશે કે અનેક મોટા લોકોનું આમાં નામ આવ્યા બાદ સારા, ખરાબ, ઉદાસ..તમામ પ્રકારના પુરુષો સાત ડગલાં પાછળ હટી ગયા છે. વધુમાં એક્ટ્રેસે કહ્યું હતું, આ અંગે ઘણું બધું કરવામાં આવ્યું છે પરંતુ મને લાગે છે કે આમાં બહુ બધુ હજી કરવાની જરૂર છે, બહુ બધા વિચારો તથા સાવધાની સાથે. મારી નજરમાં સારા અથવા ખરાબ કરતાં વધુ જરૂરી એ છે કે આપણે લોકોને તેમના રોજિંદા વ્યવહાર દરમિયાન વધુ જવાબદાર બનાવીએ અને આ અંગે વિચાર કરવામાં પ્રેરિત કરીએ.

અનુપમ ખેરે વીડિયો શેર કરી કોરોના વાયરસથી બચવાની રીત જણાવી

મુંબઈ

વિશ્વભરમાં આ સમયે કોરોના વાયરસથી હલચમ મચી છે. તો હવે ભારતમાં કોરોના વાયરસના મામલા સામે આવવા પર લોકોની ચિંતા વધી ગઈ છે. આ વચ્ચે વરિષ્ટ અભિનેતા અનુપમ ખેરે કોરોના વાયરસને લઈને એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં લોકોને વાયરસથી બચવા માટે સાવધાની રાખવા માટે કહી રહ્યાં છે.

અનુપમ ખેરે મંગળવારે પોતાના ટ્વીટર હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે. તેમાં અભિનેતાએ લોકોને કોરોના વાયરસથી બચવાની રીત જણાવી છે. તેમણે કહ્યું કે, મને લાગે છે કે એકબીજાનું અભિવાદન કરવા માટે આપણે હાથ મિલાવવાની જગ્યાએ ભારતીય પરંપરા અનુસાર મનસ્તે કરવા યોગ્ય છે. આમ કરવાથી તમે ચેપગ્રસ્ત થતાં બચી શકશો.

એક તરફ જ્યાં અનુપમ ખેર લોકોને કોરોના વાયરસથી બચવા માટે આઈડિયા શેર કરી રહ્યાં છે. તો બીજીતરફ કેઆરકેએ ટ્વીટ કરીને કહ્યું કે, તેઓ ઈચ્છે છે કે કોરોના વાયરસ જલદીમાં જલદી ભારતમાં આવી જાય. ત્યારબાદ યૂઝરોએ કોમેન્ટ કરીને તેને ટ્રોલ કર્યા છે. મહત્વનું છે કે કેઆરકે હંમેશા વિવાદાસ્પદ નિવેદનને કારણે ચર્ચામાં રહે છે.

રમત જગત વિશેષ

ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર એલિસ પેરી મહિલા ટી-૨૦ વિશ્વકપમાંથી બહાર

સિડની

વર્તમાન ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને મંગળવારે તે સમયે મોટો ઝટકો લાગ્યો જ્યારે તેની સ્ટાર ઓલરાઉન્ડર એલિસ પેરી આઈસીસી મહિલા ટી૨૦ વિશ્વકપથી બહાર થઈ ગઈ છે. તેના પગના સ્નાયૂઓ ખેંચાઈ ગયા અને આ કારણે તેણે બહાર થવું પડ્યું છે.

સોમવારે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ટીમની રોમાંચક જીત દરમિયાન રન આઉટ કરવાના પ્રયાસ બાદ પેરી દુખાવા સાથે મેદાનની બહાર જતી જોવા મળી હતી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કહ્યું કે, પેરી ચાર વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાના ગુરૂવારે સિડનીમાં રમાનારી સેમિફાઈનલ અને જો ટીમ આગળ વધી તો રવિવારે રમાનારી ફાઈનલમાં રમી શકશે નહીં.

ઈજાની ગંભીરતાનો અંદાજો તે વાતથી લગાવી શકાય છે કે તે આ મહિને યોજાનારા ઓસ્ટ્રેલિયાના દક્ષિણ આફ્રિકાના પ્રવાસ પર પણ ઉપલબ્ધ રહેશે નહીં. ટીમ ડોક્ટર પિપ ઈંગે નિવેદનમાં કહ્યું, 'એલિસના ડાબા પગના સ્નાયૂઓમાં ટોપ ગ્રેડની ઈજા છે તેના કારણે તેણે રમતથી લાંબા સમય સુધી દૂર રહેવું પડી શકે છે.'

મહિલા ટી-૨૦ વર્લ્ડકપ: પ્રથમ સેમિફાઈનલમાં ભારત-ઈંગ્લેન્ડની ટક્કર

સિડની

ભારતની મહિલા ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયામાં ચાલી રહેલા આઈસીસી ટી૨૦ વિશ્વકપની સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ટકરાશે. બીજી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો સામનો દક્ષિણ આફ્રિકા સામે થશે. પ્રથમ સેમિફાઈનલ પાંચ માર્ચે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે અને આજ દિવસે બીજી સેમિફાઈનલ મેચ રમાશે.

ભારતે ગ્રુપ-એમાં ટોપ પર રહેતા સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે જ્યારે ઈંગ્લેન્ડની ટીમ ગ્રુપ-બીમાં બીજા સ્થાન પર રહી છે. ગ્રુપ-એમાં ઓસ્ટ્રેલિયન



ટીમ બીજા સ્થાન પર રહી અને નક્કી કાર્યક્રમ પ્રમાણે તેણે હવે સેમિફાઈનલમાં ગ્રુપ-બીની ટોપ ટીમ દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ટકરાવાનું છે.

સેમિફાઈનલમાં પહોંચનારી ટીમોનો નિર્ણય સોમવારે ન્યૂઝીલેન્ડ પર ઓસ્ટ્રેલિયાની જીતની સાથે થઈ ગયો હતો, પરંતુ ગ્રુપ-બીમાં કઈ ટીમ ટોપ પર રહેશે, તેનો નિર્ણય દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાનારી મેચથી થવાનો હતો.

આ બંન્ને ટીમોની મેચ એકપણ બોલ ફેંકાયા વિના રદ થઈ ગઈ અને આ રીતે બંન્ને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યો છે. આ એક પોઈન્ટની સાથે આફ્રિકાની ટીમ સાત પોઈન્ટ સાથે ગ્રુપ-બીમાં ટોપ પર પહોંચી ગઈ છે. ઈંગ્લેન્ડના છ પોઈન્ટ છે.

ભારતીય ટીમે ગ્રુપ-એમાં પોતાની તમામ ચારેય મેચ જીતીને કુલ આઠ પોઈન્ટ સાથે સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે. ઓસ્ટ્રેલિયાએ ત્રણ જીત સાથે છ પોઈન્ટ હાંસિલ કર્યા છે જ્યારે આફ્રિકાની ટીમે ત્રણ જીત અને એક રદ મેચ સાથે કુલ સાત પોઈન્ટ મેળવ્યા છે. ઈંગ્લેન્ડના ચાર મેચોમાં છ પોઈન્ટ છે.

સર્વશ્રેષ્ઠ ટીમ જ ભારતીય મહિલા ટીમને ફાઈનલમાં પહોંચવાથી રોકી શકે : બ્રેટ લી

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ફાસ્ટ બોલર બ્રેટ લીનું માનવું છે કે, કોઈ સર્વશ્રેષ્ઠ ટીમ જ હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમને આઈસીસી મહિલા ટી-૨૦ વિશ્વ કપની ફાઈનલમાં પહોંચવાથી રોકી શકે છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ગ્રુપ-એની પોતાની ચારેય મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં ટોપ પર રહીને સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

ભારતીય ટીમે ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકાને હરાવ્યું છે. બ્રેટ લીએ આઈસીસીની વેબસાઈટ પર પોતાની કોલમમાં લખ્યું કે, આપણે શરુઆતથી જ જોયુ છે કે, ભારતીય ટીમ કેવી રીતે શાનદાર પ્રદર્શન કરી શકે છે. એમાં કોઈ આશ્ચયની વાત નથી કે ભારતીય ટીમે ગ્રુપ-એમાં શાનદાર ફોર્મ બરકરાર રાખીને પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતીય મહિલા ટીમ ક્યારેય પણ ફાઈનલમાં પહોંચી નથી પરંતુ આપણે પહેલા જે ટીમે જોઈ હતી તેના કરતા આ ટીમ ઘણી અલગ છે. ભારતીય ટીમ પાસે શેફાલી વર્મા અને પૂનમ યાદવના રૂપમાં મેચ વિનર ખેલાડી છે. બન્નેએ બેટિંગ તેમજ બોલીંગ દ્વારા સારૂ પ્રદર્શન કર્યુ છે. ૧૬ વર્ષની શેફાલીએ ટૂર્નામેન્ટની ચાર ઈનિંગ્સમાં અત્યાર સુધીમા ૧૬૧ રન બનાવ્યા છે.

દ.આફ્રિકા સામેની સિરિઝમાં ધવન, ભૂવનેશ્વર, હાર્દિકની વાપસીની શક્યતા

ન્યુ દિલ્હી

ટીમ ઈન્ડિયા માટે ન્યૂઝીલેન્ડનો પ્રવાસ વધુ સારો ન રહ્યો. ટી-૨૦ સીરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ વન ડે અને ટેસ્ટ સીરીઝમાં ભારતીય ટીમને કારમી હારનો સામનો કરવો પડ્યો. ન્યૂઝીલેન્ડે, ટીમ ઈન્ડિયાને વન ડે અને ટેસ્ટ બંને સીરીઝમાં વ્હાઈટ વોશ કરી. જો કે, હવે ભારતીય ટીમ સામે આ હારને ભૂલાવી આગામી સીરીઝની તૈયારી કરવાનો પડકાર છે.

ભારતીય ટીમ હવે દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ૧૨ માર્ચથી વન ડે સીરીઝ રમશે. દક્ષિણ આફ્રિકાએ આ સીરીઝ માટે પોતાની ટીમની જાહેરાત પણ કરી દીધી છે. ત્યારે ભારતીય ટીમની પસંદગી હાલ બાકી છે. માહિતી મુજબ ભારતીય ટીમની પસંદગી એકવાર ફરી એમએસકે પ્રસાદની આગેવાનીની પસંદગી સમિતિ કરે એવા અહેવાલ છે. ત્યારે હવે ટીમ ઈન્ડિયામાં ત્રણ ધુરંધરોની વાપસી થશે એવી માહિતી મળી છે.

માહિતી મુજબ ભુવનેશ્વર કુમાર, શિખર ધવન અને હાર્દિક પંડ્યાની વાપસીને લઈ સારા સંકેત મળ્યા છે. આ ત્રણે ખેલાડીઓએ ડીવાઈ પાટિલ ટી-૨૦ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો અને શાનદાર પ્રદર્શન કર્યું હતું. સૂત્રો મુજબ એમએસકે પ્રસાદે આ ત્રણે ખેલાડીને મેદાન પર જોયા બાદ કહ્યું કે આ ત્રણેની વાપસી જોઈ તેઓ ખુશ છે. જો કે, એમએસકે પ્રસાદનો કાર્યકાળ સમાપ્ત થઈ ચૂક્યો છે. પરંતુ અત્યાર સુધી તેમની જગ્યાએ કોઈ અન્ય પસંદગીકર્તાને નિમણૂક કરવામાં આવ્યા નથી. તેથી એમએસકે પ્રસાદની આગેવાનીની પસંદગી સમિતિ એકવાર ફરી ભારતીય ટીમની પસંદગી કરી શકે છે.

કોહલીની ટેક્નિક એકદમ બરાબર છે, આ માત્ર ખરાબ તબક્કો છે : ઈન્ઝમામ ઉલ હક

કરાંચી

ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં નિષ્ફળ રહેલા ઈન્ડિયન કેપ્ટન વિરાટ કોહલીનો પાકિસ્તાનના પૂર્વ કમાન અને ચીફ સિલેક્ટર ઈન્ઝમામ ઉલ હકે બચાવ કર્યો છે. ઈન્ઝમામે કહ્યું કે, "વિરાટ કોહલીની બેટિંગ ટેક્નિકમાં કોઈ ખામી નથી. જો તેની ટેક્નિક ખરાબ હોત તો તે ૭૦ સેન્ચુરી મારી ન હોત." વિરાટે ન્યૂઝીલેન્ડ સામેની ૨ ટેસ્ટની ૪ ઈનિંગ્સમાં માત્ર ૩૮ રન કર્યા હતા. મોહમ્મદ શમીએ તેનાથી વધુ ૪૪ રન કર્યા હતા.

ઈન્ઝમામે પોતાની યૂટ્યૂબ ચેનલ પર એક વીડિયોમાં કોહલીનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે, હું હેરાન છું કે વિરાટની ટેક્નિક પર પ્રશ્નો થઈ રહ્યા છે. શું તમે ભૂલી ગયા કે આ ટેક્નિકથી જ તેણે ૭૦ સેન્ચુરી મારી છે. કોઈ કહે છે તેનું બેટ ગલીથી આવે છે, કોઈ કહે છે બેકલિફ્ટ વધારે છે. એવું કઈ નથી. દરેક ખેલાડીના જીવનમાં આવો સમય આવે છે, જ્યારે તે પોતાનાથી લડી રહ્યો હોય છે. હું એક વાતની ગેરેન્ટી આપી શકું છું કે વિરાટ હવે પહેલા કરતા વધુ રન બનાવશે.

કોહલીની હવે ઉંમર થઈ ગઈ, દેખવામાં પણ મુશ્કેલી : કપિલ દેવ

ન્યુ દિલ્હી

ટી-૨૦ સિરીઝમાં ૫-૦ની જીત બાદ ભારતીય કેપ્ટન વિરાટ કોહલી માટે ન્યૂઝીલેન્ડનો પ્રવાસ કોઈ ભયાનક સપનાથી ઓછો ન હતો. દુનિયાની નંબર વન ટેસ્ટ ટીમને ન્યૂઝીલેન્ડે બે ટેસ્ટ મેચોની સિરીઝમાં ધૂળ ચટાડી દીધી. સ્ટાર ખેલાડીઓની ભરમારથી સજેલ ભારતીય ટીમે વેલિંગ્ટન ટેસ્ટ દસ વિકેટ તો કાઈસ્ટચર્ચ ટેસ્ટ સાત વિકેટથી ગુમાવી દીધી. ટી-૨૦, વન-ડે અને ટેસ્ટ સિરીઝ મેળવી દઈએ તો વિરાટ કોહલી ૧૧ ઈનિંગમાં માત્ર ૨૦૮ રન જ બનાવી શક્યો. તેમા પણ તેણે માત્ર એક જ વાર હાફ સેંચુરી ફટકારી હતી અથવા તો એવું પણ કહી શકાય કે વન-ડે અને ટેસ્ટ સિરીઝમાં ભારતીય ટીમનું શરમજનક પ્રદર્શન વિરાટ કોહલીની અસફળતા રહી.

ભારતીય ટીમને ૧૯૮૩મા વર્લ્ડ કપ જીતાડનાર કેપ્ટન કપિલ દેવે ટીમ ઈન્ડિયાના પ્રદર્શનને લઈ ખુબ મોટી પ્રતિક્રિયા આપી છે. કપિલ દેવે જણાવ્યું કે, વિરાટ કોહલી હવે ધીરો થઈ ગયો છે. તેમણે કહ્યું,'જ્યારે તમે એક ખાસ ઉંમર પર પહોંચી જાવ છો, જ્યારે તમે ૩૦ની ઉંમર પાર કરો છો તો તમારી આંખો પર તેની અસર પડે છે. સ્વિંગ થતા બોલ પર વિરાટ કોહલીની શક્તિ તેને ક્લિક કરે છે, જેના કારણે તે ચોગ્ગો મારે છે પરંતુ હવે તે પ્રકારના બોલ પર જ તે બે વખત આઉટ થઈ ગયો.' 'મને લાગે છે કે, વિરાટ કોહલીને પોતાની આંખોને એડજસ્ટ કરવાની જરૂર છે. જ્યારે મોટા ખેલાડીઓ બોલ્ડ અથવા એલબીડબલ્યૂ થવા લાગે તો તેનો મતલબ એ થાય ચે કે, તેમને વધારે અભ્યાસ કરવાની જરૂર છે.

ભાજપ સંસદીય પક્ષની બેઠકમાં વડાપ્રધાનના વિપક્ષ પર પ્રહાર

દેશ તોડનારની સામે પૂરી તાકાતથી ઊભા રહેવું પડશેઃ મોદી

કેટલાક લોકોને ભારત માતાની જય બોલવામાં તકલીફ,બીજા માટે રાજનીતિ પહેલા પરંતુ ભાજપ માટે રાષ્ટ્ર સર્વોપરી, સાંસદોએ આ સંદેશ સાથે કામ કરવું જોઈએ



ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ હિતને પાર્ટી હિતથી ઉપર ગણાવતાં મંગળવારે કહ્યું કે વિકાસ આપણો મંત્ર છે અને વિકાસની પહેલી આવશ્યકતા એકતા તથા સૌહાર્દ છે. તેથી તમામે સમાજમાં શાંતિ, સદ્ભાવ અને એકતા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. સંસદીય કાર્ય મંત્રી પ્રહ્લાદ જોશીએ જણાવ્યું કે વડાપ્રધાને બીજેપી સંસદીય દળની બેઠકને સંબોધિત કરતા આ વાત કહી.

વડાપ્રધાને કહ્યું કે હજુ પણ કેટલીક પાર્ટીઓ દ્વારા પાર્ટી હિતોને રાષ્ટ્રીય હિતોથી વધુ ઉપર રાખવામાં આવે છે. બીજી તરફ સૂત્રોએ જણાવ્યું કે વડાપ્રધાને સાંસદોને સંદેશ આપ્યો કે પાર્ટી હિત કરતાં દેશ હિત ઉપર છે. વડાપ્રધાને કહ્યું કે તમામ સાંસદોને સમાજમાં શાંતિ, સદ્ભાવ અને એકતા સુનિશ્ચિત કરવા માટે કામ કરવું જોઈએ.

બેઠકમાં વડાપ્રધાને પોતાના નારાને ફરીથી વ્યક્ત કરતાં કહ્યું કે સબકા સાથે, સબકા વિકાસની સાથે-સાથે બધાનો વિશ્વાસ પણ જરૂરી છે. સૂત્રોએ જણાવ્યું કે, વડાપ્રધાન મોદીએ કહ્યું કે પાર્ટી હિતથી મોટો દેશ છે અને જો તેઓ ભારત માતા કી જય બોલે છે તો સવાલ ઉઠાવવામાં આવે છે. તેઓએ કહ્યું કે આપણે દેશ હિતની લડાઈ લડવાની છે, આપણે દેશહિતને મહત્વ આપવાનું છે, પાર્ટી હિતને પાછળ રાખવાનું છે.

ઘણા નેતાઓને ભારત માતાની જય અને વંદે માતરમ્ બોલવામાં પણ શરમ આવે છે. આ લોકો 'દેશના ટુકડા-ટુકડા'ના નારા લગાવે છે. આવા લોકો સામે પૂરી તાકાતથી ઊભા રહેવાની જરૂર છે.

સૂત્રો અનુસાર, પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકોને ભારત માતા કી જય બોલવામાં તકલીફ પડે છે જે ખૂબ જ દુખદ છે. ભારતીય જનતા પાર્ટી સંસદીય પાર્ટીની બેઠક મંગળવારે યોજાયી જેમાં વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ સહિત તમામ પાર્ટી સાંસદ ઉપસ્થિત હતા.

દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી અમિત શાહના માથે છે. જેઓ આ કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંભાળવામાં નિષ્ફળ રહેતાં અજિત દોવાલને જાતે મોદીની સૂચનાથી દિલ્હીમાં ઉતરવું પડ્યું હતું. અજિત દોવાલની હાજરી બતાવે છે કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બની હતી. મોદીએ જાતે આ નિર્ણયો લેવા પડ્યા હતા. હાલમાં શાહ ગૃહમંત્રી છે. ભાજપના નેતાઓ જે પ્રકારે નિવેદન કરી રહ્યાં છે એ એક રણનીતિના ભાગરૂપે હોઈ શકે પણ આજની મીટિંગે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જે પ્રકારે વિશ્વમાં ભારતની ઇમેજ ખરડાઈ છે. તેને લઇને મોદી ભાજપના કેટલાક નેતાઓથી નારાજ થયા છે.

વોશિંગ્ટનમાં વધુ ચાર લોકોના મોત,૯૧ કેસ પોઝિટિવ

અમેરિકામાં કોરોના વાયરસનો આતંકઃ છ લોકોના મોતથી ફફડાટ

રાષ્ટ્રપતિ ટ્રમ્પે હેલ્થ અધિકારીઓ તેમજ ફાર્મા ક્ષેત્રના કોર્પોરેટ્સ સાથે રસી વિકસાવવા ચર્ચા કરી

વૉશિંગ્ટન

કોરોના વાયરસના હાહાકાર વચ્ચે ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા અને યુનાઈટેડ કિંગ્ડમની સરકારો સફાળી જાગી છે અને સંકટને ડામવા માટે આર્થિક રાહત પેકેજ સહિતના પગલાં લેવાની ફરજ પડી છે. કોરોનાને નાથવા માટે મહિનાઓમાં એન્ટિવાયરલ સારવાર માટે પગલાં લેવામાં આવશે તેમજ આગામી વર્ષ સુધીમાં તેની રસી પણ વિકસાવવા માટે વિશ્વના દેશોએ કમર કસી છે.


અમેરિકામાં કોરોના વાયરથી મૃત્યુઆંક છ પર પહોંચ્યો છે. વોશિંગ્ટનમાં વધુ ચાર લોકોના કોરોનાને કારણે મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે જ્યારે ૯૧ જેટલા કેસ પોઝિટિવ હોવાનું જણાયું છે. અમેરિકામાં કોરોના વાયરસથી મૃત્યુઆંક વધતા વિદેશથી આવતા પ્રવાસીઓ પર બાજ નજર રાખવાના આદેશો અપાયા છે. ઈન્ડોનેશિયા કોરોનાથી ઉદભવેલા સ્વાસ્થ્ય સંકટ સામે બીજું સ્ટિમ્યુલસ પેકેજ આપવા કવાયત કરી રહ્યું છે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે-ઈને જણાવ્યું કે તેમનું રાષ્ટ્ર કોરોના સામે જંગ માટે સજ્જ છે.

બાર વર્ષ પછી વૈશ્વિક અર્થતંત્ર મંદી તરફ ધકેલાઈ રહ્યા છે. ઓઈસીડીના મતે કોરોના સંકટથી વૈશ્વિક અર્થતંત્રોમાં ફરી મંદી પ્રવર્તવાની ભીતિ છે. ઈટાલી તેમજ સ્પેનમાં કોરોનાના કેસોમાં આવેલા ઉછાળાને પગલે યુરોપિયન સંઘે વિશેષ ટીમ તૈયાર કરી છે.

અમેરિકામાં કોરોના વાયરસે માથું ઊંચક્યું છે અને વોશિંગ્ટનમાં છ લોકો મોતને ભેટ્યા છે. યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વાઈસ પ્રેસિડેન્ટ માઈક પેન્સ સાથે મળીને સ્થિતિની સમીક્ષા કરી છે અને કોરોના માટેની રસી બનાવવા પર કામ કરી રહેલા સ્વાસ્થ્ય અધિકારીઓ તેમજ કોર્પોરેટ્સ સાથે ચર્ચા પણ કરી હતી.

ઈન્ડોનેશિયાએ અગાઉ ૭૨૫ મિલિયન ડોલરનું રાહત પેકેજ જાહેર કર્યા બાદ હવે વધુ મોટા બીજા રાહત પેકેજની તૈયારીઓ હાથ ધરી છે.

ભારત દ્વારા પણ કોરોનાગ્રસ્ત દેશોમાંથી પ્રવાસ કરીને પરત આવતા લોકોના સ્ક્રિનિંગના આદેશ આપ્યા છે. આ ઉપરાંત દેશમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે વિશેષ આઈસોલેશન વિભાગ પણ હોસ્પિટલોમાં ઉભા કરવામાં આવ્યા છે.



ભારતમાં કોરોના વાયરસનો છઠ્ઠો કેસ જયપુરમાં નોંધાયો

ભારતમાં કોરોનાવાઈરસનો છઠ્ઠો મામલો જયપુરમાં પ્રકાશમાં આવ્યો છે. આ વ્યક્તિ ઈટલીનો હોવાનું કહેવાઈ રહ્યું છે, તેની ઉંમર ૬૯ વર્ષ છે. આ કેસની પુષ્ટિ એસએમએસ હોસ્પિટલના ડોક્ટ સુધીર ભંડારીએ કરી છે. ભંડારીના જણાવ્યા મુજબ દર્દીને દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે. હોસ્પિટલ દિલ્હી સ્થિત ઈટલીના દૂતવાસ સાથે સંપર્કમાં પણ છે. કારણ કે આ વ્યક્તિની સાથે ઈટલીના ૧૮ લોકો પણ છે.

કોરોનાઃ એર ઈન્ડિયાના ૧૦ ક્રૂ મેમ્બર નિરીક્ષણ હેઠળ, ૧૪ દિવસ ચાલશે સારવાર

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના પ્રકોપને કારણે એર ઈન્ડિયાના ૧૦ ક્રૂ મેમ્બરને નિરીક્ષણ હેઠળ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૫ ફેબ્રુઆરીએ વિએનાથી દિલ્હી આવી રહેલા એર ઈન્ડિયાના એઆઈ ૧૫૪ વિમાનમાં એક મુસાફરનો સેમ્પલ ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે.

સોમવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે દિલ્હીમાં કોરોના વાયરસથી સંક્રમિત એક વ્યક્તિની પુષ્ટી કરી ત્યારે આ નિર્ણય લેવાયો છે. મંત્રાલયની આ પુષ્ટિ બાદ એ નિર્ણય લેવાયો કે વિએના દિલ્હી એર ઈન્ડિયા વિમાનના ૧૦ ક્રૂ મેમ્બરને તેમના ઘરમાં ૧૪ દિવસ માટે નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. દિલ્હીમાં જે દર્દીની જાણ થઈ છે તે આ વિમાનમાં સવાર હતો. ૨૫ ફેબ્રુઆરીએ આ વિમાને વિએનાથી દિલ્હીની ઉડાન ભરી હતી.

૨૫ ફેબ્રુઆરીની વિએના-દિલ્હી ફ્લાઈટના ક્રૂ મેમ્બર્સ પોતાના ઘરે ૧૪ દિવસ સુધી નિરીક્ષણ હેઠળ રહેશે. આ સમય દરમિયાન તેમનામા કોરોના વાયરસના કોઈ પણ લક્ષણ જોવા મળે તો તેમને તાત્કાલિક ડૉક્ટરો સાથે સંપર્ક કરવાનો રહેશે.

દિલ્હી પોલીસે આરોપીની ઉ.પ્રદેશના બરેલીમાંથી ધરપકડ કરી

દિલ્હી હિંસાઃ પોલીસ પર બંદૂક તાકનાર શાહરૂખ આખરે ઝડપાયો

૨૪ ફેબ્રુઆરીએ દિલ્હીના જાફરાબાદમાં શાહરુખે ૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું



ન્યુ દિલ્હી

દિલ્હી હિંસામાં પોલીસ જવાનની છાતી પર બંદૂક તાણનારા અને ૮ રાઉન્ડ ગોળીબાર કરનારા શાહરૂખની આખરે ધરપકડ કરવામાં આવી છે. હિંસા દરમિયાન શાહરૂખની આ તસવીરે દેશભરમાં સનસનાટી મચાવી હતી. શાહરૂખની ઉત્તર પ્રદેશના બરેલીથી ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ જવાન પર બંદૂક તાકી અને ૮ રાઉન્ડ ગોળીબાર કર્યા બાદ ફફડી ઉઠેલો શાહરૂખ ધરપકડથી બચવા લપાઈ ગયો હતો. ધરપકડથી બચવા માટે તે ફરાર થઈ ગયો હતો.

નાગરિકતા સંશોધન કાયદો અને રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર વિરુદ્ધ દિલ્હીના ઉત્તર-પૂર્વ જિલ્લામાં હિંસક પ્રદર્શન થયા હતાં. ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલી હિંસા દરમિયાન પોલીસ પર ફાયરિંગ કરનારો લાલ ટી-શર્ટ પહેરેલા શખ્સની ઓળખ કરવામાં આવી હતી જેનું નામ શાહરૂખ હોવાનું બહાર આવ્યું હતું. દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચે ઉત્તર પ્રદેશના બરેલીમાં છુપાયેલા શાહરૂખની મંગળવારે ધરપકડ કરી લીધી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, શાહરુખના પિતા સાબિર રાણાએ દિલ્હી હિંસા બાદ તેના રોકાવાની પહેલા બરેલી અને પછી શામલીમાં વ્યવસ્થા કરાવી હતી. શાહરુખને તેના પિતાએ બે સાથીઓની મદદથી બરેલી મોકલ્યો હતો. ત્યાં તે લગભગ ૪-૫ દિવસ રોકાયો અને પછી શામલીમાં શિફ્ટ થઈ ગયો હતો.

આરોપી યુવક શાહરૂખની જાણકારી મળ્યા બાદથી જ પોલીસ અને સ્પેશલ સેલની ૧૦ ટીમ તેની શોધખોળમાં લાગી ગઈ હતી. એવા અહેવાલો સામે આવ્યા હતા કે ફાયરિંગ કરનારો યુવક શાહરૂખ ઉત્તર પ્રદેશમાં છુપાયેલો છે. દિલ્હી હિંસામાં ૪૫થી પણ વધુ લોકોના મોત થયા છે.

દિલ્હીના મૌજપુર વિસ્તારમાં ફાયરિંગ કરનારો આરોપી યુવક શાહરૂખ ફાયરિંગ કર્યા બાદ પાણીપત પહોંચ્યો હતો. ત્યારબાદ તે કૈરાના, અમરોહા જેવા પશ્ચિમ ઉત્તર પ્રદેશના અલગ-અલગ શહેરોમાં છુપાતો રહ્યો હતો. દિલ્હીની સ્પેશલ સેલને શાહરૂખની કૉલ ડિટેલની જાણકારી મળી હતી. જેમાં આરોપી ઉત્તર પ્રદેશના બરેલીમાં છુપાયો હોવાનું જાણવા મળ્યું હતું. આખરે પોલીસે આજે શાહરૂખની ધરપકડ કરી હતી.

કોરોના વાયરસ ઈફેક્ટઃ ભારતે ૨૬ દવાઓના એક્સપોર્ટ પર પ્રતિબંધ લગાવ્યો

ન્યુ દિલ્હી

સરકારે ૨૫થી વધુ દવાઓ અને ફોર્મુલેશન્સના એક્સપોર્ટ પર ત્વરિત ધોરણે પ્રતિબંધ મૂક્યો છે. ચીનથી રો મટિરિયલના ઈમ્પોર્ટમાં સમસ્યા થતા પ્રોડક્શનમાં ઘટાડો થવાની આશંકા છે. જેના પર સરકારે પ્રતિબંધ મૂક્યો છે એવી દવાઓમાં પેરાસીટામોલ, ટીનીડાઝોલ, મેટ્રોનીડાઝોલ, વિટામિન B1, B6, B12, પ્રોજેસ્ટેરોન એ મુખ્ય દવાઓ છે. આને લઈ ડીજીએફટીએ હાલની એક્સપોર્ટ પોલિસીમાં ફેરફાર માટે એક નોટિફિકેશન જાહેર કર્યું છે.

મીડિયા રિપોર્ટ મુજબ સરકારે પેરાસીટામોલ સહિત દવાઓ બનાવવામાં ઉપયોગ થતા ૨૬ ફોર્મૂલેશન અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ્સ ઈંગ્રીડિએન્ટ્સના એક્સપોર્ટ પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. ચીન સહિત અન્ય દેશોમાં કોરોના વાયરસના ચેપ વધવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટિનિડેઝોલ, મેટ્રોનાઈડેઝોલ, વિટામિન B1, B6, B12 અને પ્રોજેસ્ટેરોન બનાવવામાં કામ આવનારા ફોર્મૂલેશનના એક્પોર્ટ પર પણ રોક લગાવવામાં આવી છે.

ડાયરેક્ટ્રેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડએ મંગળવારે આ અંગે એક નોટિફિકેશન જાહેર કર્યું હતું. આ ત્વરિત ધોરણે લાગૂ થશે. ફાર્માસ્યૂટિકલ્સ એક્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતથી દવાઓનું કુલ એક્સપોર્ટ ૧૯૦૦ કરોડ ડોલર(લગભગ ૧.૩૫ લાખ કરોડ રૂપિયા) નોંધાયું હતું. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની માંગ આધારે ડીપીટી અને બીસીજી માટે લગભગ ૬૫ ટકા દવાઓ ભારતમાં બને છે અને ઓરીની રસીના ૯૦ ટકા ટીકા ભારતમાં બને છે. જેનેરિક દવાઓ બનાવનારી દુનિયાની ટોચની ૨૦ કંપનીઓમાંથી ૮ કંપનીઓ ભારતમાં છે.

વોડાફોન-આઈડિયા આ સપ્તાહે સ્પેક્ટ્રમ પેટે રૂ ૩,૦૦૦ કરોડ ચૂકવે તેવી શક્યતા

મુંબઈ

વોડાફોન આઈડિયા સ્પેક્ટ્રમ પેટે રૂ ૩,૦૦૦ કરોડ આ સપ્તાહે ચૂકવે તેવી સંભાવના છે. તેણે અગાઉની હરાજીમાં આ એરવેવ્સ ખરીદ્યા હતા. તેણે તેની બેક ગેરંટી જમ થતી અટકાવવા આ ચુકવણી કરવી પડે તેમ છે. આના દ્વારા કંપની તેવો સંકેત પણ મોકલી શકે છે કે તે જાણીબૂજીને તેની આના દ્વારા કંપની તેવો સંકેત પણ મોકલી શકે છે કે તે જાણીબૂજીને તેની કાયદાકીય જવાબદારીઓમાં નાદારી નોંધાવવાનો ઇરાદો ધરાવતી નથી. મંગળવારે આ ચુકવણીની ડેડલાઈન ટેલિકોમ કંપનીને દસ દિવસનો ગ્રેસ પિરિયડ આપવામાં આવ્યો હતો. તેના પછી નોટિસ મોકલાશે અને બેક ગેરંટી વટાવી દેવાશે. વોડાફોન આઈડિયા આ સપ્તાહે સ્પેક્ટ્રમની રકમ ચૂકવે તેવી સંભાવના છે. વોડાફોન આઈડિયાએ એડ્જસ્ટેડ ગ્રોસ રેવન્યૂ એજીઆર) પેટે ટેલિકોમ વિભાગને ૫૩,૦૦૦ કરોડની રકમ ચૂકવવાની છે. તેણે રૂ ૫૦૦ કરોડની ચુકવણી કરી છે અને તેને આશા છે કે તેને આ ચુકવણીમાં રાહત મળશે નહીં તો તેણે કદાચ કંપની બંધ કરવી પડશે. ઉદ્યોગના એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું કે સ્પેક્ટ્રમની બાકી નીકળતી રકમ ચુકવણી સમયસર કરવામાં આવે તો તેના પરથી કંપની નાણાકીય પ્રતિબદ્ધતા પ્રત્યેનો સન્માન ધરાવે છે તેવો સંદેશ જશે, હવે જો કંપની તેમ કરવામાં નિષ્ફળ નીવડે તો તે જબરજસ્ત નાણાકીય દબાણ હેઠળ છે તેવો સંકેત મળશે. અહેવાલ મુજબ કંપનીની રોકડ બેલેન્સશીટ ડિસેમ્બર ૨૦૧૯માં અંતે ૧.૮ અબજ ડોલરની હતી.સ્પેક્ટ્રમની બાકી નીકળતી રકમ પેટે તેણે માર્ચ ૨૦૨૦ સુધીમાં ૪૫ કરોડ ડોલરની ચુકવણી કરવી છે.અને તેણે બાકિ રહેલા એજીઆર પેટે ૪૯ કરોડ કરોડની ચુકવણી કરવાની છે.

૧ લી એપ્રિલથી વસ્તિ ગણતરીનું પ્રથમ ચરણ શરૂ થશે

ન્યુ દિલ્હી

સીએએ, એનઆરસી અને એનપીઆરને લઈને ચાલી રહેલા વિરોધ વચ્ચે એક એપ્રિલથી વસતી ગણતરીનું પ્રથમ ચરણ શરુ થશે. આ વખતે વસતી ગણતરીમાં હાઉસલિસ્ટિંગ પણ કરવામાં આવશે. એટલે ઘરના સભ્યોની સંખ્યાની સાથે દેશભરમાં ઉપસ્થિત ઘરોનું જે બાંધકામ છે તેનું વર્ણન પણ નોંધવામાં આવશે. આને લઈને રજીસ્ટ્રાર જનરલના કાર્યાલયે સૂચના જાહેર કરી છે.

સૂચના અનુસાર, વસતી ગણતરી અધિનિયમ ૧૯૯૦ ના નિયમ ૬ એ સાથે વસતી ગણતરી અધિનિયમ ૧૯૪૮ની કલમ ૩એ અને કલમ ૧૭ એ દ્વારા આપવામાં આવેલા પાવરના અભ્યાસમાં કેન્દ્ર સરકારે જાહેરત કરી છે કે વસતી ગણતરી ૨૦૨૧ માં હાઉસ લિસ્ટિંગ પણ કરવામાં આવશે. દેશભરમાં એક એપ્રિલ ૨૦૨૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ વચ્ચે આ પ્રક્રિયા કરવામાં આવશે.

એપલ આઈફોનને સ્લો કરવાના કેસને સેટલ કરવા ગ્રાહકોને ૩૬૦૦ કરોડ ચૂકવશે

સાન ફ્રાન્સિસ્કો

એપલ જુના આઈફોનને જાણી જોઈને સ્લો કરવાના કેસને સેટલ કરવા માટે યુઝર્સને ૫૦ કરોડ ડોલર(૩,૬૦૦ કરોડ રૂપિયા)ની ચૂકવણી કરશે. સેન જોસની જિલ્લા કોર્ટમાં દાખલ દસ્તાવેજોમાં આ માહિતી પ્રકાશમાં આવી છે. તે મુજબ અમેરિકાના તમામ પ્રભાવિત યુઝર્સને ૨૫-૨૫ ડોલર આપવામાં આવશે. જોકે દાવાઓની સંખ્યા અને કોર્ટમાંથી કાયદાકીય ખર્ચની રકમના આધારે યુઝર્સને મળનારી રકમ ઓછી કે વધુ શકે છે. કોર્ટ ૩ એપ્રિલે સેટલમેન્ટને મંજૂરી આપી શકે છે. જે અમેરિકન ગ્રાહકોએ ૨૧ ડિસેમ્બર ૨૦૧૭ પહેલા આઈફોન ૬, ૬ પ્લસ, ૬એસ, ૬એસપ્લસ, આઈફોન ૭, ૭ પ્લસ કે એસઈ ખરીદયો હતો અને ફોન સ્લો થવાની સમસ્યા આવી હતી.

ફંડના વપરાશ બાબતમાં પૂર્ણપણે પારદર્શકતા હોવી જોઈએ

ચૂંટણી પંચ ખુદ ચૂંટણી ભંડોળની તરફેણમાં નથીઃ અનુરાગ ઠાકુર

ન્યુ દિલ્હી

કેન્દ્રના નાણાં ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન અનુરાગ ઠાકુરે લોકસભામાં એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે, ચૂંટણીના સ્ટેટ ફંડીગની તરફેણમાં ચૂંટણી પંચ નથી. ઉમેદવારના પોતાના ખર્ચા બાબતે ચેકિંગ અથવા પ્રતિબંધ શક્ય નથી, તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજકીય પક્ષો દ્વારા ભંડોળ લીધા બાબતમાં જોગવાઈમાં ધરખમ ફેરફાર જરૂરી છે, એમ ચૂંટણી પંચનું માનવું છે. ફંડના વપરાશ બાબતમાં પૂર્ણપણે પારદર્શકતા હોવી જોઈએ.

ચૂંટણી પંચે કેન્દ્ર સરકારને જણાવ્યું હતું કે, પંચ સ્ટેટ ફંડીંગની તરફેણમાં નથી. ઠાકુરે જણાવ્યું હતું કે, રોકડ સોદા બાબતમાં નિરુત્સાહ થાય અને રાજકીય પક્ષોને ભંડોળ બાબતમાં પારદર્શકતા લાવવા સરકારે ઈક્મટેક્સ એક્ટમાં સુધારો કર્યો છે અને રોકડ ડોનેશન રૂ. ૨૦૦૦ સુધી સીમિત રાખ્યું છે. સરકારે ઈલેક્ટ્રોરલ બોન્ડ સ્કિમ-૨૦૧૮ શરૂ કરી હતી, પારદર્શકતા રાજકીય ફંડીંગ સિસ્ટમના ઉદ્દેશથી આ સ્કિમ શરૂ કરાઈછે, અન્ય એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે, આઈ.ટી. રિટર્ન ભરનારાઓની સંખ્યા સતત વધી છે. ૨૦૧૬-૧૭માં ૫.૧૮ કરોડની સંખ્યા હતી તે વધીને ૨૦૧૮-૧૯ એસેસમેન્ટ વર્ષમાં ૬.૩૫ કરોડ થઈ છે.

તાલિબાન સાથેની શાંતિ મંત્રણા શરતો સાથેનો કરાર: યુએસ રક્ષા સચિવ

અફઘાનિસ્તાન આતંકવાદને છાવરતી ભૂમિ ના બને તે અમેરિકાનું લક્ષ્ય: માર્ક એસ્પર

વૉશિંગ્ટન

દોહામાં તાલિબાન સાથે અમેરિકાએ કરેલી શાંતિ મંત્રણા એ શરતો સાથેનો કરાર હોવાનું યુએસ રક્ષા સચિવ માર્ક એસ્પરે જણાવ્યું છે. અફઘાનિસ્તાનમાં બે દાયકાથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા તરફ આ એક મહત્વનું પ્રથમ પગલું હોવાનું એસ્પરે જણાવ્યું છે.

યુએસ અને તાલિબાન વચ્ચે શનિવારે દોહામાં શાંતિ મારે કરાર થયો હતો જેમાં અફઘાનિસ્તાનમાંથી ૧૪ મહિનામાં લશ્કર પરત ખેંચવા અમેરિકા સહમત થયું છે.

અફઘાનિસ્તાનમાં યુદ્ધનો અંત લાવવાની દિશામાં રાજકીય ઉકેલ માટેનું આ પ્રથમ પગલું છે. હું મારા અફઘાનના ભાગીદારોને યાદ અપાવવા માંગુ છું કે, આ શરતો આધારિત કરાર છે, તેમ એસ્પરે અફઘાનિસ્તાનથી પરત ફર્યા બાદ પત્રકારોને જણાવ્યું હતું. પેન્ટાગોન ખાતે સંબોધતા તેમણે કહ્યું કે અમેરિકા તાબિલાનોની ગતિવિધિ પર નજર રાખી રહ્યું છે અને તેઓ પોતાના વાયદાને વળગી રહે છે કે કેમ તે જોવામાં આવશે. ૧૮ વર્ષોથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન અમેરિકાના સંખ્યાબંધ સર્વિસમેન તેમજ વિમેને આપેલા બલિદાન બાદ આ કરાર સંભવ થયો છે.

અમેરિકાએ શાંતિ કરારમાં એવી શરત મૂકી છે કે અફઘાનિસ્તાનમાં હિંસાનું પ્રમાણ ઘટશે અને સમયાંતરે તે નામશેષ થશે તો જ તેઓ લશ્કરને ખસેડશે. અમેરિકા તબક્કાવાર સૈન્ય કાફલાને ખસેડશે અને દૈનિક ધોરણે સ્થિતિની સમીક્ષા પણ કરશે. અમેરિકાનું લક્ષ્ય અફઘાનિસ્તાન આતંકવાદને ઉછેરતી ધરતી ના બને તે રહેશે તેવું અમેરિકન સુરક્ષા વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

ગાયનું છાણ ખૂબ જ ફાયદાકારક છે ગૌમૂત્ર,ગાયના છાણથી કોરોના વાયરસની સારવાર થઈ શકે છે: ભાજપ ધારાસભ્ય

ગુવાહાટી

દુનિયાના અનેક દેશોમાં જીવલેણ કોરોના વાયરસે પગપેસારો કર્યો છે. કોરોના વાયરસને કારણે અત્યાર સુધી હજારો લોકોના મોત થઈ ગયા છે. વૈજ્ઞાનિકો આ વાયરસનો ઉપાય શોધવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આવામાં ભાજપના એક ધારાસભ્યએ કોરોના વાયરસને લઈને એવું નિવેદન આપ્યું છે જેને કારણે લોકો તેમની ટિકા કરી રહ્યા છે. આસામમાં ભાજપના ધારાસભ્ય સુમન હરિપ્રિયાએ વિધાનસભામાં દાવો કર્યો હતો કે ગૌમૂત્ર અને ગાયના છાણથી કોરોના વાયરસની સારવાર થઈ શકે છે.

ભાજપના ધારાસભ્યાએ જણાવ્યું હતું કે, આપણે બધા જાણીએ છીએ કે ગાયનું છાણ ખૂબ જ ફાયદાકારક છે. જેવી રીતે ગૌમૂત્રથી કોઈપણ જગ્યા શુદ્ધ થઈ જાય છે... મને લાગે છે કે તેવી રીતે જ ગૌમૂત્ર તેમજ ગાયના છાણથી કોરોના વાયરસની સારવાર પણ થઈ શકે છે.

ગાયની તસ્કરી પર નારાજગી વ્યક્ત કરતા ભાજપના ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ભારતથી બાંગ્લાદેશમાં થઈ રહેલી ગાયોની તસ્કરીને કારણે ત્યાંની અર્થવ્યવસ્થા મજબૂત થઈ રહી છે. બાંગ્લાદેશ દુનિયાનો બીજી સૌથી મોટો બીફ નિકાસકાર દેશ છે. તે બધી જ ગાયો અમારી છે. પહેલાની કોંગ્રેસની સરકારે ગાયોની તસ્કરી રોકવા માટે કંઈપણ કર્યું નહતું.

બાળકીના સંબંધી કાકાએ બે મિત્રો સાથે મળી દુષ્કર્મ કરી હત્યા કરી હતી

ઝારખંડમાં ૬ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ-હત્યા બદલ દોષિતોને ફાંસીની સજા

દુમકા

જિલ્લાના રામગઢ પ્રખંડમાં ૬ વર્ષની બાળકી સાથે ગેંગરેપ અને પછી તેની હત્યાના મામલામાં પોક્સો એક્ટના વિશેષ જજ તૌફીકુલ હસનની કોર્ટમાં ત્રણેય દોષીતોને ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. સોમવારે કોર્ટમાં મોડી સાંજે ૯ વાગ્યા સુધી સુનવણી થઈ હતી. છેલ્લા ચાર દિવસથી સુનવણી ચાલી રહી હતી. આ કેસમાં કુલ ૧૬ સાક્ષીઓના નિવેદન લેવામાં આવ્યા હતા. ઝારખંડમાં પહેલી વખત એવું બન્યું છે જ્યારે કોર્ટે માત્ર ૨૮ દિવસોમાં સજા સંભળાવી હોય.

૫ માર્ચના સરસ્વતી પૂજાના અવસરે બાળકી મેળો જોવા માટે તેના કાકાના ઘરે ગઈ હતી. સાંજે તેનો સંબંધી કાકા મિઠુ રાય તેને મેળો જોવાના બહાને લઈ ગયો હતો. પરત આવતી વખતે ત્રણેય આરોપીઓએ ગામની બહાર બાળકી સાથે સામુહિક દુષ્કર્મ આચર્યું હતું. તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કર્યું હતું. બાળકી ઘરે પરિવારજનોને કંઈ કહી ન દે તેથી ગળુ દબાવીને હત્યા કરી નાખી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓએ મૃતદેહને ઝાંખરા નીચે દાટી દીધો હતો અને પોતાના ઘરે જઈને સૂઈ ગયા હતા. ૭ ફેબ્રુઆરીએ પોલીસે બાળકીનો મૃતદેહ મેળવ્યો હતો.

આ ઘટના બાદ કોઈને મુખ્ય આરોપી મિઠુ પર શક એટલા માટે ન થયો કારણ કે તે ઘટના બાદ ઘરે આવી ગયો હતો અને સાથે બાળકીની શોધમાં લાગી ગયો હતો. તપાસ દરમિયાન મોહબાના ગામના પાદરે બાળકીની ચપ્પલ મળી અને થોડે દૂર તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે મિઠુને ખબર પડી કે પોલીસને તેના પર શંકા થઈ છે તો તે મુંબઈ ભાગી ગયો હતો. ૮ ફેબ્રુઆરીએ થાણે પોલીસે તેને કલ્યાણ સ્ટેશન પરથી પકડી લીધો હતો. મિઠુની જુબાની પર બાકીના ૨ આરોપી પંકજ રાય અને અશોક રાયને પણ પોડૈયાહાટથી પકડવામાં આવ્યા હતા.

આત્મઘાતી હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા

પુલવામા હુમલામાં સંડોવણી બદલ એનઆઈએએ પિતા-પુત્રીની ધરપકડ કરી

શ્રીનગર

જમ્મુ અને કાશ્મીરમાં ગત વર્ષે પુલવામામાં થયેલા હિંસક હુમલામાં ૪૦ સીઆરપીએફ જવાનો શહીદ થયા હતા. આ ઘાતક હુમલામાં સંડોવણી બદલ પિતા-પુત્રીની નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનાઈએ)એ ધરપકડ કરી છે. મંગળવારે એક શખ્સ અને તેની પુત્રીની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ એજન્સીના અધિકારીના જણાવ્યા મુજબ આ બન્નેની ઓળખ પીર તારિક તેમજ ઈન્શા તરીકે થઈ છે. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પુલવામામાં થયેલા આત્મઘાતી હુમલામાં કુલ ૪૦ સીઆરપીએફ જવાનો શહીદ થયા હતા. એનઆઈએએ આ કેસની તપાસ સંભાળી છે. આ હુમલામાં જૈશ-એ-મોહમ્મદના આદિલ અહેમદ દાર નામના આતંકવાદીએ વિસ્ફોટક સાથેની ગાડી સીઆરપીએફના કાફલા સાથે અથડાવી દીધી હતી. એનઆઈએની એક ટીમે જમ્મુ પહોંચીને પિતા-પુત્રની કસ્ટડી લીધી હતી. સૂત્રોના મતે હુમલાખોર આદિલ દારનો પાકિસ્તાનથી જૈશ-એ-મોહમ્મદ દ્વારા જાહેર કરાયેલા છેલ્લા વીડિયોમાં તે દક્ષિણ કાશ્મીરના પુલવામના હાદિકપોરા સ્થિત આ પિતા પુત્રીના ઘરે હોવાનું જોવા મળ્યું છે. એનઆઈએ દ્વારા પિતા-પુત્રીની ધરપકડ બાદ તેમની પૂછપરછ કરાતા આ હુમલાના વધુ ઊંડા રહસ્યો વિશે માહિતી પ્રાપ્ત થઈ શકશે.

દિલ્હીના હૈદરપુરથી હેન્ડગ્રેનેડ મળતાં ખળભળાટ: તપાસ શરૂ

ન્યુ દિલ્હી

દિલ્હીના હૈદરપુર ગામમાંથી એક હેન્ડ ગ્રેનેડ મળી આવતાં સનસનાટી મચી ગઈ છે. જોકે આ હેન્ડ ગ્રેનેડમાં કાટ લાગેલો છે. હાલ એનએસજીની ટીમે આ હેન્ડ ગ્રેનેડને કબજામાં લીધો છો. સ્થાનિક લોકોએ હેન્ડ ગ્રેનેડ મળવાની માહિતી પોલીસ વિભાગને આપી હતી. પોલીસે આ હેન્ડગ્રેનેડને પોતાના તાબામાં લીધો હતો. ત્યાર બાદ પોલીસે એને એનએસજીની ટીમને સોંપ્યો હતો. જોકે તપાસ એ બાબતની થઈ રહી છે કે એ આવ્યો ક્યાંથી? શું એની પાછળ કોઈ મોટું ષડયંત્ર તો નથીને? હેન્ડ ગ્રેનેડ મોટા ભાગે આતંકવાદીઓ ઉપયોગ કરે છે. સુરક્ષા દળો અને નિર્દોષ લોકોને નિશાન બનાવવા માટે આતંકવાદીઓ હેન્ડ ગ્રેનેડ દ્વારા હુમલા કરે છે. હેન્ડ ગ્રેનેડથી જાનમાલનું ભારે નુકસાન થાય છે. દિલ્હીના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં હિંસા પછી પોલીસ સતર્ક છે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ તહેનાત છે. આ સિવાય અફવા ફેલાવવાવાળા પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. પોલીસ કમિશનર એસ. ન. શ્રીવાસ્તવે કહ્યું હતું કે કેટલાક દેશવિરોધી લોકો અફવાઓ દ્વારા દિલ્હીમાં અશાંતિ ફેલાવવા ઈચ્છે છે. તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે લોકોને અફવા ફેલાવવાવાળા વિશે કોઈ પણ માહિતી મળે તો પોલીસ કન્ટ્રોલ રૂમ ૧૧૨ અથવા ૧૦૦ નંબર પર માહિતી આપવા અપીલ કરી હતી. દિલ્હી પોલીસ સોશિયલ મિડિયા પર પણ નજર રાખી રહ્યું છે.

મોદી ભક્ત સોશિયલ મીડિયા છોડી દેશે, તો સમગ્ર દેશમાં શાંતિ થઈ જશે !

ન્યુ દિલ્હી

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા શરદ પવારે વડાપ્રધાન મોદીએ ગત રોજ સોશિયલ મીડિયા છોડવાની વાત કહી હતી, જેના પર કટાક્ષ કરતા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા શરદ પવારે જણાવ્યું હતું કે, જો મોદી ભક્ત સોશિયલ મીડિયા છોડી દે, તો દેશ શાંત થઈ જાય. અહીં ઉલ્લેખનીય છે કે, રવિવારના મોદીએ ટ્વીટ કરી જણાવ્યું હતું કે, વિચારી રહ્યો છું કે, રવિવારથી ફેસબુક, ટ્વીટર, ઈંસ્ટાગ્રામ અને યૂ-ટ્યૂબ છોડી દઉં. તમને બધાને આગળની જાણકારી થોડા સમયમાં જ આપીશ. જેના પર એનસીપીના નેતા અને પ્રવક્તા નવાબ મલિકે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, મોદીનો નિર્ણય દેશ હિતમાં છે. તેમણે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, કાલે મોદીએ સંકેત આપ્યો હતો કે, તેઓ રવિવારથી સોશિયલ મીડિયા પર છોડવાનું વિચારી રહ્યા છે.

૨૦૧૪-૧૫માં સુપ્રિમ-હાઈકોર્ટમાં ૩.૭૫ લાખ કેસો પડતર હતા

૨૦૧૮-૧૯ દરમિયાન ૪.૭૮ લાખથી વધુ આવકવેરા કેસો પેન્ડિંગ: અનુરાગ ઠાકુર

ન્યુ દિલ્હી

દેશની કોર્ટ-એપલેટ કચેરીઓમાં પડતર આઈટી અપીલોની સંખ્યા ૨૦૧૮-૧૯ના અંતમાં ૪.૭૮ લાખ સુધી પહોંચી ગઈ છે. તાજેતરમાં રજૂ થયેલા બજેટમાં નાણાંપ્રધાન નિર્મલા સિતારમને દેશમાં ઈક્વમટેક્સ સંબંધિત કોર્ટ કેસની સંખ્યા ઘટાડવા અને સેટલમેન્ટ માટે એક મહત્વપૂર્ણ 'વિવાદ સે વિશ્વાસ' યોજનાની જાહેરાત કરી હતી. આ માટે વિવાદ વિશ્વાસ વિધેયક ૨૦૨૦ને પણ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. લોકસભામાં એક પ્રશ્નનાં લેખિત જવાબમાં રાજ્ય નાણાંમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫માં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સહીતના ન્યાયિક મંચો સમક્ષ ૩,૭૫,૩૦૬ આવકવેરા કેસો પડતર હતા. જે ૨૦૧૮-૧૯ દરમિયાન વધીને ૪,૭૮,૮૦૧ કેસ થઈ ગયા છે.

અનુરાગ ઠાકુરે લોકસભામાં જણાવ્યું હતું કે આવકવેરા વિભાગે એપ્રિલ-જાન્યુઆરી સમયગાળા દરમિયાન ૮૯૩ જેટલી શોધ અને જમીની કાર્યવાહી કરી છે. આવકવેરા વિભાગની ડિલિવરી સિસ્ટમની કાર્યક્ષમતામાં વધારો કરવાના ઉદ્દેશથી સરકારે ટેક્સપેયર ચાર્ટરને અપનાવવા માટે કેન્દ્રીય ડાયરેક્ટ ટેક્સ બોર્ડને ફરજિયાત કરવા માટે કાયદાની જોગવાઈઓમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. વધુમાં તેઓએ કહ્યું હતું કે ડાયરેક્ટ ટેક્સ વિવાદ સે વિશ્વાસ બિલ, ૨૦૨૦નો ઉદ્દેશ પડતર આવકવેરાના કેસોને ઘટાડવાનો, સરકાર માટે નિયમિતઆવક પેદા કરવાનો અને કરદાતાઓને માનસિક શાંતિ, ચોક્કસતા અને સમય અને સંસાધનોના આધારે બચત પૂરી પાડવાનો છે.

મોદી સોશ્યલ મિડિયા એકાઉન્ટથી મજાક કરીને ભારતનો સમય બરબાદ કરવાનું બંધ કરે: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોના વાયરસનાં બહાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં કાર્યાલયને ટ્વિટર પર ટેગ કરતા લખ્યું છે કે, 'પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સથી મજાક કરીને ભારતનો સમય બરબાદ કરવાનું બંધ કરી દો. ભારત કટોકટીનાં સમયમાંથી પસાર થઈ રહ્યું છે. અત્યારે કોરોના વાયરસ ભારત માટે પડકાર બન્યો છે, જેને પહોંચી વળવા પર ધ્યાન આપવું જોઈએ.'

એક અન્ય ટ્વીટમાં રાહુલ ગાંધીએ ટ્વિટર પર એક વિડીયો શેર કરતા પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'જીવનમાં અનેક પળો એવી આવે છે જ્યારે દેશ પોતાના નેતાઓને પારખે છે. એક સાચા નેતાનું સંપૂર્ણ ધ્યાન સામૂહિક સંકટને પહોંચી વળવા પર હોય છે. કોરોના વાયરસની અસર ભારત અને ભારતીય અર્થવ્યવસ્થા પર પણ પડી શકે છે.'

આ પહેલા એક અન્ય ટ્વીટમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'કોરોના વાયરસ આપણી જનતા માટે ઘણો જ ગંભીર ખતરો છે. આ આપણી અર્થવ્યવસ્થા માટે ખતરનાક છે. મને લાગે છે કે આ બીમારીની ગંભીરતા પર સરકારનું ધ્યાન નથી. સમયસર એક્શન ના લેવી ખતરનાક સાબિત થઈ શકે છે.'

૨૦૧૪માં ચૂંટણી એફિડેવિટમાં ગુનાહિત કેસ સાથે જોડાયેલી જાણકારી છુપાવવાનો આરોપ

દેવેન્દ્ર ફડણવીસને મોટો ફટકો: સુપ્રિમે પુનઃવિચાર અરજી ફગાવી

ન્યુ દિલ્હી

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ફટકો પડ્યો છે. સુપ્રીમ કોર્ટે પૂર્વ મુખ્યમંત્રી પર ૨૦૧૪માં ચૂંટણી એફિડેવિટમાં ગુનાહિત કેસ સાથે જોડાયેલી જાણકારી છુપાવવા મામલે નાગપુર કોર્ટમાં કેસ ચલાવવાના આદેશ આપ્યા છે. કોર્ટે આ મામલે ફડણવીસની પુનવિચાર અરજીને નકારી દીધી છે.

કોર્ટે આ મામલે ૧૮ ફેબ્રુઆરીએ સુનાવણી પુરી થયા બાદ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. દેવેન્દ્ર ફડણવીસે સુપ્રીમ કોર્ટમાં ૧ ઓક્ટોબર ૨૦૧૯ના તે આદેશ પર પુનવિચાર કરવાનો આગ્રહ કર્યો હતો જેમાં ૨૦૧૪માં ચૂંટણી એફિડેવિટમાં ગુનાહિત કેસની જાણકારી છુપાવવાને લઈને નાગપુર કોર્ટમાં ફરી કેસ ચલાવવાનો આદેશ આપ્યો હતો.

આ પહેલા બોમ્બે હાઈકોર્ટે ફડણવીસને આ મામલે ક્લીનચિટ આપી હતી. સુનાવણી દરમિયન પૂર્વસીએમ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે મુખ્યમંત્રી અને રાજકારણ સાથે જોડાયેલા લોકો વિરૂદ્ધ ૧૦૦ કેસ રહે છે. ચૂંટણી એફિડેવિટમાં કોઈ મામલે ઉલ્લેખ ના કરવા પર કાર્યવાહી નથી થઈ શકતી. બીજી તરફ અરજી કરનારની દલીલ હતી કે એફિડેવિટમાં જાણકારી છુપાવી છે. એવામાં તેમની વિરૂદ્ધ કાર્યવાહી થવી જોઈએ. મહત્વપૂર્ણ છે કે ફડણવીસ વિરૂદ્ધ આ બન્ને કેસ ૧૯૯૬ અને ૧૯૯૮માં દર્જ કરવામાં આવ્યા હતા. જોકે, બન્ને કેસમાં તેમની વિરૂદ્ધ આરોપ નક્કી નહતા થયા.

ભડકાઉ ભાષણ આપનાર ભાજપ નેતા કપિલ મિશ્રાને વાય પ્લસ કેટેગરીની સુરક્ષા મળશે

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસા પહેલા ભડકાઉ ભાષણને લઈને ચર્ચામાં આવનાર ભાજપ નેતા કપિલ મિશ્રાની સુરક્ષા વધારી દેવાઈ છે. કપિલ મિશ્રાને ૩+ કેટેગરીની સુરક્ષા આપવાનો નિર્ણય લેવાયો છે. કપિલ મિશ્રાની સાથે ૨૪ કલાક ૬ જવાન તૈનાત રહેશે. થોડા દિવસ પહેલા કપિલ મિશ્રાએ ટ્વીટ કરી હતી જેમાં તેમણે કહ્યુ હતુ કે મને ધમકીઓ મળી રહી છે. ૨૦૧૭માં જ્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરની બહાર પ્રદર્શન દરમિયાન તેમની પર હુમલો થયો હતો ત્યારે કપિલ મિશ્રાને સુરક્ષા અપાઈ હતી. તે સમયે કપિલ મિશ્રા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હતા. જોકે, તે સમયે તેમણે સુરક્ષા લેવાનો ઈનકાર કરી દીધો હતો પરંતુ હવે કપિલ મિશ્રાએ સુરક્ષાની માગ કરી હતી.

સસ્પેન્સનો અંત પહેલા પાનાથી ચાલુ

મહિલાઓ વિશે જાણો છો તો તેમની કહાની "SheInspiresUs" પર શેર કરો.

'મોદીના 'સોશિયલ સંન્યાસ'થી જ્યારે બધા કન્ફ્યુઝ હતા ત્યારે અધીરા બનેલા કોંગ્રેસના નેતા અધીર રંજને તેમની ટીકા કરતાં કહ્યું હતું કે, ભારતમાં "ડિજિટલ ઈન્ડિયા"નો પાયો નાંખનાર "ડિજીટલ પૂજારી" સોશિયલ મીડિયા છોડશે તો કયાં જશે..?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સોશિયલ મીડિયા છોડવાની જાહેરાત બાદ વિપક્ષી પાર્ટીઓ પણ સસ્પેંસમાં હતા. કોંગ્રેસને પણ સમજાઈ રહ્યું નથી કે આખરે મોદીએ આવું કેમ કહ્યું છે. આ બધાની વચ્ચે લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ મોદીને કહ્યું કે જો તેમને દિલ્હી હિંસાનું દુઃખ છે તો સોશિયલ મીડિયા નહીં વડાપ્રધાનનું પદ છોડવું જોઈએ. અધીરે એમ પણ કહ્યું કે બની શકે કે મોદી હાલના મુદ્દા પરથી ધ્યાન ભટકાવા માટે આમ કરી રહ્યા હોય. કોંગ્રેસના નેતાએ એમ પણ પૂછ્યું કે શું હવે મોદી સાધુ-સંત બની જશે...? કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું કે દેશમાં એવા કેટલાંય ઉદાહરણ છે જ્યારે નૈતિકતાના આધાર પર પદ છોડીને ગયા હોય. તેમણે તત્કાલીન રેલ મંત્રી કે જેઓ ત્યારબાદ આ દેશના વડાપ્રધાન બન્યા હતા તે લાલ બહાદુર શાસ્ત્રીનું ઉદાહરણ આપીને કહ્યું કે તે વખતે એક રેલવે અકસ્માત બાદ શાસ્ત્રીએ રેલવે મંત્રીનું પદ છોડી દીધું હતું. ચૌધરીએ એમ પણ કહ્યું કે મોદી દરેક સમયે ડિજિટલની વાત કરે છે. તેમને જેવા ડિજિટલ પૂજારી જો સોશિયલ મીડિયા છોડશે તો કયાં જશે. શું મોદી સાધુ-સંત બનશે. તેઓ હવે માનસરોવર જતા રહેશે. પીએમ મોદીના ટ્વિટર પર ૫.૩ કરોડથી વધુ ફોલોઅર્સ છે. ફેસબુક પર પીએમ મોદીને ૪.૪ કરોડ લોકો ફોલો કરે છે. ઈંસ્ટાગ્રામ પર પીએમ મોદી સ્ટાર છે અને અહીં તેમને ૩.૫ કરોડથી વધુ લોકો ફોલો કરે છે. યુટ્યુબ પર સીએમ મોદીના ૪૫ લાખથી વધુ ફોલોઅર્સ છે. અને આ બધા એ વખતે અવાક બની ગયા હતા કે જ્યારે ગઈકાલે મોદીએ સોશ્યલ મિડિયા છોડવાની વિચારણા વાળો ટ્વીટ સંદેશો કર્યો હતો.

કોરોના વાયરસ પહેલા પાનાથી ચાલુ

શાળાને દેખરેખ હેઠળ લેવામાં આવી છે. નોઈડામાં કુલ ૪૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. થોડા જ કલાકોમાં આ અંગેના અહેવાલ સામે આવ્યા છે.

આ શાળાના અનેક બાળકોના કોરોનાથી પીડિત વ્યક્તિ દ્વારા એક બર્થડે પાર્ટીમાં ભાગ લીધો હતો. આ પાર્ટીમાં સામેલ તમામ લોકોને અલગ-થલગ કરવા કહેવામાં આવ્યું છે. નોઈડાના સીએમઓ અનુરાગ ભાર્ગવે કહ્યું કે એક પાર્ટીમાં પાંચ પરિવાર સામેલ હતા. બાદમાં પાર્ટીનું આયોજન કરનાર વાઈરસથી સંક્રમિત હોવાનું માલુમ પડ્યું હતું.

નાગરિકતા સંશોધન પહેલા પાનાથી ચાલુ

અરજી દાખલ કરી છે.' આ મુદ્દે અમારું કડકપણે માનવું છે કે ભારતના સાર્વભૌમત્વના મામલે કોઈ વિદેશી પક્ષ કોર્ટમાં અરજી કરી શકે નહીં. સીએએ મુદ્દે ભારતનું વલણ સ્પષ્ટ છે અને વાજબી પણ છે. આ કાયદો ભારતના બંધારણની તમામ જરૂરિયાત મુજબ ઘડાયો છે તેમ વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું.

ભારતમાં માનવ અધિકારોની દૃષ્ટિએ આની લાંબા સમયથી જરૂરિયાત હતી. દેશના ભાગલા વખતથી જ આ મુદ્દો ઉપસ્થિત થયો હતો. ભારત એક લોકશાહી દેશ છે અને કાયદા શાસિત દેશ છે. આપણને આપણા સ્વતંત્ર ન્યાયતંત્ર પર સર્વોચ્ચ વિશ્વાસ હોવો જોઈએ. અમને વિશ્વાસ છે કે સુપ્રીમ કોર્ટ અમારી કાયદાકીય રીતે યોગ્ય સ્થિતિને યોગ્ય ઠેરવશે.

સ્પીકર આકરા પાણી પહેલા પાનાથી ચાલુ

પ્રતિનિધિઓ છીએ.

દિલ્હીમાં લાશો મળવાની સંખ્યા વધી રહી છે. આ વિષય પર ચર્ચા કરવાનો અમને અધિકાર આપો. દિલ્હી સળગી રહી છે. દેશ આખાની નજર આ ઘટના પર છે. સરકાર આ મામલે ચર્ચા નથી ઈચ્છતી. ત્યાર બાદ હોબાળો વધતા લોકસભા બપોર ૧૨ વાગ્યા સુધી સ્થગીત કરી દેવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે સોમવારે લોકસભામાં દિલ્હી હિંસાને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષના સાંસદોએ હોબાળો મચાવવાનો શરૂ કરી દીધો હતો. કોંગ્રેસ સાંસદો ગૃહમંત્રી અમિત શાહનું રાજીનામું માંગી રહ્યાં હતાં. આ દરમિયાન કોંગ્રેસ અને ભાજપના સાંસદો વચ્ચે ધક્કામુક્કી શરૂ થઈ ગઈ હતી. કેટલીક મહિલા સાંસદો જોડે પણ ધક્કામુક્કીની ઘટના બની હતી.

ચીનની અવળચંડાઈ પહેલા પાનાથી ચાલુ

ચિંતાજનક માની રહ્યા છે.

ભારત અને ચીનની સીમા નજીક આવેલા વિસ્તારોમાં ફરતા શિકારીઓએ અરુણાચલ પ્રદેશના ચાગલાગમ વિસ્તારમાં ચીની ઘુસણખોરો અને પથ્થરો પર મંદારિન ભાષામાં લખેલા સંદેશાઓની તસવરો ખેંચી હતી. અન્ય એક અહેવાલ પ્રમાણે માનવામાં આવી રહ્યું છે કે આ તસવીરો ગયા વર્ષના નવેમ્બર અને ડિસેમ્બર મહિનાની છે. આ તસવીરો દ્વારા એવું જણાવવામાં આવી રહ્યું છે કે ચીની સેના અવારનવાર આ વિસ્તારમાં આવતી રહે છે.

જોકે, ભારતીય સેનાએ હજી સુધી કોઈ પણ પ્રકારના ઘુસણખોરની પુષ્ટી કરી નથી. આ તસવીરોની સત્યતાને પ્રમાણિક કરવા માટે જ્યારે સેના સાથે વાત કરી ત્યારે તેમણે આ મામલે કોઈ પણ નિવેદન આપવાની ના પાડી દીધી. સીમાને અડીને આવેલા તાપિર ગામના રહેવાસીઓએ ચીની સેનાની ઘુસણખોરીના મામલે કહ્યું કે હવે એ દિવસો દૂર નથી જ્યારે ચીની ઘુસણખોરોને નજરઅંદાજ કરવા પર ભારતીય સેનાને પસ્તાવું પડશે.

કોલેજની સ્પર્ધા : રમતના મેદાનમાં સંજયે હારીને પણ હિનાનું દિલ જીતી લીધુ

નદી કિનારા પર સવારમાં વિદ્યાર્થીઓની ચહલ પહલ જોવા મળી રહી છે અને સાથે શહેરીજનો પણ લટાર મારવા માટે આવી રહ્યા છે. શહેરીજનો નદી કિનારા પર હળવી કસરત કરી રહ્યા છે જ્યારે કોલેજીયન વિદ્યાર્થીઓ મૌજ મસ્તી કરી રહ્યા છે. નદી કિનારા પર સવારમાં રોજ આ પ્રકારનું વાતાવરણ જોવા મળી રહ્યુ છે. પાસે જ કોલેજ હોવાના કારણે કોલેજના વિદ્યાર્થીઓ અહી આવી જાય તે સ્વાભાવીક છે. પરંતુ કોલેજમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓ અહી આવવાનું ટાળી રહ્યા છે અને કોલેજ કેમ્પસમાં જ રહેવાનું પસંદ કરે છે. આવો જ એક વિદ્યાર્થી એટલે સંજય. આમ તો સંજય મોટા ભાગે ક્લાસરૂમમાં જ હોય અને નવરાશના સમયે રમતના મેદાનમાં જ હોય. સંજયને રમતના મેદાનમાં હરાવવો બધા માટે મુશ્કેલ છે. પરંતુ કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ હિના નામની વિદ્યાર્થીનીને સંજયને હરાવવા માટે પ્રેરીત કરી રહ્યા છે. હિના પણ ભણવાની સાથે રમત ગમતમાં હંમેશા અવ્વલ આવી રહી છે. સંજય અને હિના વચ્ચે હજુ સુધી ક્યારે પણ રમતના મેદાનમાં સીધી ટક્કર નથી થઈ. કોલેજમાં એવી વાત ફેલાવવામાં આવી રહી છે કે, સંજય અને હિના વચ્ચે દૌડની સ્પર્ધા થશે. પરંતુ સંજયને આ વાતની જ્યારે જાણ થાય છે ત્યારે તે પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. કેમ કે કોલેજમાં તો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ વચ્ચે અલગ અલગ રમત સ્પર્ધાઓ યોજાય છે. હિના સંજયને હરાવવા માટે મેદાનમાં સખત મહેનત કરી રહી છે. તો બીજી બાજુ સંજયને આ અંગે કોલેજમાંથી કોઈ સત્તાવાર જાણ કરવામાં આવેલ ન હોવાથી તે સ્પર્ધા અંગે કાઈ વિચારતો નથી અને પોતાના નિત્યક્રમ મુજબ અભ્યાસની સાથે રમતના મેદાનમાં પણ જોવા મળી રહ્યો છે. હિનાને જ્યારે જાણવા મળે છે કે તેની અને સંજય વચ્ચે સ્પર્ધાની માત્ર વાતો ચાલી રહી છે અને કોલેજ સત્તાવાળાઓ દ્વારા કોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ નથી ત્યારે તે ખુબ જ નિરાશ થઈ જાય છે. આવા સમયે સંજય હિનાની પાસે આવે છે અને કહે છે કે, ચાલ આપણે બન્ને કોલેજમાં જઈને સ્પર્ધા માટે મંજુરી માંગીએ. આ સાંભળતાની સાથે જ હિના તૈયાર થઈ જાય છે અને સંજયની સાથે કોલેજમાં આવે છે. પરંતુ હિનાને સંજયની સાથે કોલેજમાં આવતી જોઈને કેટલાક વિઘ્નસંતોષી લોકોના પેટમાં તેલ રેડાય છે. હિના અને સંજય કોલેજના આચાર્યને મળે છે અને દૌડની સ્પર્ધાની વાત કરે છે. કોલેજ દ્વારા સત્તાવાર રમતની સ્પર્ધાની જાહેરાત કરતા હિના ખુબ જ ખુશ થઈ જાય છે. હિના સંજયનો આભાર વ્યક્ત કરે છે અને ફરીથી રમતના મેદાનમાં પહોચી જાય છે. સંજય હિનાના ચહેરા પર જોવા મળેલ ખુશીઓ જોઈને ખુશ થઈ જાય છે અને સંજયના મનમાં હિનાનો હસતો ચહેરો વસી જાય છે.

જેમ જેમ રમતની સ્પર્ધાનો દિવસ નજીક આવતો જાય છે તેમ તેમ કોલેજમાં અનેરા ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યુ છે. કોલેજના તમામ વિદ્યાર્થીઓ સંજય અને હિના વચ્ચે થનારી રમતની સ્પર્ધાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રમતની સ્પર્ધા પહેલા સંજય જ્યારે હિનાને મળે છે ત્યારે હિના કહે છે કે, સંજય આજ સુધી ભલે તું અપરાજીત રહ્યો



છુ પરંતુ આ વખતે તારી હાર નિશ્ચિત છે. તારે દોડવું હોય તેટલુ ઝડપથી દોડજે પણ પ્રથમ તો હું જ આવીશ. આ સાંભળીને સંજય કહે છે કે,

રમતનું પરીણામ તો તે દિવસે જ ખબર પડશે અને જે વધુ સારૂ રમશે તે જીતશે. આપણે અત્યારથી ખોટી ચિંતા ન કરવી જોઈએ. હિનાએ કહ્યુ કે, મને મારી કોઈ ચિંતા નથી પરંતુ તારી ચિંતા થઈ રહી છે એટલે તને સાવચેત કરી રહી છું. હિના સંજયને હરાવવા માટે મહેનત કરી રહી છે ને સાથે અતિ આત્મવિશ્વાસ વ્યક્ત કરી રહી છે. તેમ છતાં પણ સંજય શાંત રહે છે અને કોઈ પ્રતિઉત્તર આપતો નથી. સંજય પણ મેદાનમાં પહોંચી જાય છે અને સખત મહેનત કરવાની શરૂ કરે છે. સ્પર્ધાના એક દિવસ પહેલા સંજય હિનાને મળવા માટે જઈ રહ્યો હોય છે ત્યારે તે કોલેજના જ કેટલાક લોકોને હિનાની સાથે જુએ છે. સંજય જુએ છે કે, હિનાને કેટલાક વિદ્યાર્થીઓ ઉશ્કેરી રહ્યા છે અને જો હિના સ્પર્ધામાં હારી જાય તો કોલેજનો અભ્યાસ છોડી દેશે તેવું સંજયને લાગે છે. પછી સંજય હિનાને મળવા નથી જતો અને ફરીથી મેદાનમાં પહોંચી જઈને તૈયારીઓ શરૂ કરી દે છે. બીજા દિવસે વહેલી સવારમાં મેદાનની બહાર કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પોહોંચી જાય છે અને થોડીવારમાં જ સંજય તથા હિના મેદાનમાં આવે છે. બન્નેને જોતાની સાથે જ વિદ્યાર્થીઓ ઉત્સાહમાં આવીને જયઘોષ કરવા લાગે છે. સંજય અને હિના ટ્રેક પર આવે છે અને હાથ મિલાવીને એકબીજાની સામે જોઈને મંદમંદ હસે છે. ૮૦૦ મીટર દોડની સ્પર્ધા શરૂ થાય છે અને શરૂઆતથી જ સંજય આગળ રહે છે પરંતુ છેલ્લા રાઉન્ડમાં હિના સંજયની બાજુમાં આવી જાય છે અને થોડીવારમાં જ સંજયની આગળ નિકળી જાય છે. સંજયના સમર્થક વિદ્યાર્થીઓ નિરાશ થઈ જાય છે પરંતુ સ્પર્ધામાં વિજેતા બનવાથી હિના ખુબ જ ખુશ જોવા મળી રહી છે. હિનાના ચહેરા પર હાસ્ય જોઈને સંજય પણ મનોમન ખુશ થઈ રહ્યો છે. કોલેજના વિદ્યાર્થીઓ હિનાને અભિનંદન આપી રહ્યા છે અને હિના સૌનો આભાર વ્યક્ત કરી રહી છે. આ સમયે કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ સંજય વિશે મનફાવે તેમ બોલી રહ્યા છે, જે કોલેજના જ વિદ્યાર્થી નિલયથી સહન નથી થતુ. તે સીધો સંજય પાસે પહોચી જાય છે અને કહે છે કે, મને ખબર છે કે તું હિનાને ખુશ રાખવા માટે હારી ગયો છુ અને તે જ હિનાને જીતાડી છે. આજે હિના જીતી નથી પરંતુ તું હારી ગયો છું. સંજય કહે છે કે, નિલય હિનાની ખુશી એ જ મારી ખુશી છે અને તેની ખુશી માટે હું કાઈ પણ કરવા માટે તૈયાર છુ. એક વખત નહી પરંતુ વખતો વખત હું હિના સામે હારવા તૈયાર છું. નિલય સમજી જાય છે કે, સંજય હિનાને પ્રેમ કરી રહ્યો છે. પછી સંજય હિના પાસે પહોચી જાય છે અને હિનાને એકલા મળવાનો પ્રયત્ન કરે છે પરંતુ તેને સફળતા મળતી નથી. હિનાની સાથે કોલેજમાં કોઈને કોઈ તો હોય છે જેથી નિલય સાચી વાત હિના સુધી પહોચાડી શકતો નથી. હિના સંજયને હરાવવાથી ખુબ જ ખુશ જોવા મળી રહી છે ત્યારે નિલય રમતના મેદાનમાં હિના પાસે પહોચી જાય છે અને કહે છે કે, મારે તમારી સાથે થોડી વાત કરવી છે ત્યારે હિના અત્યારે સમય નથી તેમ કહીને વાત કરવાનું ટાળી રહી છે. પરંતુ જ્યારે નિલય કહે છે કે, સંજયની વાત છે ત્યારે હિના નિલયની સાથે વાત કરે છે. નિલય કહે છે કે, સંજય હાર્યો નથી પરંતુ તે તને પ્રેમ કરી રહ્યો છે એટલા માટે જ હારી ગયો છે. આ સાંભળતાની સાથે જ હિના સીધી સંજય પાસે પહોંચી જાય છે અને સંજયને પુંછે છે કે શું તું મને પ્રેમ કરે છે? સંજય હા કહેતાની સાથે જ હિના તેને ભેટી પડે છે અને કહે છે કે, રમતના મેદાનમાં હારીને પણ તે મારૂ દિલ જીતી લીધુ. હિના અને સંજય પ્રણયના તાંતણે બંધાય છે અને કોલેજના બાકીના દિવસો પ્રેમથી સાથે પસાર કરે છે.

(પ્રતિકાત્મક તસવીર સૌજન્ય : ડૉ.વિપલ ભાર્ગવ સવાણી)

ટેબલેટના ભાવ મુદ્દે વિધાનસભામાં સીએમ અને ધાનાણી વચ્ચે બોલાચાલી, ગૃહમાં હંગામો

ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાના ભાવ અંગે ફરી એકવાર સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે અક્ષેપબાજીઓ થતા ગૃહમાં હંગામો મચી ગયો હતો. વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ટેબલેટનો મામલો ઉભો કરતા મુખ્યમંત્રીએ વડતો જવાબ આપ્યો કે, તમે જે આક્ષેપ કર્યો હતો કે ૧૪૦૮ રૂપિયામાં ટેબલેટ મળે છે કે નહીં. તેનો ખુલાસો કરો પછી ચર્ચા કરો. મુખ્યમંત્રીના જવાબથી વિપક્ષના સભ્યો ઉભા થઈ ગયા હતા અને ગૃહમાં હોબાળો મચાવી દીધો હતો. ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ બાદ પરેશ ધાનાણીએ ટેબલેટ અંગે પોતાનો ખુલાસો રજૂ કરવાની માંગ કરી હતી અને ગૃહમાં બેઠેલા તમામ સભ્યો સમક્ષ ઉલ્લેખ કર્યો હતો કે, આ મુદ્દે મુખ્યમંત્રીએ મને ખુલાસો કરવા માટે સમય આપ્યો હતો તેમ કહી સરકાર પર ફરી આક્ષેપ કર્યો હતો કે, આ ખરીદીમાં રાજ્ય સરકારે ૮૬૪ કરોડ રૂપિયા વધારાના ચૂક્યા છે. આ ઉપરાંત તેમણે ભારત સરકારના ૨૦૧૭ના રીઝયુલાઈઝેશનનો વાંચન કરતા અધ્યક્ષે તેમને અટકાવ્યા હતા. મૂળ મુદ્દાની સ્પષ્ટતા કરવા માટે ટકોર કરી હતી આ તબક્કે ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો બીજી તરફ વિજયભાઈ રૂપાણી આપણી સાથે પરેશ ધાનાણીને સ્પષ્ટ સંભળાવ્યું હતું કે વિપક્ષી નેતા સ્પષ્ટતા કરવાને બદલે ગૃહને ગેરમાર્ગે દોરે છે. તેમણે તો માત્ર એટલી જ સ્પષ્ટતા કરવાની છે કે એમણે કરેલો આક્ષેપ તો સાચો છે કે ખોટો તેટલો જ ખુલાસો ગૃહમાં કરે તેવી માંગ વિજયભાઈએ કરતા ગૃહમાં પરેશ ભાઈ માફી માંગો માફી માંગો ના નારા ભાજપના સભ્યોએ શરૂ કરતાં ગૃહમાં હોબાળો મચ્યો હતો.

મારી ભૂલ થતી હોય તો હું માફી માગવા તૈયાર છું: ધાનાણી

નીતિન પટેલે જણાવ્યું હતું કે. આ ભૂલ દીપકની છે અને સરકારને બદનામ કરવી ખોટું બોલે છે એટલે તેમણે માફી માગવી જોઈએ એમ કહી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, તમે જેટલી બનશો નહીં અને ગૃહમાં તમામ સભ્યો વચ્ચે દિલગીરી વ્યક્ત કરી દો જોકે તેમના આ નિવેદનથી પરેશ ધાનાણી સ્પષ્ટતા કરી હતી કે મારી ભૂલ થતી હોય તો હું માફી માગવા તૈયાર છું, એમ કહેતા અમિત ચાવડા પરેશ ધાનાણી ના બચાવમાં આવી ગયા હતા અને સ્પષ્ટતા કરી હતી કે તમામ પ્રકારની ચકાસણી અધ્યક્ષ કરે અને ત્યારબાદ નિર્ણય કરે તેવી અપીલ કરી હતી.

વર્તમાન સરકારમાં ગરબડ થઈ છે અને તેવું ચિત્ર ઉપસી રહ્યું છે: રાજેન્દ્ર ત્રિવેદી

આ તબક્કે નાયબ મુખ્યમંત્રીએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો અને કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, કોઈનું પકડાયેલું આગળનું પગલું ન જોઈએ જેના કારણે આવી સ્થિતિ નિર્માણ થાય તમે એ જ દિવસે સરકારે ખરીદીની કિંમત અને કરોડોનો ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ સાથે મીડિયામાં નિવેદનો આપ્યા હતા. જેના કારણે આ મુદ્દે તમારી માફી માગવી પડશે અન્યથા ગૃહ તરફથી આક્ષેપનો ઠપકો આપે તેવી દરખાસ્ત કરી હતી.

પાખંડી પ્રશાંત ઉપાધ્યાયને છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ હોસ્પિટલ ભેગો કરાયો

વડોદરા

વડોદરાના બગલામુખી મંદિરનો ઠગ મહારાજ આખરે પોલીસ તપાસમાં ભાંગી પડયો છે અને છાતીમાં દુખાવાની ફરિયાદ કરતા તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તંત્ર મંત્રના નામે સુવર્ણના યંત્રો બનાવી ઠગાઈ કરવાના કેસમાં પકડાયેલા બગલામુખી મંદિરના મહારાજ પ્રશાંત ઉપાધ્યાય સામે વધુ એક મહિલા અનુયાયીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં મહિલાએ પતિ-પત્ની વચ્ચે ઝઘડા કરાવી સમાધાનના બહાને પ્રશાંત ગુરૂએ રૂ.૧૦.૪૧ લાખ પડાવી લીધા હોવાનો આક્ષેપ કર્યો છે. જે ગુનામાં ગોત્રી પોલીસે પ્રશાંત ગુરૂની ધરપકડ કરી છે. પોલીસે પ્રશાંતને આવકના સાધનો તેમજ જડીબુટ્ટીઓ આપવા બાબતે સવાલો પૂછ્યા હતા તેમજ તેના આશ્રમે પણ જબરજસ્તીથી લઈ જવાયો હતો. પોલીસની તપાસમાં સહકાર નહીં આપતો પ્રશાંત મહારાજ લગભગ પડી ભાંગ્યો છે. ગઈરાત્રે પ્રશાંતે છાતીમાં દુખાવાની અને વોમિટિંગની ફરિયાદ કરતાં તેને સયાજી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

બાબુ બોખીરિયા કેસ: હાઈકોર્ટે કહ્યું જમીન વિવાદ મુદ્દે પંચાયતને સાંભળ્યા બાદ પગલાં લો

અમદાવાદ

બાબુ બોખીરિયા કેસમાં હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે રિટનો નિકાલ કરતા રાજ્ય સરકારને મહત્વનો આદેશ કર્યો છે. જેમાં તેમણે જણાવ્યું કે, ગામની સ્થાનિક પંચાયતને સાંભળ્યા વગર કોઈપણ પ્રકારના પગલા લેવા નહીં. આ અગાઉ રાજ્ય સરકાર દ્વારા સોંગદનામું રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષો પહેલાં સરકાર દ્વારા માપણી કરવામાં ભૂલ કરવામાં આવી હોવાની રજૂઆત કરવામાં આવી હતી. જે ભૂલ હવે જોઈન્ટ સર્વે કરીને સ્વીકારવામાં આવશે.

હાઈકોર્ટમાં રાજ્ય સરકાર તરફે જવાબ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે ૩ કિલોમીટર દૂર માપણી કરવાની હતી, પરતું માપણીમાં સરકાર દ્વારા ભૂલ થઈ હતી અને હવે જોઈન્ટ સર્વે કરીને એ ભૂલ સ્વીકારવામાં આવશે. હાઈકોર્ટે આ મુદ્દે અરજદારને જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો છે. હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલી નોટિસનો જંગલ ખાતા દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે. આ કેસમાં સંડોવાયેલા બાબુ બોખીરિયાના સગા સબંધીની ભાગીદારી પેઢી કોર્ટમાં સામેથી હાજર થઈ હતી અને આ મુદ્દે જવાબ રજૂ કરવા સમયની માગને ગ્રાહ્ય રાખવામાં આવી હતી. પૂર્વ પ્રધાન બાબુ બોખીરિયા અને તેમના સબંધીઓ સામે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીના મામલે હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસે જવાબ માગ્યો છે. જામનગરની પરવાડા ગ્રામ પંચાયત તરફથી જંગલની ૨૦૦ હેક્ટર જમીન પચાવી પાડવાનો આરોપ બાબુ બોખીરિયા પર લગાવવામાં આવ્યો છે.

રાજ્યમાં ચાર મહિનામાં રીઅલ એસ્ટેટનાં ૪૯૯ પ્રોજેક્ટ્સમાં રૂ. ૧૦૩૫૬ કરોડનું રોકાણ

રાજકોટ

રિઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ની વેબસાઈટમાં દર્શાવ્યા મુજબ ગુજરાતમાં નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦માં અત્યાર સુધીમાં ૧૬૩૮ પ્રોજેક્ટ્સમાં રૂ. ૪૧૯૨૫ કરોડનું રોકાણ થયું છે જેમાંથી નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન ૪૯૯ પ્રોજેક્ટ્સમાં રૂ. ૧૦૩૫૬ કરોડનું રોકાણ આવ્યું છે. પાછલા ચાર મહિનના દરમિયાન રેરા હેઠળ રહેણાંકના ૨૨૫ પ્રોજેક્ટ્સ નોંધાયા છે જેમાં રૂ. ૩૨૦૮ કરોડનું રોકાણ થયું છે. રાજ્યમાં રેરાની શરૂઆતને અંદાજીત ત્રણ વર્ષ થયા છે અને આ સમય દરમિયાન ગુજરાતમાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રે વિવિધ પ્રોજેક્ટ્સમાં કુલ ૧.૯૮ લાખ કરોડનું રોકાણ નોંધાયું છે.

ગુજરાતમાં રેરા અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૨,૯૫૨ પ્રોજેક્ટ્સની નોંધણી થઈ હતી તેની સામે ચાલુ નાણાકીય વર્ષમાં હજુ સુધીમાં ૧,૬૩૮ પ્રોજેક્ટ્સ નોંધાયા છે જે ગત વર્ષના કુલ પ્રોજેક્ટ્સના ૫૫ ટકા થાય છે. રાજ્યમાં ગત વર્ષે રૂ. ૭૧,૮૫૩ કરોડનું રોકાણ થયું હતું અને આ વર્ષે અત્યાર સુધીમાં રૂ. ૪૧,૯૨૫ કરોડનું રોકાણ આવ્યું છે.

રાજકોટમાં રવિવારે અને ગુરૂવારે સૌથી વધુ અકસ્માત નોંધાયા

રાજકોટ

રંગીલું રાજકોટ અકસ્માતોનું શહેર પણ બની રહ્યું છે. એક તરફ રાજકોટમાં સૌથી વધુ ટ્રાફિકની સમસ્યા જોવા મળે છે ત્યારે શહેરમાં અકસ્માતોની સંખ્યા પણ વધી રહી છે. એક સર્વે મુજબ રાજકોટમાં વર્ષ ૨૦૧૯માં સૌથી વધુ અકસ્માતો થયા. જેમાં અલગ આલગ વિસ્તાર મુજબ પણ સર્વે કરવામાં આવ્યો હતો.

જેમાં વર્ષ ૨૦૧૯નાં જાન્યુઆરી મહિનામાં સૌથી વધુ ૩૫૦ અકસ્માતો થયા હતા. સપ્ટેમ્બર મહિનામાં સૌથી ઓછા ૧૧૧ અકસ્માત થયા હતા. રવિવાર અને ગુરુવારે સૌથી વધુ અકસ્માત થાય છે, જ્યારે મંગળવારે સૌથી ઓછા અકસ્માત નોંધાયા છે. સમાહના અંતમા અકસ્માતનું પ્રમાણ વધુ જોવા મળે છે.

કુલ અકસ્માતનાં ૨૧ ટકા અકસ્માતો સાંજના ૭થી રાત્રીના ૯ વાગ્યા દરમિયાન થાય છે. કામના કલાકોના સમયગાળા દરમિયાન પણ સરેરાશ ૧૫૪ અકસ્માત નોંધાયા હતા. શહેરમાં થયેલા કુલ અકસ્માતનાં ૫૦ ટકા અકસ્માતનો ભોગ ૨૧થી ૪૦ વર્ષની વયનાં યુવકો બન્યા હતા.

૨૦૧૯માં સૌથી વધુ આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૭૦૮ અકસ્માત થયા હતા. જયારે કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૩૩૨, તો બીજી તરફ સૌથી ઓછા પ્ર.નગર પોલીસમથક વિસ્તારમાં બન્યા હતા. જો વિસ્તાર મુજબ અકસ્માતની ટકાવારી જોવા જઈએ તો , ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ૧૨ ટકા, ભાવનગર રોડ પર ૧૫ ટકા, ગોંડલ ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડી પર ૧૩ ટકા, ગોંડલ રોડ પર ૮ ટકા, જામનગર રોડ પર ૭ ટકા, કાલાવડ રોડ પર ૬ ટકા, કુવાડવા રોડ પર ૨૦ ટકા, માલિયાસણથી માધાપર ચોકડી પર ૬ ટકા, મોરબી રોડ પર ૯ ટકા, નવા રિંગ રોડ પર ૪ ટકા અકસ્માત નોંધાયા છે.

સત્યાગ્રહ છાવણીમાં આશાવર્કર મહિલાઓ આંદોલન શરૂ કરે તે પહેલાં જ અટકાયત

ગાંધીનગર

ગુજરાતમાં એક પછી એક આંદોલનો બંધ થવાના નામ લઈ રહી નથી. રૂપાણી સરકાર એક આંદોલનને શાંત પાડે ત્યાં ફરીથી બીજી આંદોલન આવીને સામે ઉભું જ હોય છે. ત્યારા હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં એક નવું આંદોલન શરૂ થયું છે. ગુજરાત મજદૂર સંઘના નેજા હેઠળ વિવિધ વર્ગના કર્મચારીઓ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ધરણા કરી રહ્યા છે. પરંતુ હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં મહિલાઓ આંદોલન શરૂ કરે તે પહેલાં જ પોલીસે તેમની અટકાયત કરી છે. જેના કારણે આશાવર્કરો અને પોલીસ વચ્ચે મારામારી થઈ હતી. તેમાં આંગણવાડી – આશાવર્કરોની પોલીસે અટકાયત કરી છે. તમને જણાવીએ કે વિવિધ તાલુકાઓમાંથી આવેલી મહિલાઓની અટકાયત કરવામાં આવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘ, અખિલ ગુજરાત આરોગ્ય કર્મચારી સંઘ, ગુજરાત રાજ્ય બોર્ડ નિગમ કર્મચારી સંઘ તેમજ ઈએમઆરઆઈ ૧૦૮ કર્મચારી મંડળ પોતાની વિવિધ માંગ રજૂ કરીને ધરણા યોજી રહ્યા છે. ત્યારે કર્મચારીઓ ધરણા કરે તે પહેલાંજ તેમની પોલીસ કરી અટકાયત કરી લીધી હતી. ગુજરાત મજદૂર સંગઠનના પ્રમુખની અટકાયત કરીને તમામને જીલ્લા પોલીસ ભવન ખાતે લઈ જવામાં આવ્યા છે.

આંગણવાડી કાર્યકર્તા કર્મચારી અને હેલ્પર બેહનોને સરકારી કર્મચારી જાહેર કરવા, કાર્યકર્તાને ૧૮૦૦૦ અને હેલ્પર બેહનોને ૧૫૦૦૦નો પગાર આપવો, કર્મચારીઓને મેડીકલ પીએફ ગ્રેજ્યુઈટીના લાભ આપવા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આંગણવાડી બેહનોને નિવૃતિ સમયે પોણા બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી તેનો અમલ કરવામાં આવે, આંગણવાડીનો સમય ૧૧થી ૦૩નો કરવો, કર્મચારીઓના પગારમાં દર વર્ષે વધારો કરવો, આશા ફેસીલીટર બેહનોને ૨૦ વિઝીટના ૪૦૦ના બદલે ૧૦૦૦ રૂપિયા આપવા, આશા વર્કર અને આશા ફેસીલીટર બહેનોને સરકારી કર્મચારીના લાભ આપવા જેવી માંગણીઓ કરી છે.

સીએએને લઈ ગૃહરાજ્યમંત્રી વિધાનસભા ગૃહમાં મોટું નિવેદન

તમારા આકાઓને કહી દેજો આ પીએમ મોદીનું ગુજરાત છેઃ પ્રદિપસિંહ જાડેજા

ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ દરમિયાન સીએએને લઈ ગૃહમાં ગરમાવો આવી ગયો હતો. કોંગ્રેસનાં ધારાસભ્યોનાં જવાબમાં ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા આક્રમક થઈ ગયા હતા. અને સીએએને લઈ કોંગ્રેસી ધારાસભ્યોનો ઉધડો લઈ લીધો હતો. પ્રદિપસિંહ જાડેજાએ ગૃહમાં જણાવ્યું કે, સીએએને કોઈપણ હિસાબે અમલ કરવાના છીએ. તમારા આકાઓને કહી દેજો આ પીએમ મોદીનું ગુજરાત છે

સીએએને લઈ ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાનું ગૃહમાં મોટું નિવેદન આપ્યું હતું. પ્રદિપસિંહે ગૃહમાં જણાવ્યું હતું કે, સીએએને કોઈપણ હિસાબે અમલ કરાવાના છીએ. લઘુમતી સમાજનું કંઈ લૂંટાઈ જવાનું નથી. અમદાવાદમાં રાત્રે આઝાદીનાં નારાં લાગે છે તેવું પ્રદીપસિંહે જણાવ્યું હતું. સાથે જ આ નિવેદનને લઈ ગ્યાસુદ્દીન શેખ પર પ્રદીપસિંહ જાડેજાએ ગંભીર આરોપ લગાવ્યો હતો.

પ્રદિપસિંહ જાડેજાએ ગ્યાસુદ્દીન શેખને સંબોધીને કહ્યું કે, તમારા આકાઓનાં ઈશારે આવું થાય છે. તમારા આકાઓને કહી દેજો કે આ પીએમ મોદીનું ગુજરાત છે. આ વાત પર કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગૃહમાં વિરોધ કર્યો હતો. ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું કે, સીએએ અને એનઆરસીનો વિરોધ કરતાં રહીશું. અહિંસક રીતે વિરોધ કરીશું. તો સામે પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું કે, શાહ આલમમાં કોંગ્રેસનાં લોકોએ હુમલો કર્યો હતો. કોંગ્રેસનાં કોર્પોરેટરોએ હુમલા કરાવ્યા હતા. પ્રદીપસિંહના આ નિવેદન સામે કોંગ્રેસનાં ધારાસભ્ય શૈલેષ પરમારે ચેલેન્જ આપી હતી. શૈલેષ પરમારે કહ્યું કે, સનીબાબાનો પથ્થર મારતો ફોટો આપો, એમને ફાંસીએ ચડાવવા તૈયાર છીએ.

આવતીકાલથી બોર્ડની પરીક્ષાઃ ૧૭.૭૬ લાખ વિદ્યાર્થી પરીક્ષા આપશે

આજે વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થા જોઈ શકશે, ૭૫,૨૫૫ એક્સટર્નલ બોર્ડની પરીક્ષા આપશે

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આગામી ૫ માર્ચથી શરૂ થવાની છે જેમા અમદાવાદના ૧.૯૬ લાખ સહિત કુલ ૧૭.૩૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જેમાં ધોરણ ૧૦ના ૧૦.૮૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે અને ધોરણ ૧૨ના સાયન્સ અને સામાન્ય પ્રવાહના ૬.૫૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે આ વર્ષ મોટી સંખ્યામાં એક્સટર્નલ વિદ્યાર્થીઓ પણ બોર્ડની પરીક્ષા આપશે. જેમા ધોરણ ૧૦ના ૧૨,૩૦૭ અને ધોરણ ૧૨ના ૬૨૫૪૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. એટલે કે ધોરણ ૧૦-૧૨ના કુલ ૭૫,૨૫૫ એક્સટર્નલ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે.

શિક્ષણ બોર્ડે પરીક્ષાને લખતો એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ધો.૧૨ સાયન્સના જૂના કોર્સના ૨૩ હજાર વિદ્યાર્થી પણ બોર્ડની પરીક્ષા આપશે. ધો.૧૦ માટે રાજ્યભરમાં ૮૧ ઝોન તૈયાર કરાય છે જ્યારે ધોરણ ૧૨ માટે ૫૬ ઝોન છે. ધો.૧૦ની પરીક્ષા માટે ૯૩૪ કેન્દ્ર અને ધો.૧૨ની પરીક્ષા માટે ૬૫૩ કેન્દ્ર છે. ધો.૧૨ના ૬૫૩ કેન્દ્રમાંથી સામાન્ય પ્રવાહના ૫૧૪ કેન્દ્ર છે જ્યારે સાયન્સના ૧૩૯ કેન્દ્ર રહેશે. રાજ્યભરમાંથી કુલ ૧૭.૭૬ લાખ વિદ્યાર્થીઓ એકસાથે પરીક્ષા આપશે. જેમા ધો.૧૦માં ૧૦.૮૩ લાખ વિદ્યાર્થી, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૨૭ લાખ અને સાયન્સમાં ૧.૪૩ લાખ વિદ્યાર્થી ઉપસ્થિત રહેશે.

ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં ૮૦ ગુણના પેપર માટે વિદ્યાર્થીઓને ત્રણ કલાકનો સમય આપવામાં આવશે .વિદ્યાર્થીને સવારે ૧૦.૦૦ વાગ્યાથી ૧૦.૧૫ સુધી પેપર વાંચવા માટે સમય મળશે ત્યારબાદ ૧૦.૧૫થી ૧.૧૫ સુધી ઉત્તરો લખવા માટે સમય આપવામાં આવશે. જોકે ધોરણ૧૨ના વિદ્યાર્થીને ૧૫ મિનિટનો સમય વધુ આપવામાં આવશે.પરીક્ષા પૂર્ણ થયા બાદ જિલ્લામાં સમવિષ્ટ તમામ બિલ્ડિંગના બ્લોકની ડીવીડીની ચકાસણી જિલ્લા કક્ષાએ નક્કી કરેલી કમિટીએ જોવાની રહેશે.

એક તરફી પ્રેમમાં પાગલ યુવકે યુવતીને એસિડ એટેકની ધમકી આપી

અમદાવાદ

અમદાવાદમાં ફરી એકવખત એક તરફી પ્રેમમાં પાગલ યુવકે યુવતીને એસિડ એટેકની ધમકી આપી છે. અમદાવાદ શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં એક યુવતી જોબ કરે છે. તેણી સાથે ઓફિસમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા એક યુવાન પણ કામ કરતો હતો. બન્ને વચ્ચે થોડી ઘણી વાતચીત દરમિયાન યુવકના હૈયામાં યુવતી પ્રત્યે પ્રેમ જાગ્યો હતો. પરંતુ યુવતીના મનમાં એવું કશું જ હતું નહીં. યુવતી તે યુવાનને ભાઈ માનતી હતી. પરંતુ યુવાનની વધુ પડતી જીજ્ઞાસાઓ યુવતીને ભારે પડી હતી.

ઓફિસમાં વાતચીત દરમિયાન યુવાન પાસે યુવતીનો મોબાઈલ નંબર હોવાથી તે મેસેજ કર્યા કરતો હતો અને ફોન પર વાત કરીને તેની સાથે ફ્રેન્ડશીપ કરી પ્રેમસંબંધ રાખવાની વાતો કર્યા કરતો હતો. પરંતુ યુવતીએ ના પાડતા જ આરોપી યુવાને તેને ઓફિસ બહાર રોકીને ધમકી આપી હતી કે, જો તુ મારી સાથે ફ્રેન્ડશીપ નહીં કરે તો તારા મોઢા પર એસિડ ફેંકીશ.

ત્યારબાદ યુવતીએ તેની સાથે ફોન પર કે પછી રૂબરૂમાં વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું. યુવકની ધમકીથી ડરીને તેણે તેનો મોબાઈલ

મનપાની ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગઃ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ 'આપ'માં જોડાશે

રાજકોટ

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને આડે ગણતરીના મહિના બાકી છે ત્યારે રાજકોટમાં રાજકીય પાર્ટીઓમાં કરંટ જોવા મળી રહ્યો છે. આગામી ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ જામે તેવું જાણવા મળ્યું છે. ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટી વચ્ચે જંગ જામશે. ગઈકાલે સોમવારે એક સમયે ભાજપથી નારાજ નેતા રાજભા ઝાલાએ આપમાં જોડાવા સંકેતો આપ્યા હતા. ત્યારે હવે ઉદ્યોગપતિઓ પણ આપમાં જોડાય તેવી શક્યતા છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ શિવલાલ બારસીયા સહિતના પૂર્વ હોદ્દેદારો તેમજ પ્રવર્તમાન હોદ્દેદારો પૈકી કેટલાક હોદ્દેદારો તેમજ તેમના સમર્થકો આમ આદમી પાર્ટીમાં આવતા અઠવાડિયે વિધિવત રીતે જોડાશે

શિવલાલ બારસીયાએ જણાવ્યું હતું કે, લોકો પ્રવર્તમાન શાસક પક્ષથી નાખુશ છે. તેમની નીતિ પ્રજાહિતમાં નથી ત્યારે જે રીતે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકારે શિક્ષણ અને આરોગ્યમાં જે પ્રકારે પ્રજાલક્ષી કાર્ય કર્યું છે તેનાથી પ્રેરાઈને હું ઘણા સમયથી આમ આદમી પાર્ટીમાં દિલથી જોડાયો છું. ત્યારે આગામી સમયમાં આવતા અઠવાડિયે અન્ય પૂર્વ હોદ્દેદારો તેમજ સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાઈશ

ઉદ્યોગકારો કહેશે ત્યાં સરકાર જીઆઈડીસી બનાવી આપશેઃ નીતિન પટેલ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ઉદ્યોગકારો માટે મોટી જાહેરાત કરી છે. જ્યાં પણ ઉદ્યોગકારો કહેશે ત્યાં રાજ્ય સરકાર જીઆઈડીસી બનાવી આપશે તેવી જાહેરાત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિધાનસભા ગૃહમાં કરી હતી. આ સાથે નીતિન પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર જીઆઈડીસી બનાવે છે ત્યાં ઉદ્યોગકારો જતાં નથી, તેના નિરાકરણ માટે સરકારે આ નિર્ણય લીધો છે. વિધાનસભા ગૃહમાં નીતિન પટેલની આ જાહેરાતથી ગુજરાતના ઉદ્યોગકારનો બખ્ખા થઈ જશે. નીતિન પટેલે ગૃહમાં જણાવ્યું કે, કોઈપણ તાલુકો જે વિસ્તારમાં ૫૦ ઉદ્યોગકારો ભેગા થઈને જીઆઈડીસીની માંગણી કરશે તો એ સંદર્ભે રાજ્ય સરકાર વિચાર કરશે. જીઆઈડીસીમાં મળતાં સબસિડી અને લાભો પણ ઉદ્યોગકારોને આપવામાં આવશે તેવું નીતિન પટેલે જણાવ્યું હતું. રાજ્યમાં અનેક જીઆઈડીસીઓ ખાલી હોવાના કારણે રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

કોરોનાનો કહેર... એએમસી કમિશ્નરે હાથ મિલાવવાના બદલે 'નમસ્તે' કહેવા અપીલ કરી

અમદાવાદ

સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ ધીરે ધીરે ફેલાઈ રહ્યો છે. ભારતમાં પણ ત્રણ કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોના વાઈરસ ન ફેલાય તેની સાવચેતીના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ ટ્વિટ કરી લોકોને હાથ મિલાવવાના બદલે હાથ જોડીને નમસ્તે કહેવા માટે અપીલ કરી છે.

અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ ટ્વિટર પર લખ્યું હતું કે, 'આપણે કોરોના સામે લડવા માટે જ્યારે સક્ષ થઈ રહ્યા છીએ ત્યારે ખૂબ જ અસરકારક અને સરળ ઉપાય આ છે. ઈનોહેન્ડશેક ઈસે નમસ્તે' ચાલો આ મેસેજ પ્રસરાવીએ અને કોરોના વાઈરસને ભગાડીએ'

મ્યુનિસિપલ હોસ્પિટલમાં ખાસ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. એસવીપી અને સિવિલ હોસ્પિટલમાં પણ ખાસ વોર્ડ બનાવવામાં આવ્યો છે. અમદાવાદમાં કોરોના વાઈરસના ચાર જેટલા શંકાસ્પદ કેસ આવ્યા હતા. જે નેગેટિવ આવ્યા હતા. લોકોને આ વાઈરસથી ખાસ સાવચેત રહેવા હાથ મિલાવવાની જગ્યાએ નમસ્તેની અપીલ કરાઈ છે.

પર્સની ચીલઝલપ કરતી ગેંગનો પર્દાફાશઃ ૧.૧૩ લાખના મુદ્દામાલ સાથે ૩ની ધરપકડ

વડોદરા

વડોદરા કાઈમ બ્રાંચની એન્ટી ચેઈન સ્નેચીંગ સ્કવોડે મહિલાઓના પર્સની ચીલ ઝલપ કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. અને ૧.૧૩ લાખના મુદ્દામાલ સાથે કિશોર સહિત ૩ આરોપીની ધરપકડ કરી છે.

કાઈમ બ્રાંચે બાતમીને આધારે અનિલ કિશનચંદ બુધવાણી(૨૭) (રહે, સી-૧૫ શિવધારા ફ્લેટ, વારસીયા, વડોદરા), રાકેશ સંતોષભાઈ ચાવલા(૨૩) (રહે, ટી-૯, ૨૯૬, વાસવાણી કોલોની, વારસીયા, વડોદરા) અને એક કિશોરની ધરપકડ કરી છે. આ આરોપીઓએ ફતેગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે અને પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિલાઓના પર્સની ચીલઝલપ કરી હોવાની કબૂલ્યુ છે અને એક બાઈક, ૪ મોબાઈલ, એક સોનાની વીંટી, કાંડા ઘળીયાળ અને રોકડા ૨૨૦૦ રૂપિયા સહિત ૧,૧૩,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે અને આરોપીઓની પૂછપરછ શરૂ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતની વસતી ૨૦૨૧માં વધીને ૬.૬૧ કરોડ પહોંચશે : પોપ્યુલેશન રિપોર્ટ

અમદાવાદ

વર્ષ ૨૦૨૧માં ગુજરાતની વસતી વધીને ૬.૬૧ કરોડ થઇ જશે. પોપ્યુલેશન પ્રોજેક્શન દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટમાં આ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. જેમાં ૩.૫૦ કરોડ પુરુષ જ્યારે ૩.૧૧ કરોડ મહિલાઓ હશે. જોકે ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે રાજ્યમાં ૩.૧૦ કરોડ પુરુષ અને ૨.૮૦ કરોડ મહિલાઓ હતી. ૨૦૧૧માં ૫.૯૦ કરોડ હતી જે ૨૦૨૧માં વધીને ૬.૬૧ કરોડ પહોંચી જવાનો અંદાજ છે. એટલે કે છેલ્લા ૧૦ વર્ષમાં વસતીમાં ૭૦ લાખનો વધારો થઈ શકે છે. જ્યારે ૨૦૨૬માં ગુજરાતની વસ્તી ૭ કરોડના આંકને વટાવી જશે તેવો અંદાજ રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવ્યો છે.

૨૦૨૧માં ગુજરાતની કુલ વસતીના ૫૭,૧૬,૦૦૦ ૨૫થી ૨૯ વર્ષની વયના યુવાન હશે. જ્યારે ૨૦થી ૨૪ વર્ષના ૫૫,૭૬,૦૦૦ યુવાનો હશે. જ્યારે ૦થી ૪ વર્ષની ઉમરના બાળકોની સંખ્યા ૪૭,૩૧,૦૦૦ હશે. આ ઉપરાંત ગુજરાતમાં ૨૦૨૧માં ૮૦ વર્ષથી વધુ વયના ૮,૩૯,૦૦૦ વડીલો હશે. જેમાં ૩,૩૨,૦૦૦ પુરુષો અને ૫,૦૭,૦૦૦ મહિલાઓ હશે. જ્યારે ૬૦થી ૬૪ વર્ષની વયના ૨૬,૩૭,૦૦૦ આધેડ હશે. જેમાં ૧૩,૪૨,૦૦૦ પુરુષો અને ૧૨,૯૫,૦૦૦ મહિલાઓ હશે.

૨૦૨૧ના વર્ષમાં ગુજરાતમાં બાળકો અને કિશોરોની સંખ્યા જોવામાં આવે તો પથી ૧૮ વર્ષની વયના કુલ ૧,૪૫,૨૯,૦૦૦ જેમાં ૭૯,૬૫,૦૦૦ કિશોર જ્યારે ૬૫,૬૪,૦૦૦ કિશોરીઓ હશે. પથી ૧૮ વર્ષની વયના બાળકોની સંખ્યા પૈકી ૫ વર્ષની વયના કુલ ૯,૮૭,૦૦૦ બાળકો જ્યારે ૧૮ વર્ષની વયના ૧૦,૮૬,૦૦૦ યુવાનો હશે.

વિધાનસભામાં ચોંકાવનારો ખુલાસો... રાજ્યમાં દરરોજ ૨૦ બાળકોના મોત થાય છે

ગાંધીનગર

ગુજરાત વિધાનસભા સત્રમાં ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં થયેલા બાળકોના મોત અંગે ખુલાસો થયો છે. કોંગ્રેસના ધારાસભ્યોએ પૂછેલા પ્રશ્નના જવાબમાં રાજ્યસરકારે તેનો જવાબ આપ્યો છે. સરકારી હોસ્પિટલોમાં બાળકોના મોતના આંકડો ચોંકાવનારો આવ્યો છે. જેમાં સરકારે જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં ૧૫ હજાર ૧૩ બાળકોના મોત થયા હોવાની વાત કબૂલી હતી.

રાજ્યમાં દરરોજ ૨૦ બાળકોના મોત થાય છે. બે વર્ષમાં સરકારી હોસ્પિટલોમાં ૭૧૭૭૪ બાળકોનો જન્મ થયો હતો. જેમાંથી સૌથી વધુ અમદાવાદની સરકારી હોસ્પિટલમાં ૪૩૨૨ બાળકોના મોત થયા છે. મોતને ભેટેલા આ બાળકો સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ થયા હતા. આ મામલે વિધાનસભામાં ગંભીર પ્રત્યાઘાત પડ્યા હતા.

રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં સરકારી હોસ્પિટલમાં ૭૧૭૭૪ બાળકોનો જન્મ થયો હોવાની વિગત ગૃહમાં રાજ્ય સરકારે આપી હતી. જેમાંથી ૧૫૦૧૩ બાળકો મૃત્યુ પામ્યા હોવાની વાત સરકારે સ્વીકારી છે. સરકારે તે વાત કબૂલી હતી કે, દર ૨ દિવસે ૪૧ બાળકોનો મૃત્યુ થાય છે. જેથી દરરોજ ૨૦ કરતાં વધુ બાળકોનો મૃત્યુઆંક ગુજરાતમાં છે. સૌથી વધુ ૪૩૨૨ બાળકો અમદાવાદના સરકારી હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા છે. વિધાનસભામાં પ્રશ્નોત્તરીમાં સરકારે આ મોટો ખુલાસો કર્યો છે.

અમદાવાદ સિવિલ, યુ.એન. મહેતા અને એચ.એલ. ત્રિવેદી હોસ્પિટલ મળીને ક્લાસ ૧,૨ અને ૩ની કુલ મંજુર મહેકમ ૧૧૦૮માંથી ૧૫૮ જગ્યાઓ ખાલી પડી છે. જ્યારે સિવિલ હોસ્પિટલમાં ક્લાસ-૩માં ૬૮૨ અને ક્લાસ-૪ માં ૧૧૦૬ જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવામાં આવી છે. યુ.એન.મહેતામાં ૧૮૮૬ જગ્યાઓ કોન્ટ્રાક્ટ આધારિત ભરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સિંગ કરતી ૩ કંપનીઓને ૨ વર્ષમાં રૂ. ૪૮ કરોડની ચુકવણી કરવામાં આવી છે.

પરિણીતાને કેટરિંગનું કામ આપવા બોલાવી સામૂહિક દુષ્કર્મ આચરનાર નરાધમો ઝડપાયા

જેતપુર

જેતપુરની પરિણીતાએ રાજકોટની મહિલા પોલીસ સ્ટેશનમાં પોતાની સાથે સામુહિક દુષ્કર્મની ઘટના ઘટી હોવાની ફરિયાદ નોંધાવી છે. મહિલાએ રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં રાજકોટના સામા કાંઠે રહેતા નટુ સોજીત્રા અને તેના બે અજાણ્યા મિત્રો સામે સામુહિક દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

પીડિતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે થોડા સમય પૂર્વે તેણી એક બસમાં મુસાફરી કરતી હતી. ત્યારે તેનો એક શખ્સ સાથે પરિચય થયો હતો. જેનું નામ પૂછતાં તેને પોતાનું નામ નટુ સોજીત્રા હોવાનું જણાવ્યું હતું. તેમજ પોતે કેટર્સ ના ધંધા સાથે કેટરર્સના ધંધા સાથે જોડાયેલો હોવાનું પણ જણાવ્યું હતું તો સાથે જ મહિલા સાથેની વાતચીતમાં ભવિષ્યમાં કેટરસ અંગે કોઈ કામ હોય તો ફોન કરવા પણ જણાવ્યું હતું.

છેલ્લા કેટલાય સમયથી મહિલાને જેતપુર પંથકમાં કામ ન મળતાં તેને નટુ સોજીત્રા નો સંપર્ક કર્યો હતો જેથી તે રાજકોટ આવી પહોંચી હતી. ત્યારે નટુ સોજીત્રા ગ્રીનલેંડ ચોકડી પાસે એકટીવા લઈ તેને તેડવા આવ્યો હતો.જે બાદ સોજીત્રા મહિલાને એક ફ્લેટમાં લઈ ગયો હતો જ્યાં પહોંચી તેને પોતાના બે મિત્રોને ફોન કર્યો હતો. બાદમાં તેના બે અજાણ્યા મિત્રો પણ ધસી આવ્યા હતા. જે બાદ દરવાજો લોક કરી નટુ સોજીત્રાએ બીભત્સ માંગણી કરી હતી. પરંતુ પ્રતિકાર કરતા ત્રણેય શખ્સોએ મહિલાને માર માર્યો હતો અને બાદમાં તેની સાથે બળજબરી પૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.

રૂપાણી સરકારના મંત્રીનું સમૂહ ભોજન બન્યું વિવાદનું કેન્દ્ર

ગાંધીનગર

વિધાનસભા સત્રની શરૂઆતથી જ રાજ્ય સરકારના એક મંત્રીએ યોજેલા ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોના સમુહ ભોજનથી નવો વિવાદ ઊભો થયો છે. સામાન્ય રીતે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોનું સમુહ ભોજન વિવાદ નથી બનતું પણ આ વખતે રાજ્યસભાની ચૂંટણીઓ આવી રહી છે એવા સંજોગોમાં આ મુદ્દાએ રાજકીય રંગ પકડયો છે. રૂપાણી સરકારના મંત્રીએ ભાજપ-કોંગ્રેસના ૨૦થી વધુ ધારાસભ્યોનું સમૂહભોજન ગોઠવતા આ વિવાદ ઊભો થયો છે.

સુત્રોનું માનીએ તો વિધાનસભા અધ્યક્ષ પાસે આ માટે મંજૂરી માંગવામાં આવી હતી કારણ કે વિધાનસભા પરિસરમાં આ પ્રકારના આયોજન માટે મંજૂરી ફરજીયાત છે. વિધાનસભા અધ્યક્ષની મંજુરી બાદ સમૂહ ભોજ યોજાયો પણ ખરો અને ત્યારબાદ ૩-૪ દિવસ સુધી આ પ્રકારનું આયોજન થતા ભાજપના નેતાઓને ફાળ પડી અને કોઈપણ નવાજુની થાય એ પહેલાં જ સરકારના સિનિયર મંત્રીએ આયોજન કરનાર મંત્રીને ઠપકો આપ્યો અને ભવિષ્યમાં આ પ્રકારના આયોજનોથી દૂર રહેવા સૂચના આપી હતી.

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને ૯૯ બેઠકો મળ્યા બાદ પક્ષ આ પ્રકારનું કોઈ જોખમ લેતો નથી. હવે ભલે ભાજપનું સંખ્યાબળ ૧૦૩ હોય પણ ૧૫-૨૦ ધારાસભ્યોને સતત સંપર્કમાં રહે તો બળવાખોરી જેવી ઘટના થવાના એંધાણથી ભાજપના સિનિયર મંત્રીઓએ મામલો થાળે પાડ્યો હતો. શિસ્તબદ્ધ ગણાતા ભાજપમાં ક્યારેય આ પ્રકારે કોંગ્રેસના ધારાસભ્યો સાથે આત્મીયતા કે નિકટતા જોવા મળી નથી. પણ એક પછી એક કોંગ્રેસના સિનિયર નેતાઓને ભાજપમાં લાવીને મંત્રી બનાવ્યા પછી આ નિકટતાનો અનુભવ ભાજપને થયો અને કદાચ તેના કારણે જ ભાજપના નેતાઓને બળવાખોરીનો ડર સતાવી રહ્યો છે.

સરકારને ત્રણ વર્ષમાં પેટ્રોલ-ડીઝલના ટેક્સની આવક ૪૦ હજાર ૫૨૬.૭૧ કરોડ થઈ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભા સત્રમાં રાજ્યને પેટ્રોલિયમ પેદાશો પર લેવાતી સેસ અને સ્ટેટ જીએસટીની આવક અંગે ખુલાસો થયો છે. પ્રશ્નોતરીકાળ દરમિયાન રાજ્ય સરકારે આપેલી માહિતી મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને પેટ્રોલિયમ પેદાશો પર લેવાતી સેસની ૪૦ હજાર ૫૨૬.૭૧ કરોડની આવક થઈ છે. રાજ્ય સરકારને વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૪ હજાર ૭૬૨.૦૫ કરોડ, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૫ હજાર ૧૭૮.૬૪ કરોડ, વર્ષ ૨૦૧૯ના ડિસેમ્બર સુધીમાં રૂ.૧૦હજાર ૫૮૬.૦૨ કરોડની આવક થઈ છે. જ્યારે સ્ટેટ જીએસટીની વાત કરવામાં આવે તો રાજ્ય સરકારની એસજીએસટી આવકમાં ગત વર્ષ કરતા ચાલુ વર્ષે સરકારને ૨,૯૨૮.૫૬ કરોડનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૮માં ૨૪,૪૦૦.૫૬ કરોડની સ્ટેટ જીએસટીની આવક સામે વર્ષ ૨૦૧૯માં ૨૭૩૨૯.૪૧ કરોડની આવક થઈ છે. ગુજરાત વિધાનસભામાં સરકારે રજૂ કરેલા આંકડા મુજબ, ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૧૨,૮૭૪.૮૩ કરોડ અને ૨૦૧૮-૧૯ના ૧૪૦૦૧.૩૦ કરોડ અને એપ્રિલ ૨૦૧૯થી જાન્યુઆરી સુધીના ૧૦ મહિનામાં ૧૦૯૦૫.૨૫ કરોડ મળીને છેલ્લા બે વર્ષ અને ૧૦ મહિનામાં ૩૭૭૮૧.૩૮ કરોડ રૂપિયાની ધરખમ આવક સરકારને મળી છે એટલે કે ગુજરાત સરકારને પેટ્રોલ પરના વેરા પેટે માસિક સરેરાશ આશરે રૂપિયા ૩૪૨.૨૦ કરોડ અને ડીઝલ પરના વેરા પેટે કુલ સરેરાશ ૧૧૧૧.૨૧ કરોડની આવક થઈ છે.



આગામી તા.પ'મી માર્ચથી ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ પરીક્ષાનો આરંભ થવાનો છે. બોર્ડ પરીક્ષા માટેની વિવિધ સાધન સામગ્રીઓ કેન્દ્ર શાળાઓમાં પહોંચતી કરી દેવામાં આવી છે અને આ કેન્દ્રોમાંથી સામગ્રીઓનું શાળા કેન્દ્રોમાં વિતરણ થઈ રહ્યું છે.

કાપડનો માલ ખરીદી વેપારી સાથે રૂા.૬.૧૮ લાખની ઠગાઈ

સુરત

સુરતના વેપારી પાસેથી રૂપિયા ૬.૧૮ લાખની કિંમતનો કાપડનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવનારા પાંચ વેપારી સામે પુણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પરવત પાટીયા મોડલ ટાઉનમાં રહેતાં અનુજકુમાર રતનલાલ મોહેતાએ આરોપી સલીમ ગુલામ હુસૈન બગીવાલા (સજાવટ હેન્ડલુમ યાકુબપુરા, વડોદરા), અર્જુનભાઈ (ચાંદની એજન્સી), હેમંત મનોહરલાલ શ્યામદસાણી (રોનક સ્પોર્ટસ, અમરાવતી, મહારાષ્ટ્ર), સાજેદખાન (સોની કલેક્શન, નાંદેડ, મહારાષ્ટ્ર), રામભાઈ (રામ હેડ્સ ભોપાલ, મધ્યપ્રદેશ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ૪૫ થી ૬૦ દિવસમાં પેમેન્ટ કરી આપવાનો વિશ્વાસ કેળવી ફરિયાદી પાસેથી રૂા.૬,૧૮,૬૦૮ની કિંમતનું કાપડ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. પુણા પોલીસે વેપારી અનુજકુમાર રતનલાલની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

ફેસબુકથી સંપર્કમાં આવેલા પ્રેમી સાથે બનારસ જઈ લગ્ન કરનાર કિશોરી ઝડપાઈ

સુરત

ફેસબુક ફ્રેન્ડ બન્યા બાદ ટ્રેનમાં બેસી બનારસ ભાગેલી સુરતની કિશોરી ૧૦ દિવસ પછી બિહારમાં પ્રેમી સાથે ઝડપાઇ જતા પાંડેસરા પોલીસ બન્નેને સુરત લઈ આવી હતી. બિહારથી સોમવારની રાત્રે સુરત આવેલી પોલીસ આજે કિશોરી અને તેના પ્રેમીને મેડિકલ તપાસ માટે સુરત સિવિલ હોસ્પિટલ લઈ આવી હતી. જ્યાં અપહરણ અને બળાત્કારની ફરિયાદ સાથે પોસ્કોની કલમ હેઠળ બન્નેના ગાયનેકને લાગતા તબીબી પરીક્ષણના સેમ્પલ લેવાયા હતા.

બિહારનો વતની અને કિશોરીના અપહરણ, બળાત્કાર સાથે પોસ્કોના આરોપમાં ફસાયેલા શિવાનંદ મહેન્દ્ર પાઠક (ઉ.વ. ૨૦)એ મેડિકલ ઓફિસરને જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલાં સુરતના પાંડેસરા વિસ્તારની કિશોરી સાથે ફેસબુક પર ફ્રેન્ડશીપ થઈ હતી. ત્યારબાદ બન્ને ટેલિફોનિક સંપર્કમાં રહેતા એકબીજાના પ્રેમમાં પડ્યા હતા.૩૬૫ દિવસ સતત ટેલિફોનિક વાતચીતને લઈ બન્ને એકબીજાથી દૂર ન રહી શકતા કિશોરી ૧૦ દિવસ પહેલા જ ઘર છોડી સુરતથી ટ્રેનમાં બેસી પ્રેમી પાસે બનારસ પહોંચી ગઈ હતી. ત્યારબાદ બન્નેએ એકબીજા સાથે મંદિરમાં લગ્ન કરી લીધા હતા.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર સુરતમાંથી અચાનક ગુમ થઈ ગયેલી દીકરીને લઈ ચિંતિત માતા-પિતાએ પાંડેસરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેને લઈ તપાસમાં કિશોરી બનારસ હોવાની જાણ થયા બાદ પાંડેસરા પોલીસ બનારસ જઈ બન્નેને સુરત લઈ આવી છે. હાલ પ્રેમીના કહ્યા મુજબ તેના કિશોરી પ્રેમિકા સાથે શારીરિક સંબંધ બધાયા છે. પાંડેસરા પોલીસે ૩૬૬, ૩૭૬ અને પોસ્કો એક્ટ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



ભરૂચ તાલુકાના વાંસી ગામની મહિલાઓ એકઠા થઈ દારૂબંધી બાબતે તાલુકા પોલીસ મથકે વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ હતું મહિલાઓએ દારૂબંધીના કડક અમલની માંગ સાથે પોલીસને રજુઆત કરી. ગામમાં દેશી વિદેશી દારૂના અડ્ડા બંધ કરાવવાની માંગ કરવામાં આવેલી હતી.

પુરવઠાના અધિકારીઓએ ગોડાઉનમાં રેડ કરીને ૨૬ ગેસના સિલિન્ડર ઝડપ્યાં

વલસાડ

વલસાડ શહેરના પારડી વિસ્તારમાં પુરવઠાના અધિકારીઓએ રેડ કરી હતી. જેમાં અધિકાઓને ૨૬ જેટલા ગેસના સિલિન્ડર મળી આવ્યાં હતાં. મળી આવેલા સિલિન્ડરમાંથી ૨૪ જેટલા ગેસના સિલિન્ડર ખાલી હતાં. ભાડેથી ગોડાઉન ચલાવતા કેટરીંગના વેપારી વિરૂધ્ધ પુરવઠા ખાતાએ વધુ તપાસ હાથ ધરી છે.

કેટરીંગનો વ્યવસાય કરતાં ધંધાદારીએ પારડી વિસ્તારમાં બે મહિના અગાઉ મકાન ભાડે રાખીને ગોડાઉન બનાવ્યું હતું. ગોડાઉનમાં ગેસની બોટલ હોવાની લેખિતમાં પુરવઠા વિભાગને અરજી મળી હતી. જેના આધારે પુરવઠાના અધિકારીઓએ રેડ કરી હતી. જેમાં ૨૬ ગેસના સિલિન્ડર મળી આવ્યાં હતાં. બે સિલિન્ડર ભરેલા હતાં જ્યારે અન્ય ખાલી હતાં. સિલિન્ડરને કબ્જે કરીને પુરવઠા વિભાગ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દુકાનદારના એકાઉન્ટન્ટ દ્વારા રૂા.૧૩.૦૬ લાખની ઉચાપત

બેંક એકાઉન્ટમાંથી મોટી રકમ ટ્રાન્સફર કરી દેવાઈ

સુરત

રિંગરોડ ન્યુ ટેક્ષટાઈલ્સ માર્કેટની એક દુકાનમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરનારે રૂપિયા ૧૩.૦૬ લાખની ઉચાપત કરતા દુકાનદારે સલાબતપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ ન્યુ ટેક્ષટાઈલ્સ માર્કેટ બીજા માળે દુકાન ધરાવતા નવીનભાઈ સતબીરભાઈ જૈને આરોપી એકાઉન્ટન્ટ હિમાંશુ ભીમરાજ સિંહોટા (પ્રજાપતિ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ દુકાનમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા નેટ બેંકિંગના પીન નંબર જાણી લઈ અલગ અલગ લો કોન રૂપિયા ૧૨,૮૧,૫૮૫ની રકમ ટ્રાન્સફર કરી ધંધાના વકરાના રોકડા રૂપિયા ૨૫ હજાર મળી કુલ રૂા.૧૩,૦૬,૫૮૫ની ઉચાપત કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બોર્ડ પરીક્ષા કેન્દ્ર નજીક ઝેરોક્ષ કે ફેક્સ સેન્ટરો બંધ રાખવા

સુરત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આગામી માર્ચ મહિના દરમિયાન ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય- વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ યોજાનાર છે. જેથી જિલ્લામાં શાંતિ અને સલામતી જળવાઈ રહે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરકરાર રહે તેમજ મુકત વાતાવરણમાં પરીક્ષાઓ યોજાય તેવા આશયથી સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ. ડી. વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. જાહેરનામા અનુસાર તા.૫/૩/૨૦૨૦ થી તા.૨૧/૩/૨૦૨૦ સુધી સુરત ગ્રામ્યના સમગ્ર વિસ્તારમાં આવેલા બારડોલીની યુ.કે.આર.કે.વિદ્યાલય તેન ઝોન કચેરી તથા અન્ય ૯૮ જેટલા પરીક્ષા કેન્દ્રોની આજુ બાજુના ૨૦૦ મીટરના ઘેરાવામાં કોઈ પણ વ્યકિતએ હથિયાર, મોબાઈલ લઈ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા પર તથા ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. નોધનીય છે કે, ફરજ પરના વ્યકિતઓને આ હુકમ લાગું પડશે નહિ. આ હુકમનો ભંગ કે ઉલ્લંધન કરનાર શિક્ષાને પાત્ર થશે

જિલ્લા ફેર બદલી માટે શિક્ષકોની યાદી વેબસાઈટ પર મુકાય

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતમાં અન્ય જીલ્લામાંથી જીલ્લા ફેરબદલી આવનાર શિક્ષકોની યાદી કચેરીની વેબસાઈટ પરપ્રસિધ્ધ કરવા અંગેની અખબારી યાદી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતમાં જીલ્લા ફેરબદલી થી જે તે જીલ્લામાંથી આવનાર શિક્ષકની અરજીઓ વર્ષ વાર નોધવામાં આવેલ છે. અને અગાઉ કચેરી તરફથી તા.૩૧૦૧/૨૦૧૮ના પત્રથી વેબસાઈટ પર મુકવામાં આવેલ હતી, સુધારા વધારા કરી યાદી ફરીથી પ્રસિધ્ધ કરવામાં આવે છે, જે શિક્ષકો પીટીસીના છે તેઓનાં નામ પીટીસીની યાદી માં સામેલ છે. જે શિક્ષકોએ પીટીસીમાં અરજી કરેલ અને તેઓએ ધો.૬ થી ૮ માં ઉચ્ચ પ્રા.વિભાગમાં વિકલ્પ સ્વીકારેલ તેઓના નામ વિષયવાર (ક-ખ-ગ) અને વર્ષ વાર યાદી મુજબ નોધવામાં આવેલ છે. આ યાદી કચેરીની નીચે જણાવેલ વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે, જેમાં તમામ કોલમની ચકાસણી કરી, જો તેમાં દા.તા. નિ.પ.ધો.તા. કે જન્મતારીખ માં ભૂલ હોય તો, તથા પીટીસી થયેલ શિક્ષકોએ વિકલ્પ સ્વીકારેલ હોય અને તેમના નામ વિષયવારની યાદીમાં લેવાના બાકી હોય તો, તેવા શિક્ષકોએ વિકલ્પની નકલ અને અરજી સહિત દિન-૧૦ માં અત્રેની કચેરીની નીચે જણાવેલ વેબસાઈટ કે ઈમેઈલ પર અથવા તો બરુમાં કચેરીના મહેકમ વિભાગમાં અરજી કરવાની રહેશે. જિ.પં.સુરતના પત્રાનુસાર જિ.પં. સુરત અને ન.પ્રા.સુરત એમ બંન્ને જિલ્લામાં કરેલ અરજી પૈકીની એક જ અરજી માન્ય ગણાશે તેમ જણાવેલ હોય, જો કોઇ અરજી રદ કરવાની કે ચાલુ રાખવાની બાકી રહી ગયેલ હોય તો તેની જાણ કચેરી એ લેખિતમાં કરશો.

રાજપીપળા ખાતે હિન્દૂ જાગરણ મંચ દ્વારા લવ જેહાદ અને લેન્ડ જેહાદ મુદ્દે જિલ્લા કલેકટરને આવેદન

ફરીયાદમાં વકીલ કેતન પટેલ તથા વકીલ નીરજ જૈનનું નામ તાત્કાલિક કાઢી નાંખવામાં આવેની માં ગ

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લા હિન્દૂ જાગરણ મંચ દ્વારા જિલ્લા કલેક્ટરને એક આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી જેમાં હિન્દૂ આગેવાનોમાં વડિયાના ઉમેદભાઈ વસાવા, નિલેશ તડવી, સહીત આગેવાનો હાજર રહ્યા હતા. અને જિલ્લા કલેક્ટર અને સાંસદ ભરૂચ, છોટાઉદેપુર ને પણ લેખિતમાં રજૂઆત કરી છે.

હિન્દૂ જાગરણ મંચ દ્વારા અપાયેલા આવેદનમાં તેમને કેટલાક મુસ્લીમ સમાજ પર આક્ષેપો લગાવી રજુઆત કરી જેમાં જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી ગુજરાતભરમાં અનેક રીતે હિન્દુ સમાજ પર મુસ્લીમો દ્વારા લવ જેહાદ, લેન્ડ જેહાદ અને ધંધા-રોજગાર આયોજન



પુર્વક જેહાદ થઈ રહયા છે.સાગર પંથી ખંભાત જેવી જગ્યાએ પુર્વઆયોજીત કાવતરા સાથે હીન્દુ સમાજના લોકોના મકાનો સળગાવી દેવામાં આવ્યા છે. તથા ખંભાત, બોડેલી, છોટા ઉદેપુર, ખેડા, નડીયાદ,કચ્છ, ભચાઉ, રાજકોટ, જેતપુર, સુરત, વડોદરા, ચોટીલા, સુરેન્દ્રનગર, લીમડી, જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, અમરેલી, મહુવા, બોટાદ, ભાવનગર, વલસાડ , અંકલેશ્વર, ગામે ગામ તથા રાજયમાં લવ જેહાદ અને લેન્ડ જેહાદની ઘટનાઓ બની રહી છે .

તારીખ ૨૩/૦૨/૨૦૧૭ ના રોજ ખંભાતમાં હીન્દુ સમાજના પુર્વઆયોજીત કાવતરા સાથે ૫૦ જેટલા ઘરો પર મુસ્લીમો દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાના આક્ષેપો લગાવી માંગણી કરાઈ છે કે તારીખ ૨૫ ફેબ્રુઆરી ના રોજ કરેલ ફરીયાદમાં વકીલ કેતન પટેલ તથા વકીલ નીરજ જૈનનું નામ તાત્કાલિક કાઢી નાંખવામાં આવે અને ફરીયાદમાં ખોટી રીતે નામ સંડોવવા ખાતર તથા હીન્દુ જાગરણ મંચ અને હીન્દુ સંગઠનોનું નામ ખોટી રીતે બદનામ કરવા માટે ફરીયાદ દાખલ કરવાની સુચના આપનાર સામે તાત્કાલીક ખાતાકીય તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.

બોર્ડ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ચાર કે વધુ લોકોએ ભેગા થવું નહીં

બોર્ડ પરીક્ષાના શાંતિપૂર્ણ આયોજન અંકે પ્રતિબંધક હુકમો

સુરત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા સુરત શહેરમાં આગામી માર્ચ મહિના દરમિયાન ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય- વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ યોજાનાર છે. જેથી શહેરમાં શાંતિ અને સલામતીપૂર્વક પરીક્ષાઓ સંપન્ન થાય, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરકરાર રહે તેમજ મુક્ત વાતાવરણમાં પરીક્ષાઓ યોજાય તેવા આશયથી સુરત શહેરના મદદનીશ પોલિસ કમિશનર(વિશેષ શાખા)શ્રી પી.એલ. ચૌધરીએ એક જાહેરનામું ગઈપ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર તા.૦૫/૦૩/૨૦૨૦ થી તા.૨૧/૦૩/૨૦૨૦ સુધી સુરત શહેરના સમગ્ર વિસ્તારમાં આવેલી ૦૯ ઝોન કચેરીઓ, ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨૮૫ તથા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૫૬ જેટલા પરીક્ષા કેન્દ્રોની આજુ બાજુના ૧૦૦ મીટરના ઘેરાવામાં પરીક્ષા દરમિયાન ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવા, ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા, સરઘસ કાઢવા તેમજ સભા ભરવા કે વાહનોના પાર્ક કરવા પર મનાઇ હુકમ ફરમાવ્યો છે.

આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા, ટાઉન હોલ કે પરવાની મેળવી હોય, પરીક્ષા સાથે સંકળાયેલા કર્મચારીઓ હોય તો તેઓને આ હુકમ લાગુ પડશે નહિ. આ હુકમનો ભંગ કે ઉલ્લંધન કરનાર શિક્ષાને પાત્ર થશે.

કોરોના વાયરસનો ભય : વેચાણ ઘટી જતા પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગને ભારે અસર

રૂા.૧૮૦ના ભાવે વેચાતા ચીકનનું રૂા.૭૦ના ભાવે વેચાણ કરવાની નોબત આવી

સુરત

ચીન સહિત અન્ય દેશોમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. કોરોના વાયરસની ઈફેક્ટ સુરતના નોન-વેજ બજારમાં વ્યાપક જોવા મળી રહી છે. કોરોના વાયરસના ડરથી ચીકન અને મટન ખાવાનું લોકોએ છોડી દીધું છે. જેને કારણે ચીકન-મટનના ભાવો શેરબજારની જેમ ધડામથી નીચે આવી ગયા છે. રૂા.૧૮૦થી વધુની કિંમત એક કિલો વેચાતુ ચીકન આજે ૭૦ રૂપિયા સુધી પહોંચી ગયું છે. નોન-વેજની લારી-હોટલોની ઘરાકી ઉપર પણ ખાસ્સી અસર પહોંચી છે. દક્ષિણ ગુજરાતના પોલ્ટ્રીફાર્મ ઉદ્યોગ આ કોરોના વાયરસ ઈફેક્ટને કારણે ભયંકર મંદીમાં સપડાય ચૂક્યો છે.

ભૂતકાળમાં બર્ડ બ્લ્યુને કારણે સ્થાનિક કક્ષાના પોલ્ટ્રીફાર્મો ઉપર બુલડોઝર ફરી વળ્યું હતું. ત્યારબાદ આ પોલ્ટ્રી ફાર્મના ધંધામાં કંપનીઓએ ઝંપલાવતા શેરબજાર સોના બજારની જેમ મરઘીના ભાવોમાં સતત ઉછાળો જોવા મળ્યો છે. મરઘી (ચીકન)ના ભાવો શેરબજારની જેમ રોજે રોજ પડે છે. મહિના પહેલા સ્થાનિક બજારમાં એક કિલો ચીકનનો ભાવ ૧૮૦ રૂપિયા સુધી આંબી ગયો હતો. જ્યારે આજે કોરોના વાયરસની ઈફેક્ટને કારણે રૂા.૭૦ થી ૮૦ કિલોનો ભાવ થઈ ગયો છે.

પોલ્ટ્રીફાર્મના માલિક જીગ્નેશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોરોના વાયરસને કારણે મરઘીના ભાવમાં કડાકો બોલી ગયો છે. ૬૦ ટકા જેટલો ભાવ નીચે આવી ગયો છે. લોકોમાં ડરનો માહોલ હોવાથી નોન-વેજ ખાવાનું હાલ તુરંત બંધ કરી દીધું છે. મટન અને ચીકનના વેપારી સાજીદ કુરેશીના જણાવ્યા મુજબ કોરોના વાયરસને કારણે હોલસેલર અને રીટેલર બંને વેપારીઓને વ્યાપક અસર થઈ છે. હવે જોવાનું એ રહેશે કે આ માહોલ ક્યાં સુધી રહેશે.



સીટી બસ માટે બનાવાયેલા બસ સ્ટેન્ડ ઓટો રિક્ષા પાર્કિંગ માટેનો અડ્ડો બની ગયો છે. નવી સિવિલ હોસ્પિટલ ગેટ પાસેના બસ સ્ટેન્ડ બહાર ઓટો રિક્ષા પાર્ક કરી દેવામાં આવી હોવાનું તસ્વીરમાં જણાય છે.

રાજપીપળાથી પેટ્રોલ લઈ જતા કિશોરનું અકસ્માતમાં આગ લાગતા મોત

બે કિશોરો રાજપીપળા થી મો. સા. પર પેટ્રોલ લઈ જતા કુંવરપુરા પાસે બાઈક સ્લીપ થતા આગનો ભડકો થયો જેમાં એક કિશોર દાજી જતા મોત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના ઓરી ગામના રાજપીપળા થી પેટ્રોલ લઈ પરત ફરી રહેલા યુવકનને અકસ્માત નડતા આગ લાગ્યા બાદ દાજી જતા સારવાર દરમિયાન મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર નાંદોદના ઓરી ગામના કિરણ દિનેશભાઇ વસાવા (ઉવ ૧૬)અને મેહિર રાકેશભાઈ માછી (ઉવ ૧૩)ઓરી થી રાજપીપળા પેટ્રોલ લેવા આવ્યા બાદ પેટ્રોલ લઈ પરત જતા રસ્તામાં કુવારપુરા ગામ પાસે તેમની મો.સા.સ્લીપ થઈ જતા પેટ્રોલના કારણે આગનો ભડકો થતા જેમાં કિરણ ગંભીર રીતે દાઝી જતા તત્કાલ રાજપીપળા સિવિલ બાદ વધુ સારવાર માટે વડોદરા એસએસજી લઈ જવાયો હતો જ્યાં સારવાર દરમીયાન તેનું મોત થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી જોઈ પરત ફરતું વડોદરાનું પરિવાર કાર સાથે લાપત્તા : પોલીસનો લોકેશન મેળવવા પ્રયાસ



કલ્પેશ પરમાર પત્ની તૃપ્તિ પરમાર, માતા ઉષા પરમાર અને પોતાનો એક ૯ વર્ષનો છોકરો અને ૭ વર્ષની છોકરી સાથે ગુમ

રવિવારે સ્ટેચ્યુ પર ફરી સાંજે પરત ફર્યું પરંતુ કાર સાથે જ ગુમ થતા કેવડિયા પોલીસ ની શોધખોળ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર રોજના હજારો પ્રવાસીઓ આવતા હોય જેમાં રવિવાર કે અન્ય રજાના દિવસે પ્રવાસીઓ ની સંખ્યા બમણી જોવા મળતી હોય ગત રવિવારે વડોદરા થી આવેલું એક પરિવાર સ્ટેચ્યુ જોયા બાદ પરત ફર્યું પરંતુ ઘરે ન પહોંચતા ક્યાં ગુમ થયું એ બાબતે પરિવાર ના બાકી સભ્યો ચિંતિત હોય હાલ કેવડિયા પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ વડોદરાના નવપરા વિસ્તાર માં રહેતા કલ્પેશભાઈ ચંદુભાઈ પરમાર ગત રવિવાર તારીખ ૧ માર્ચે પોતાની માતા,પત્ની અને બાળકો સાથે કેવડિયા સ્ટેચ્યુ જોવા સફેદ કલરની અલ્ટો કાર નં.GJ 06 KP 7204 લઈ આવ્યું ત્યારબાદ સાંજે લગભગ ૭-૩૦ વાગે ત્યાંથી પરત ફર્યું પરંતુ આ પરિવાર ઘરે ન પહોંચતા કાર સાથેજ ગાયબ હોય આ બાબતે કેવડિયા પો.સ્ટે.માં જાણ કરાતા પોલીસ હાલ સ્ટેચ્યુ તેમજ આસપાસ ના વિસ્તારો માં શોધખોળ કરી તેમના મોબાઈલ નું લોકેશન મેળવવા પ્રયાસ કરી રહી છે.આ ગુમ થયેલ પરિવાર બાબતે કોઈને ભાળ મળે તો કેવડિયા પો.સ્ટે.નો સંપર્ક કરવા જણાવાયું છે.

નર્મદા જિલ્લાનાં ૭૦ થી વધુ ગામોમાં બોર્ડની પરીક્ષા સુધી લગ્ન નહીં રખાય : ગ્રામજનોએ સર્વાનુમતે ઠરાવ કરતા હાલ લગ્નો બંધ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાનાં ૭૦ થી વધુ આદિવાસી ગામના ગ્રામજનો દ્વારા બાળકોના ભવિષ્ય માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ૭૦થી વધુ ગામનાં લોકોએ ઠરાવ કરી બોર્ડની પરીક્ષા પુરી ન થાય ત્યાં સુધી આ ગામોમાં એકપણ લગ્ન પ્રસંગ નહી રખાય.

અગત્યની વાત એ છે કે ગયા વર્ષે જિલ્લામાં શિક્ષણનું સ્તર ખૂબ નીચું જોવા મળ્યું હતું જેના કારણે કેટલાક જાગૃત આદિવાસી આગેવાનોએ બાળકોનું શિક્ષણ ક્યાં બગડે છે એ માટે સર્વે કર્યું જેમાં એમ જોવા મળ્યું કે, સમાજમાં બોર્ડની પરીક્ષા વખતે જ ઘણા લગ્નો આવતા હોવાથી વિદ્યાર્થી ઓ પરીક્ષા પર પૂરતું ધ્યાન આપી શકતા નથી.તેથી આ ગામોનાં લોકોએ પરીક્ષા સમયે લગ્નો બંધ રાખવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો હોય આ ઠરાવના કારણે હાલ આ ગામોમાં લગ્નો થતા નથી.

એક આદિવાસી આગેવાને જણાવ્યું કે ગરુડેશ્વર તાલુકાનાં ગ્રામજનોએ ગત વર્ષે એક મિટિંગ કરી જેમાં વિદ્યાર્થીઓ ના ભવિષ્યને ધ્યાને લઈ આવો નિર્ણય કરવામાં આવ્યો હતો માટે ગ્રામજનો ની સહમતી થી આવો નિર્ણય લઈ ઠરાવ કરતા હાલ લગ્નો બંધ રાખ્યા છે.આવા નિર્ણય બાદ હાલ અગાઉના વર્ષો કરતા ઊંચું પરિણામ આવ્યું છે. જોકે દરેક જિલ્લામાં સમાજ જાગૃત થાય તો શિક્ષણનું સ્તર ચોક્કસ ઊંચું જશે,સરકારે પણ આદિવાસી સમાજ નાં શિક્ષણ માટે ખાસ ધ્યાન આપી દરેક શાળા ઓમાં શિક્ષકોની ભરતી સહિતની જરૂરી સવલતો અને અભ્યાસની દરેક બાબતે ધ્યાન રાખવું જોઈએ.

રાજપીપળાના મચ્છી માર્કેટ વિસ્તારમાં જૂની અદાવતે ધીંગાણું: તલવાર વડે હુમલામાં એક યુવાન ગંભીર



ઈજાગ્રસ્ત યુવાન વિકાસ ભોઈ ની ફાઈલ તસ્વીર

- **ઈજાગ્રસ્ત યુવાનને સુરત સિવિલમાં સારવાર માટે ખસેડાયો જ્યાં તે અર્ધ બેભાન હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે.**
- **નવા ફળિયાના યુવાન ઉપર તલવાર વડે હુમલો થયો જેમાં ત્રણ શખ્સો એ હુમલો કર્યો હોવાની સુરત થી વર્દી મળતા રાજપીપળા પોલીસે આ ત્રણ હુમલાવરોની શોધખોળ આદરી**



સુરત સિવિલ માંથી રાજપીપળા પોલીસ માં વર્દી આવતા તેમાં હુમલો કરનાર ત્રણ યુવાનો પૈકી સુરેશ ગણેશભાઈ કહાર, સોનુ બજરંગભાઈ કહાર અને સતીશ બજરંગભાઈ કહારે તલવાર અને પાઇપ વડે હુમલો કર્યો હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.હાલ રાજપીપળા પોલીસે ત્રણેય હુલાવર યુવાનો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરી ત્રણેયની શોધખોળ શરૂ કરી છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાના મચ્છી માર્કેટ વિસ્તારમાં મંગળવારે સવારે જૂની અદાવતે એક યુવાન ઉપર તલવાર વડે જીવલેણ હુમલો થયો હતો. હુમલામાં યુવાનને ગંભીર ઈજા થતા તાત્કાલિક રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયો હતો પરંતુ તેની હાલત ગંભીર હોય તેને વધુ સારવાર અર્થે સુરત ખસેડવામાં આવ્યા હતો.

મંગળવારે રાજપીપળાના મચ્છી માર્કેટ વિસ્તારમા જૂની અદાવતે ધીંગાણું સર્જાયું જેમાં મામલો બીચકતા વિકાસ રમેશભાઈ ભોઈ (ઉ.વ.૨૭) રહે, નવા ફળીયા, રાજપીપળા, નામના યુવાન પર કેટલાક વ્યક્તિઓ એ હિમલો કર્યો જેમાં તલવાર વડે હુમલો થતા વિકાસને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક રાજપીપળા સિવિલ બાદ સુરત ખસેડાયો હતો.આ ઘટના બાદ વાતાવરણ તંગ બનતા રાજપીપળા મચ્છી માર્કેટ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ઘટના સમયે રાજપીપળામાં તણાવની પરિસ્થિતિ સર્જાઈ હતી ત્યારબાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે શહેરમા પોલીસ ગોઠવી દેવાતા પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે.તલવાર વડે હુમલો થયા બાદ યુવાનને સુરત સિવિલમાં રીફર કરાયો હોય જ્યાં એ અર્ધ બેભાન હાલતમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

મધરાત્રે વાલક ખાડીમાં કાર ખાબકી : બે લોકોનો બચાવ

મોટર કારને કેઈન વડે ખાડીમાંથી કાઢી

સુરત

વરાછા વિસ્તારમાં આવેલા સીમાડા ખાતેની વાલક ખાડીમાં રાત્રિના બે વાગ્યે કાર ખાબકી હતી. ખાડીની પાસે ભયજનક વળાંક આવેલો છે. કાર ચાલકએ વળાંક ન સમજી શક્યો હોય તેમ કાર વાલક ખાડીમાં ખાબકી હતી. જો કે,સદનસીબે કાર ચાલક સહિત અન્ય એકનો આબાદ બચાવ થયો હતો.

અકસ્માત બાદ ખાડીમાંથી કાર ચાલક સહિતનો અન્ય એક વ્યક્તિ સલામત રીતે ઉગરી ગયાં હતાં બાદમાં કારને કેઈર્ન મારફતે બહાર કાઢવામાં આવી હતી. વાલક ખાડી પર તંત્ર દ્વારા ખાડી પૂલ બનાવવાની મંજૂરી આપી દેવામાં આવી છે તેમ છતાં હજુ સુધી કોઈ કામગીરી ન શરૂ કરવામાં આવતાં આ પ્રકારના એક્સિડન્ટ સર્જાઈ રહ્યાં હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. મધરાત્રી વાલક ખાડીમાં કાર ખાબકવાની દુર્ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નથી. અલબત્ત મોટર કારને ઘણું બધુ નુકસાન થયું હોવાનું જાણવા મળે છે.

આઉટર રીંગરોડ ઝેફ-વનનું હજીરાથી સાયણ જંકશન સુધીનું કાળ ગતિમાં

આઉટર રીંગ રોડના કામનું સ્થળ નિરીક્ષણ કરતા કમિશનર

સુરત

ગુજરાત સરકાર દ્વારા સ્થાપના કરવામાં આવેલ સ્પેશીયલ પર્પઝ વેહીકલ(એસપીવી) અર્બન રીંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ૯૦ મીટર પહોળો અને ૨૭.૭૭૪ કિલોમીટર લંબાઈમાં આઉટર રીંગ રોડનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી હાલ ફેઝ-૧ અંતર્ગત હજીરા-સાયણ જંકશનથી કડોદરા જંકશન સુધી કુલ ૧૭.૩૨ કિલોમીટર લંબાઈમાં અને ૪૫ મીટર પહોળાઈમાં આઉટર રીંગરોડની કામગીરી કુલ-૬ પેકેજ હેઠળ રૂ.૪૮૬.૪૪ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. જેમાં ચાર પેકેજ રોડવર્કના છે અને બે પેકેજ સ્ટ્રક્ચરના છે.

ઉપરોક્ત કામે મેનેજીંગ ડીરેકટર, યુઆરડીસીએલ અને કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા શ્રી બંછાનીધિ પાની અને ડીરેકટરશ્રી, યુઆરડીસીએલ અને સી.ઇ.એ. શ્રી, સુડા શ્રી સી.પી. નેમા તેમજ યુઆરડીસીએલના જનરલ મેનેજરશ્રી અને સુડાના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે તા. ૨૮/૦૨/૨૦૨૦ ના રોજ પ્રગતિ હેઠળની કામગીરીની સ્થળ મુલાકાત લીધેલ હતી. જે દરમિયાન મોજે- વેડછા, છેડછા, સણીયા-હેમાદ, કોસમાડા, ખડસડ-પીલોદરા, સીમાડા, મોટાવરાછા, ભરથાણા-કોસાડ ગામોમાંથી પસાર થતાં આઉટર રીંગરોડની રસ્તાના સબ-ગ્રેડની પ્રગતિ હેઠળની કામગીરીનું નિરીક્ષણ કરી હતું. આ ઉપરાંત તાપી નદી પર ચાલી રહેલ વાલક-અબ્રામાને જોડતા પુલની કામગીરી તેમજ આયોજન હેઠળ સરથાણા વિસ્તારમાં ગઢપુર રોડ પર વાહનો માટે અંડરપાસ, સુરત-કામરેજ રોડ પર સાગવાડી પાસે ફલાય-ઓવર બ્રીજ અને સુરત-અમદાવાદ મુખ્ય રેલ્વે-લાઈન ઉપર ભરથાણા-કોસાડ અને કોસાડ ગામને જોડતો રેલ્વે-ઓવરબ્રીજની કામગીરીની માહિતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાથે-સાથે મેનેજીંગ ડીરેકટર, યુઆરડીસીએલ અને કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા શ્રી બંછાનીધિ પાનીએ હાજર રહેલ અધિકારીશ્રીઓને જે જગ્યાના કન્જા મેળવવાના બાકી છે તે તાકીદે મેળવી તેમજ આ કામગીરી પૂરજોશમાં હાથ ધરી સમયસર પૂરી થાય તે માટે તાકીદ કરી હતી. જેથી સુરત શહેર અને આજુબાજુના વિસ્તારોને જોડતો આઉટર રીંગરોડનો મહત્વકાંક્ષી પ્રોજેકટ વહેલીતકે સાકાર થાય. જે થકી શહેરીજનોને વાહન-વ્યવહાર અને અવર-જવર માટે સુવિધા ઉપલબ્ધ થાય અને આ વિસ્તારનો ઝડપી વિકાસ થાય.

તાપી નદીમાં રેતીખનન પર પ્રતિબંધ મૂક્યા બાદ નવ વર્ષે સરકારે મંજૂરી આપતા વિવાદ

તાપી

તાપી નદીમાં રેતી ખનન પર મુકવામાં આવેલા પ્રતિબંધ વિસ્તારમાં જ સરકાર દ્વારા નવ વર્ષ બાદ ચાર માસ માટે રેતી ખનન માટેની મંજૂર આપતા નવો વિવાદ ઉભો થયો છે. કામરેજના ભૈરવ ગામ ખાતે રેતી ખનન માટે ૨૦૧૧ માં ફાળવવામાં આવેલ બ્લોક નંબર એલ-૬ ના બિલ્ડરે તે વખતે ચોમાસાના ચાર માસ દરમિયાન રસ્તો ન મળવાને કારણે રેતી ખનન બંધ રહ્યુ હતુ. તે કારણ દર્શાવીને સરકાર પાસે વધુ ચાર માસની રેતી ખનનની મંજૂરી ૨૦૧૧માં માગી હતી.

રાજ્ય સરકાર દ્વારા રેતી ચોરીને અટકાવવા માટે નદીમાં બ્લોક પાડીને તેમાં રેતી ખનન કરવા હરાજીથી ફાળવણી કરવાનુ નક્કી કર્યુ હતુ. જે મુજબ ૨૦૧૧માં તાપી નદીમાં ૧૬ બ્લોક પાડવામાં આવ્યા હતા.

હરાજીથી આ બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી ત્યારે કામરેજના ભૈરવ ગામનો બ્લોક નંબર એલ-૬ સૌથી ઉંચી બોલી રૂ. ૧.૩૧ કરોડ બોલવાને પગલે જયંતી હરસોરાને ફાળવવામાં આવ્યો હતો.

જેમાં જયવિહોત દ્વારા આ બ્લોક માટેની સૌથી ઉંચી બોલી રૂ. ૩૬.૯૨ કરોડ બોલવામાં આવી હતી. જો કે ત્યારે વિવાદ થતા ફાળવણી અટકી પડી હતી. અત્યારે આ નદીમાં રેતી ખનન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ત્યારે સરકારે આ રીતે મંજૂરી આપતા વિવાદ થયો છે.

બોર્ડ પરીક્ષા સ્લીપમાં

મહાવીર સ્કુલનું સરનામુ ભૂલથી અઠવા લખાયું છે

સુરત

આગામી માર્ચ-૨૦૨૦માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા સુરત જિલ્લામાં લેવાનાર છે. જેમાંનું એક પરીક્ષા કેન્દ્ર ભગવાન મહાવીર ઈન્ટરનેશન સ્કુલ છે. જેનું સરનામું વિદ્યાર્થીઓની હોલટીકીટમાં ''અઠવા'' લખાયું છે. જેનું સાચુ સરનામું ન્યુ વી.આઈ.પી.રોડ, શ્યામ મંદિરની આગળ, ભરથાણા-વેસુ, સુરત છે. જેથી તમામ શાળા, વિદ્યાર્થી,વાલીઓએ ધ્યાને લેવા સુરત જિલ્લા શિક્ષાણાધિકારીની યાદીમાં જણાવાયું છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850


ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

ફ્રીં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬